ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.
ઈતિહાસ : પેપર - ૦૪

# સલ્તનત કાલીન ઈતિહાસ

(ઈ.સ.૧૩મી થી ઈ.સ.૧૫મી સદી સુધી)
(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 5

## સમાજ અને સંસ્કૃતિ : 13મીથી 15મી સદી સુધી
## (Society and Culture : 13th to 15th Century)


એકમ 29

સામાજિક-ધાર્મિક આંદોલન : ભક્તિ આંદોલન 7
(Socio-Religious Movement : Bhakti Movement)

એકમ 30

સામાજિક-ધાર્મિક આંદોલન : સૂફી આંદોલન
(Socio-Religious Movement : Sufi Movement) 20

એકમ 31

દિલ્હી સલ્તનત દરમિયાન કલા અને સ્થાપત્ય 31
(Art and Architecture of Delhi Sultanate)

એકમ 32

પ્રાદેશિક રાજ્યોમાં કલા-સ્થાપત્ય (Art and Architecture of Regional States) 51

એકમ 33

ભાષા-સાહિત્ય (Language and Literature) 66

એકમ 34

જીવનપદ્ધતિ અને લોકભોગ્ય સંસ્કૃતિ (Lifestyle and Popular Cultures) 79

કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) 92

## Expert Committee


Prof. K.N. Panikkar (*Chairman*)
Prof. B.D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parasher Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A.R. Khan

Prof. Kapil Kumar (*Convenor*)
IGNOU, New Delhi


## Course Preparation Team


Prof. Kapil Kumar
Ms. Mira Rai
Ms. Sangeeta Pandey
Dr. Abha Singh } **Course Coordinators**
Dr. Ahmad Raza Khan }


## Block Preparation Team


| Unit. No. | Contributors | Faculty Members, IGNOU |
|---|---|---|
| 29, 30 | Mr. R. Bahuguna<br>Motilal Nehru College<br>University of Delhi<br>Delhi | Dr. A.R. Khan |
| 31, 32 | Dr. Ravindra Kumar<br>Deptt. of History<br>M.S. University of Baroda | Dr. Abha Singh<br>Dr. A.R. Khan |
| 33 | Mr. R. Bahuguna<br>Motilal Nehru College<br>University of Delhi<br>Delhi | Ms. Sangita Pandey |
| 34 | Dr. Ratnabali Chatterjee<br>Deptt. of Islamic History<br>and Culture<br>Calcutta University<br>Calcutta | Dr. Abha Singh |

**Course Editor**
Prof. A. Jan Qaisar
Centre of Advanced Study in History
A.M.U., Aligarh



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

**અનુવાદ :**

પ્રો. આર. કે. ધારૈયા — 21, પ્રશાન્ત પાર્ક,
સ્નેહનગર પાસે, પાલડી,
અમદાવાદ

**પરામર્શ (વિષય) :**

પ્રો. કે. સી. બારોટ — પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા,
અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

ડૉ. એન. એલ. પઢિયાર — પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા,
અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી. કે મહેતા — નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ

**સંયોજન સહાય :**

શ્રી એસ. એચ. બારોટ — મદદનીશ દુબસચિવ
શ્રી ડી. આઇ. શાસ્ત્રી — કાર્યાલય અધીક્ષક
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ


**પ્રકાશક**
**કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**


**શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર**
**મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# સમાજ અને સંસ્કૃતિ : 13મીથી 15મી સદી સુધી (Society and Culture : 13th to 15th Century)

આ પહેલાંના વિભાગમાં તમે તુર્ક સુલતાનોની ભારતમાંની રાજકીય, વહીવટી અને આર્થિક વ્યવસ્થાની જાણકારી મેળવી છે. વળી ભારતમાં સલ્તનત સત્તાની પડતી કઈ રીતે થઈ અને પ્રાદેશિક રાજ્યોનો ઉદ્‌ભવ કઈ રીતે થયો તે વિષે પણ તમે શીખી ગયા છો. આ વિભાગ(8)માં 13થી 15મી સદી સુધીના સમાજ અને સંસ્કૃતિ વિષેનો અભ્યાસ કરીશું.

એકમ 29 અને 30માં ભારતમાં આ સમય દરમિયાન ઉદ્‌ભવેલ સામાજિક-ધાર્મિક આંદોલનોને આવરી લેવામાં આવ્યાં છે. એકમ 29માં ભક્તિ-આંદોલનનો ઉદ્‌ભવ, તેનાં વિશિષ્ટ લક્ષણો, વિવિધ ભક્તિમાર્ગો, તેમની સાથે સંકળાયેલા સંતો વગેરેનું વિવરણ કરવામાં આવ્યું છે. વળી આ એકમમાં ઇસ્લામ સહિત અન્ય વિચારસરણીઓએ ભક્તિ-આંદોલન પર કરેલી અસરોને પણ લક્ષમાં લેવામાં આવી છે.

એકમ 30માં મુસ્લિમ ધાર્મિક આંદોલન–સૂફીવાદની પણ ચર્ચા કરવામાં આવી છે. સૂફીવાદનાં નોંધપાત્ર લક્ષણો, અન્ય દેશો અને ભારતમાં તેનો વિકાસ, ભારતમાં અસ્તિત્વમાં આવેલા સૂફીવાદના જુદા જુદા સિલસિલાહ (પંથો) વગેરેની પણ સમીક્ષા કરવામાં આવેલી છે. તેમાં ચિશ્તી અને સુહરાવર્દી સિલ-સિલાહ મુખ્ય હતા. વળી ભારતીય સમાજ ઉપર સૂફીવાદે કરેલી અસર તેમ જ તેણે ભારતમાં સાંસ્કૃતિક સમન્વય સાધવામાં આપેલ પ્રદાનનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

એકમ 31માં 13થી 15મી સદી દરમિયાન ભારતમાં વિકસેલ ભાષાઓ અને સાહિત્ય પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં અરબી, ફારસી, ઉર્દૂ, હિંદી, મરાઠી, અવધિ, કન્નડ, તેલુગુ, તામિલ અને સંસ્કૃત ભાષાઓ અને તેમાં લખાયેલ સાહિત્યની ખાસ નોંધ કરવામાં આવેલી છે.

એકમ 32 તથા 33માં 13થી 15મી સદી સુધીના સલ્તનત યુગના કલા-સ્થાપત્યનો સમાવેશ કરવામાં આવેલો છે જેમાં એકમ 32માં સલ્તનત યુગના કલા-સ્થાપત્ય પાછળના સિદ્ધાંતની તથા એકમ 33માં પ્રાદેશિક રાજ્યોના કલા-સ્થાપત્યના વિકાસનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ બન્ને એકમોમાં સ્થાપત્યના પ્રકાર, તેનાં લક્ષણો, અમુક જાહેર મકાનો અને સ્મારકો, ચિત્રકલા, સંગીત, લેખનકળા વગેરેની વિગતો આપવામાં આવી છે.

અંતિમ એકમ 34માં સલ્તનત સમયના વર્ગો જેવા કે ઉમરાવો, ઉલેમાઓ, વેપારીઓ, કારીગરો, ખેડૂતો વગેરે તેમ જ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને મનોરંજનનાં સાધનો અને રીતોનું પણ વિવરણ કરવામાં આવ્યું છે.

# એકમ 29 સામાજિક-ધાર્મિક આંદોલન : ભક્તિ આંદોલન (Socio-Religious Movement : Bhakti Movement)

## રૂપરેખા


29.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

29.1 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન

29.2 ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય

29.3 ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનના ઉદયનાં પરિબળો

29.3.1 ભક્તિ આંદોલનના ઉદ્‌ભવનાં રાજકીય પરિબળો

29.3.2 ભક્તિ આંદોલનના ઉદ્‌ભવનાં સામાજિક-આર્થિક પરિબળો

29.4 મુખ્ય લોકભોગ્ય આંદોલનો તથા તેમનાં લક્ષણો

29.4.1 ઉત્તર ભારતનાં એકેશ્વરવાદી ભક્તિ આંદોલનો

29.4.2 એકેશ્વરવાદી ભક્તિ આંદોલનનાં સામાન્ય લક્ષણો

29.4.3 ઉત્તર ભારતમાં વૈષ્ણવ ભક્તિ આંદોલન

29.4.4 બંગાળમાં વૈષ્ણવ ભક્તિ આંદોલન

29.4.5 મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલન

29.4.6 અન્ય પ્રદેશોમાં ભક્તિ આંદોલન

29.5 ભક્તિ આંદોલન પર પુરોગામી પ્રણાલિકાઓ અને પંથોની અસરો

29.5.1 એકેશ્વરવાદી સંતો પર નાથપંથી ચળવળની અસર

29.5.2 ભક્તિ આંદોલન પર ઇસ્લામ અને સૂફીવાદની અસર

29.5.3 હિંદુ ધર્મને ઇસ્લામનો પડકાર

29.6 સારાંશ

29.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

29.8 ચાવીરૂપ શબ્દો


## 29.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

ભારતમાં તુર્કોના આગમન પહેલાં ઈશ્વર અને વ્યક્તિના રહસ્યમય મિલન ઉપર ભાર મૂકતું ભક્તિ આંદોલન ઘણા સમયથી ભારતમાં પ્રચલિત હતું. ધાર્મિક દૃષ્ટિએ ભક્તિ એટલે ભક્તિ-ભાવપૂર્વક મોક્ષપ્રાપ્તિ માટે ઈશ્વરને સર્વસ્વ સમર્પણ કરવાની ભાવના. તેનું મૂળ વેદોમાં વર્ણવાયેલ એકેશ્વરવાદ તેમ જ બૌદ્ધ પરંપરામાં રહેલું છે. પરંતુ તેના તાત્ત્વિક ખ્યાલનું સ્પષ્ટ નિરૂપણ ઉપનિષદમાં થયેલું છે, જેને પાછળથી ઈશ્વર પ્રત્યે પ્રેમ અને ભક્તિના સ્વરૂપમાં ગીતામાં વિશેષ મહત્ત્વ અપાયું. જ્યારે લગભગ 6ઠ્ઠી કે 7મી સદીમાં રચાયેલ શ્રીમદ્‌ ભાગવત પુરાણમાં ઉચ્ચ કક્ષાએ ભક્તિ આંદોલનની વિચારધારા અને તેનાં વિવિધ સ્વરૂપનું વિગતવાર વિવરણ કરવામાં આવ્યું છે.

વળી ભારતમાં બૌદ્ધ ધર્મની લોકપ્રિયતાની સાથે મૂર્ત સ્વરૂપમાં ઈશ્વરની ભક્તિનો ખ્યાલ વિકાસ પામ્યો, જ્યારે ગુપ્તયુગમાં રામાયણ અને મહાભારતનું પુનર્લેખન થતાં જ્ઞાન અને કર્મમાર્ગની સાથે ભક્તિ-માર્ગનો પણ મોક્ષના એક સાધન તરીકે સ્વીકાર કરવામાં આવ્યો.

પરંતુ ભક્તિ આંદોલનનો વાસ્તવિક અર્થમાં વિકાસ દક્ષિણ ભારતમાં ઈ.સ. 7મીથી 10મી સદી દરમિયાન થયો. આ સમય દરમિયાન તેણે ફક્ત ધાર્મિક માન્યતાને બદલે લોકપ્રિય આંદોલનનું સ્વરૂપ પકડ્યું, જે ધાર્મિક સમાનતા અને વિશાળ સામાજિક એકતાના ભાગરૂપ હતું, જેને સંત કવિઓએ દોરવણી આપતાં આ આંદોલન 10મી સદીમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું.

દક્ષિણ ભારતમાં મહાન સંત સુધારક શંકરાચાર્યની અદ્વૈતવાદ, જ્ઞાનમાર્ગ તથા ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપની ફિલસૂફી સામે મધ્યયુગમાં પ્રત્યાઘાત સ્વરૂપે ભક્તિ આંદોલન શરૂ થયું. તેમનો આ દાર્શનિક માર્ગ સામાન્ય જનસમુદાય સમજી શક્યો નહિ. તેથી મધ્યયુગના સંતો-મહાત્માઓ તથા વિદ્વાનોએ શંકરાચાર્યના મતનું ખંડન કરી દ્વૈતવાદ, ભક્તિમાર્ગ અને ઈશ્વરના સગુણ સ્વરૂપનો બહોળો પ્રચાર કર્યો,

જેના 11મી સદીમાં થઈ ગયેલા રામાનુજ આ સૈદ્ધાંતિક અને તાત્ત્વિક આંદોલનની શરૂઆત કરનાર અગ્રેસર બન્યા.

આમ 13મી સદીની શરૂઆતમાં સ્થપાયેલી દિલ્હી સલ્તનત દેશના વિવિધ ભાગોમાં વિસ્તૃત રીતે પ્રસરેલા સામાજિક-ધાર્મિક સુધારણાના આંદોલનનું સાક્ષી બન્યું. સલ્તનત યુગ દરમિયાન વિકસેલાં આ આંદોલનો અગાઉના દક્ષિણ ભારતનાં આંદોલનોના કાં તો સાતત્યરૂપ હતા અથવા તો તેઓ પુનરુત્થાન પામ્યા હતા. જોકે આ બધાં જ આંદોલનો તેમ જ તેને દોરવણી આપનાર સંતોની કેટલીક આગવી લાક્ષણિકતાઓ હતી તેમ જ તેમને પોતાના વિશિષ્ટ ખ્યાલો હતા.

આ બધામાં નિર્મળ ભવિષ્યના સ્વપ્નદૃષ્ટા કબીર તેમના આગવા સામાજિક ખ્યાલો, ઉચ્ચ આદર્શો તેમ જ ઈશ્વર અને ભક્તિ વિશેના તેમના ઉમદા વિચારોથી અન્ય સંતોથી અનન્ય રીતે જુદા તરી આવે છે. આમાં સલ્તનત યુગ દરમિયાન ભારતના વિવિધ ભાગોમાં વિકસેલાં ભક્તિ આંદોલનોના કેટલાક મૂળભૂત તફાવતો, કેટલીક આગવી વિશેષતાઓ તેમ જ તેમનામાં રહેલું સામ્ય અને વિવિધતાઓને ઉપસાવવાનો આશય રહેલો છે, જેથી દરેકનું અલગ અલગ નિરૂપણ કરવું જરૂરી ગણાય.

## 29.1 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન

ઈ.સ. 7મી થી 10મી સદી દરમિયાન દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનનો પ્રચાર કરનાર શૈવ નાયણારો અને વૈષ્ણવ આલ્વારો નામના સંતો હતા. આમાંના કેટલાક સંતો નીચલા વર્ણમાંથી આવેલ હતા તો કેટલીક સ્ત્રીઓનો પણ આમાં સમાવેશ થતો હતો. આ વિષ્ણુભક્ત આલ્વારોની સંખ્યા 'બાર'ની ગણાય છે જેઓ બ્રાહ્મણ, સ્ત્રી, લૂંટારુ, ક્ષત્રિય અને પનાર નામની અંત્યજ જાતિના હતા. તેમની ભક્તિનું સ્વરૂપ સાદું, ધાર્મિક અને ભાવનાશીલ હતું. તેમણે ઈશ્વર પ્રત્યેની સાદી ભક્તિ, સાદી પ્રાર્થના અને ઈશ્વરના સગુણ સ્વરૂપ પર ભાર મૂક્યો. આ સંતપુરુષોના ઉપદેશનો આશય ભાવાત્મક શિષ્ટાચાર અને ધાર્મિક સમતાવાદને પ્રોત્સાહન આપવાનો હતો.

દક્ષિણ ભારતના આ શિવભક્ત નાયણારો તથા વિષ્ણુભક્ત આલ્વારોએ જ્ઞાતિપ્રથાના કડક નીતિનિયમો તેમ જ ઊંચનીચના ભેદભાવોની પરવા કર્યા વગર ઈશ્વર પ્રત્યેની અનન્ય ભક્તિ અને પ્રેમનો સંદેશ દક્ષિણ ભારતના વિવિધ ભાગોમાં ફેલાવ્યો. આ માટે તેમણે સંસ્કૃતને બદલે તામિલ ભાષાનો ઉપયોગ કર્યો. આ સંતકવિઓએ વૈષ્ણવ ભક્તિમાર્ગના નિચોડને તામિલ સ્તોત્રોમાં ઉતારી તે સ્તોત્રોને લોકહૃદયમાં રમતા કર્યા. તેમણે પોતાનાં પદોમાં શ્રીકૃષ્ણનાં ચરિત્રોનું આર્દ્ર હૃદયે ચિત્રણ કર્યું. આ સ્તોત્રો અત્યંત મધુર, રસસભર અને ભાવવાહી હોવાથી લોકહૃદયના ધબકાર સમા બની ગયા. આમ દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન ખૂબ જ લોકપ્રિય બન્યું અને તેને વિશાળ સમાજનો આધાર મળ્યો.

બીજી બાજુએ, સંતપુરુષોના ભક્તિમાર્ગના પ્રચારથી શુષ્ક બની ગયેલા ધર્મમાં નવો પ્રાણ પુરાયો અને ભક્તિની ગંગા વહેતી થઈ, જેથી સંતપુરુષો સમાજને ધર્મ-ભક્તિના તાંતણે બાંધી સુદૃઢ અને એકત્રિત કરવાને સમર્થ બન્યા તેમ જ રૂઢિચુસ્ત બ્રાહ્મણોનો સામનો કરવાને શક્તિમાન બન્યા. જોકે દક્ષિણ ભારતના આ સંતપુરુષોની કેટલીક મર્યાદાઓ હતી. તેમણે સમાજની પ્રણાલિકાને સાચવીને ભક્તિનો ઉપદેશ આપ્યો. તેમણે સામાજિક કક્ષાએ બ્રાહ્મણ ધર્મ, વર્ણ કે જ્ઞાતિપ્રથાનો પ્રત્યક્ષ વિરોધ કર્યો નથી, જેથી નીચલા વર્ણના લોકો જુદી જુદી સામાજિક નિર્બળતાઓનો ભોગ બનતા રહ્યા. તેમણે ભક્તિને ઉપાસનાના એક ઊંચા પ્રકાર તરીકે સ્વીકાર્યો. તેમ છતાં તેમણે બ્રાહ્મણોના કર્મકાંડ જેવા કે મૂર્તિપૂજા, વૈદિક મંત્રો, તીર્થાટન વગેરેનો ત્યાગ કર્યો ન હતો. જોકે તેમનો મૂળ આશય બૌદ્ધ અને જૈન ધર્મનું ખંડન કરવાનો હતો. તેથી જ બ્રાહ્મણ ધર્મના પ્રભુત્વવાળાં મંદિરોએ દક્ષિણ ભારતના ભક્તિ આંદોલનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું. વળી ઉપર જણાવ્યા પ્રમાણે દક્ષિણ ભારતના સંતપુરુષોએ જ્ઞાતિપ્રથાના સૈદ્ધાંતિક અને સામાજિક માળખાનો વિરોધ કર્યો નથી, જેથી પ્રચલિત જ્ઞાતિપ્રથામાં કોઈ પરિવર્તન આવ્યું નહિ. સમય જતાં આ ભક્તિ આંદોલન બ્રાહ્મણ ધર્મમાં વિલીન થઈ ગયું. દક્ષિણ ભારતના આ આંદોલનની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તે ધાર્મિક સમાનતા સ્થાપવામાં અગ્રેસર બન્યું. તેણે જનતાને ધર્માભિમુખ બનાવી. જેના પરિણામે બ્રાહ્મણોને નીચલા વર્ણના ધાર્મિક અધિકારો જેવા કે પ્રાર્થના, ભક્તિ તેમ જ વેદોના અધ્યયનના અધિકારનો સ્વીકાર કરવો પડ્યો.

**દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનના આચાર્યો :** દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનનો ઉદ્‌ભવ કરવાનું શ્રેય શૈવ સંત નાયણારો તથા વૈષ્ણવ સંત આલ્વારોને ફાળે જાય છે. મધ્યયુગના ભક્તોને શંકરાચાર્યની અદ્વૈતવાદ(બ્રહ્મ સત્ય, જગત મિથ્યા)ની ફિલસૂફી સમજાઈ નહિ. તેથી આ સંતોએ શંકરાચાર્યના માયાવાદનું ખંડન કરીને ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. તેઓએ ક્રિયાકાંડોનો વિરોધ કર્યો અને શુદ્ધ ભક્તિ-

માર્ગનો પ્રચાર કર્યો. તેઓએ દક્ષિણ ભારતના રાજાઓની રાજસભામાં મહત્ત્વનું સ્થાન ધરાવતા બૌદ્ધ તથા જૈન પંડિતોની ફિલસૂફીની પણ ટીકા કરી અને સરળ ભક્તિમાર્ગનો બોધ કર્યો.

**રામાનુજાચાર્ય** : આ સંતોમાં દક્ષિણ ભારતમાં ભક્તિમાર્ગનો પ્રથમ પ્રચાર કરનાર વૈષ્ણવ આચાર્ય રામાનુજાચાર્યનું સ્થાન મહત્ત્વનું છે. રામાનુજાચાર્યે (11મી સદી) રૂઢિચુસ્ત બ્રાહ્મણવાદ અને લોકપ્રિય ભક્તિમાર્ગ વચ્ચે સમતુલા જાળવીને સામાન્ય લોકોને ભક્તિમાર્ગે પ્રેર્યા. જોકે તેમણે નીચલી જ્ઞાતિઓના લોકોના વેદાધિકારને ટેકો ન આપ્યો, તોપણ તેમણે શૂદ્રો સહિત નીચલા થરના બધા જ લોકો માટે ભક્તિમાર્ગની હિમાયત કરી. તેમણે નાતજાત કે જ્ઞાતિના ભેદભાવ વગર ભક્તિનો પ્રચાર કર્યો એટલું જ નહિ પણ તેમણે અસ્પૃશ્યતા નાબૂદ કરવાના પણ પ્રયત્નો કર્યા. શ્રી રામાનુજાચાર્યે મૂળ ધાર્મિક ગ્રંથોના આધાર ઉપર વિશિષ્ટાદ્વૈતવાદ(ઈશ્વરથી અલગ રહેલા જીવનું ઈશ્વર સાથે મિલન)ની સ્થાપના કરી. આમ રામાનુજાચાર્યે લોકોને ભક્તિના સરળ માર્ગે ધર્માભિમુખ કરવાનું ભગીરથ કાર્ય કર્યું.

બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મને અનુસરનાર ઘણા લોકો પણ તેમના અનુયાયીઓ બન્યા. જોકે રામાનુજાચાર્યે જ્ઞાતિપ્રથાનો વિરોધ ન કર્યો તોપણ તેમણે ઊંચનીચના ભેદભાવો સામે વિરોધ વ્યક્ત કરીને સામાજિક એકતા સ્થાપવાનો પ્રયત્ન કર્યો.

**નિંબાર્ક** : દક્ષિણના તૈલંગ બ્રાહ્મણ નિંબાર્ક રામાનુજના લગભગ સમકાલીન સંત હતા. તેમણે પણ રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. તેમણે પણ વિષ્ણુભક્તિનો પ્રચાર કર્યો. તેમણે મથુરા પાસે વૃંદાવન(વ્રજભૂમિ)માં ઘણો સમય ગાળ્યો. તેમણે રાધાકૃષ્ણની ભક્તિ ઉપર ભાર મૂક્યો અને તેને આત્મા અને દેહના મિલન રૂપે ગણાવી. આમ તેમણે પ્રેમલક્ષણા ભક્તિનો ઉપદેશ આપ્યો.

**માધવાચાર્ય** : 13મી સદીમાં દક્ષિણ ભારતમાં થઈ ગયેલા માધવાચાર્યે કૃષ્ણભક્તિનો ઉપદેશ આપ્યો. તેમણે મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિને આવશ્યક ગણાવ્યાં. તેમની વિચારસરણીનો આધાર કૃષ્ણના જીવનનું વર્ણન કરતું ભાગવતપુરાણ હતું. તેમણે શૂદ્રોને પણ ભક્તિમાર્ગમાં સામેલ કર્યા. તેમણે ઉત્તર ભારતમાં બહોળો પ્રવાસ કરીને લોકોને ભક્તિમાર્ગનો ઉપદેશ આપ્યો.

મૂળ દક્ષિણ ભારતના બે વિખ્યાત વૈષ્ણવ આચાર્યો—રામાનંદ અને વલ્લભાચાર્ય—એ બહુધા પોતાનું જીવન ઉત્તર ભારતમાં વ્યતીત કર્યું અને ત્યાં જ ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. તેથી તેમને લગતી ચર્ચા ઉત્તર ભારતના ભક્તિ આંદોલનના વિભાગમાં કરવામાં આવી છે.

## 29.2 ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય

ઉત્તર ભારત, પૂર્વ ભારત અને મહારાષ્ટ્રમાં સલ્તનત સમય (13થી 15મી સદી) દરમિયાન સામાજિક-ધાર્મિક આંદોલનો થયાં. તેમણે ભક્તિ અને માનવસમાનતા ઉપર ભાર મૂક્યો. ઉત્તર ભારતનું ભક્તિ આંદોલન દક્ષિણ ભારતના આંદોલનના પૂરકરૂપ હતું. એ રીતે રામાનંદ એ રામાનુજાચાર્યના ભક્તિમાર્ગના તત્ત્વજ્ઞાન સાથે સંકળાયેલા હતા અને બંગાળના ચૈતન્યએ શરૂ કરેલ કૃષ્ણભક્તિ આંદોલન એ માધવાચાર્યના ભક્તિમાર્ગના સાતત્યરૂપ કહી શકાય. વળી બંગાળનો ભક્તિમાર્ગ નિંબાર્કની કૃષ્ણભક્તિની ફિલસૂફી પર આધારિત કહી શકાય.

આમ, ઉત્તર ભારતની ભક્તિ આંદોલનની પ્રણાલિકા એકેશ્વરવાદી ચળવળના પ્રણેતા કબીર, નાનક વગેરેને બાદ કરતાં બાકીના દક્ષિણ ભારતના સંતોની ભક્તિ-પ્રણાલિકા સાથે મળતી આવે છે. બંનેએ નીચલા થરના લોકોને ભક્તિમાર્ગે પ્રેર્યા. જ્ઞાતિના ભેદભાવોનો વિરોધ કર્યો. પરંતુ જ્ઞાતિપ્રથાનો સ્વીકાર કર્યો અને ક્રિયાકાંડોનો વિરોધ કરવા છતાં બ્રાહ્મણ ધર્મગ્રંથોને માન્ય કર્યા.

બંને વચ્ચે ઉપરોક્ત સમાનતા હોવા છતાં ઉત્તર ભારતનું ભક્તિ આંદોલન દક્ષિણ ભારતના ભક્તિ આંદોલન કરતાં કેટલીક બાબતોમાં ભિન્ન હતું તથા ઉત્તર ભારતનાં ભક્તિ આંદોલનો પણ એકબીજાથી ભિન્ન હતાં. ઉત્તર ભારતના દરેક આંદોલનને પોતપોતાની પ્રાદેશિક સંસ્કૃતિની વિશિષ્ટતાઓ હતી તથા ભક્તિ વિશેના ખ્યાલમાં પણ ભિન્નતા હતી. દા.ત. એકેશ્વરવાદી કબીર, નાનક વગેરે ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપમાં માનતા હતા, જ્યારે એકેશ્વરવાદી ચૈતન્ય, વલ્લભાચાર્ય વગેરે ઈશ્વરના સગુણ સ્વરૂપમાં શ્રદ્ધા રાખતા હતા. તેથી તેઓ મૂર્તિપૂજાના હિમાયતી હતા. તે જ રીતે મહારાષ્ટ્રના ભક્તસંતોનો ભક્તિ વિશેનો ખ્યાલ બંગાળના ભક્તસંતોના ખ્યાલથી ભિન્ન હતો. આમ કબીર, નાનક વગેરેએ ચલાવેલ ભક્તિ આંદોલન; ચૈતન્ય, વલ્લભાચાર્ય, મીરાંબાઈ વગેરેએ પ્રવર્તમાન કરેલ ભક્તિ આંદોલન તથા મહારાષ્ટ્રમાં

કરવામાં આવેલ ભક્તિ આંદોલનનું ધ્યેય એક જ હોવા છતાં તેમની પદ્ધતિઓમાં તફાવત હતો અને ઘણી વખત તો તેમની વચ્ચે વિખવાદ પણ થતા. પણ તેમાંથી પણ ધર્મ અને ભક્તિનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થતું.

**'તમારી પ્રગતિ ચકાસો' – ક**

(1) દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનના નાયણારો અને આલ્વારોના પ્રદાનનો ખ્યાલ આપો.

(2) ઉત્તર ભારતના ભક્તિ આંદોલનનાં મુખ્ય લક્ષણો જણાવો.

(3) નીચેના દરેક વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો :

(i) રામાનુજાચાર્ય

(ii) માધવાચાર્ય

(iii) નિંબાર્ક

(iv) ઈશ્વરનું નિર્ગુણ અને સગુણ સ્વરૂપ

## 29.3 ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનના ઉદયનાં પરિબળો

ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનના ઉદ્ભવનાં ઘણાં કારણો હતાં. તેમાંના રાજકીય, સામાજિક-આર્થિક, ધાર્મિક વગેરે પરિબળો વિશેષ મહત્ત્વનાં હતાં. આ ભક્તિ આંદોલને લોકો ઉપર ઘણી વ્યાપક અસર કરી હતી.

### 29.3.1 ભક્તિ આંદોલનના ઉદ્ભવનાં રાજકીય પરિબળો

ભારતમાં તુર્કી શાસન(દિલ્હી સલ્તનત)ની સ્થાપના પહેલાં ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય થયો ન હતો, કારણ કે રાજ્ય અને સમાજ રજપૂતો અને બ્રાહ્મણોના વર્ચસ્વ હેઠળ હતાં. તેથી તેઓ જેને રૂઢિગત ધાર્મિક માન્યતાઓ કહી શકાય તેની સામેની કોઈ પણ ચળવળના વિરોધી હતા. પરંતુ તુર્ક શાસનની સ્થાપનાએ સમાજ અને રાજ્ય ઉપરના બ્રાહ્મણ અને રજપૂતના વર્ચસ્વનો અંત આણ્યો. આમ તેમણે જ્ઞાતિ તેમ જ બ્રાહ્મણોની સર્વોપરિતાની વિરુદ્ધની ચળવળનો માર્ગ મોકળો કર્યો. વળી, તુર્કી

સુલતાનોએ મંદિરોની દોલત લૂંટી. આથી બ્રાહ્મણોનું મંદિર તેમ જ સમાજ પરનું પ્રભુત્વ ઓછું થયું. પરિણામે બ્રાહ્મણોને આર્થિક તેમ જ વિચારાત્મક દૃષ્ટિએ સહન કરવું પડ્યું, જેમાંથી ઉત્તર ભારતની ભક્તિમાર્ગને લગતી ઘણીખરી ચળવળોનો ઉદય થયો. આમાં સૌથી પ્રથમ મહારાષ્ટ્રમાં થયેલી નાથપંથી ચળવળ કહી શકાય.

### 29.3.2 ભક્તિ આંદોલનના ઉદ્ભવનાં સામાજિક-આર્થિક પરિબળો

સામાન્યતઃ એવી દલીલ કરવામાં આવે છે કે સામંતશાહી ત્રાસની સામે મધ્યયુગનું ભક્તિ આંદોલન એ લોકલાગણીનું પ્રતિબિંબ હતું. કબીર, નાનક, ચૈતન્ય વગેરેના ભક્તિ-સંગીતોમાં સામંતવાદ વિરોધી તત્ત્વો આવી દલીલ કરનારને માલૂમ પડે છે. પરિણામે ભારતના મધ્યયુગી ભક્તિ આંદોલનને કેટલાક લેખકો યુરોપના પ્રોટેસ્ટન્ટ આંદોલન સમાન ગણે છે. પરંતુ આ મંતવ્ય યોગ્ય નથી. કારણ કે ઉપરોક્ત સંતોનાં કાવ્યોમાં સામંતો સામેના તથા ખેડૂતોની તરફેણના કોઈ નિર્દેશો મળતા નથી.

વાસ્તવિક હકીકત તો એ છે કે આ સંતોએ રૂઢિચુસ્ત બ્રાહ્મણવાદની સામે ધાર્મિક તેમ જ સામાજિક એકતા સ્થાપવા માટે આંદોલન કર્યું. ખરેખર તો તેઓએ પણ હિંદુ ધર્મની લાક્ષણિકતાઓ જેવી કે જ્ઞાતિવાદ, બ્રાહ્મણ ધર્મ વગેરેના મૂળભૂત સિદ્ધાંતોનો વિરોધ કર્યો નથી તેમ જ તેઓએ કોઈ શાસકો સામે પણ બળવો પોકારવાનો ઉપદેશ આપ્યો નથી. આમ ભારતના ભક્તિ આંદોલનને યુરોપના પ્રોટેસ્ટન્ટ સુધારક આંદોલનનું સમકક્ષ ગણી શકાય નહિ. આમ છતાં ભક્તિ આંદોલનના સંતોએ ગરીબ લોકોની ઉપેક્ષા કરી હોવાનું કહી શકાય નહિ. કારણ કે તેઓએ સામાન્ય લોકોનાં દુઃખદર્દોનો પણ પોતાના ભક્તિ-કાવ્યોમાં નિર્દેશ કરેલો છે.

મધ્યયુગમાં શહેરી વિસ્તારોમાં ઉદ્યોગોનો ઠીક ઠીક વિકાસ થયો. તેથી તેમાં કારીગરોના નવા વર્ગો અસ્તિત્વમાં આવ્યા. તેઓ સ્વાભાવિક રીતે જ રૂઢિચુસ્ત બ્રાહ્મણો તેમ જ જ્ઞાતિના ભેદભાવોના વિરોધી હતા. તેથી સ્વાભાવિક રીતે જ તેઓએ નવા ઉદ્ભવેલા ભક્તિ આંદોલનને ટેકો આપ્યો. જેમ કે પંજાબના ખત્રીઓ તથા જાટ લોકોએ ગુરુ નાનકની ચળવળને સાથ આપ્યો અને તેમના અનુયાયી બન્યા, જેમાંથી પંજાબમાં શીખો અને શીખધર્મનો ઉદય થયો.

## 29.4 મુખ્ય લોકભોગ્ય આંદોલનો તથા તેમનાં લક્ષણો

આ વિભાગમાં ઉત્તર ભારત, બંગાળ તથા મહારાષ્ટ્રના મુખ્ય ભક્તિ આંદોલનોની ચર્ચા કરવામાં આવી છે, જેમાં નિર્ગુણ તથા સગુણ સ્વરૂપનાં આંદોલનોનો સમાવેશ થાય છે. ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપના મુખ્ય પ્રવર્તકો કબીર તથા નાનક હતા.

### 29.4.1 ઉત્તર ભારતનાં એકેશ્વરવાદી ભક્તિ આંદોલનો

**કબીર (1440-1518) :** 15મી સદીમાં શરૂ થયેલ એકેશ્વરવાદી નિર્ગુણ ભક્તિ ચળવળના પ્રથમ પ્રણેતા કબીર હતા. તે ઇસ્લામમાં ધર્મપરિવર્તન કરેલ વણકર કુટુંબમાં ઊછર્યા હતા. તેમણે મોટા ભાગનું જીવન બનારસમાં વ્યતીત કર્યું હતું. તેમણે લખેલાં કાવ્યોનો 'બીજક' નામે ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવેલો છે, તથા તેમનાં ઘણાં કાવ્યોનો શીખોના ધર્મગ્રંથ(આદિગ્રંથ કે ગુરુ ગ્રંથસાહેબ)માં પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સંત કબીરે ઇસ્લામ તથા હિંદુ ધર્મના રૂઢિવાદી ક્રિયાકાંડો ઉપર પ્રહારો કર્યા છે. તેઓ હિંદુ-મુસ્લિમ એકતાના હિમાયતી હતા. તે પોતે રામાનંદના શિષ્ય હતા અને તેમના પણ ઘણા શિષ્યો થયા જે કબીરપંથી કહેવાયા.

**ગુરુ નાનક (1469-1539) :** શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકે સંત કબીરની માફક જ ઈશ્વરની નિર્ગુણ સ્વરૂપની ભક્તિનો પ્રચાર કર્યો. તેના ઉપદેશોના પરિણામે પછીથી શીખ ધર્મનો ઉદય થયો. તે કબીરને પોતાના ગુરુ માનતા હતા અને કબીરની માફક એકેશ્વરવાદી ચળવળના આગેવાન પ્રચારક હતા. તેમનો જન્મ પંજાબમાં નાનકાના સાહિબ નામના ગામમાં ખત્રી કુટુંબમાં થયો હતો. તેઓ મહાન માનવતાવાદી હતા અને સર્વ ધર્મની સમાનતામાં માનતા હતા. તેમણે દેશવિદેશમાં ફરીને પોતાના વિચારોનો પ્રચાર કર્યો. છેવટે તેઓ પંજાબના દેરાનાનકબાબા નામના સ્થળે સ્થાયી થયા. તેમના ઉપદેશોને શીખોના પાંચમા ગુરુ અર્જુનદેવે (1604) આદિગ્રંથ(ગુરુ ગ્રંથસાહેબ)માં સંગૃહીત કર્યા.

અન્ય નિર્ગુણપંથી ભક્તોમાં રૈદાસ, ધન્ના, સેન અને પીપા ખાસ ઉલ્લેખનીય છે. રૈદાસ ચમાર જાતિના હતા તોપણ ઘણા હિંદુઓ તેમના અનુયાયીઓ હતા. તેઓ કબીરના વિચારોથી પ્રભાવિત થયા હતા. ધન્ના જાટ હતા. સેન નાઈ જાતિના હતા અને પીપા નીચલા કુળના રજપૂત હતા, તોપણ તેમણે પોતાની ભક્તિથી ઉચ્ચ વર્ણના હિંદુઓ પર સારી છાપ પાડી હતી.

## 29.4.2 એકેશ્વરવાદી ભક્તિ આંદોલનનાં સામાન્ય લક્ષણો

ઉત્તર ભારતના એકેશ્વરવાદી ભક્તિ આંદોલનનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે હતાં :

(i) લગભગ તમામ એકેશ્વરવાદી ભક્તસંતો વૈષ્ણવ ભક્તિ, નાથપંથી અને સૂફીવાદની ચળવળના ખ્યાલોથી પ્રભાવિત હતા. એટલે એકેશ્વરવાદી ચળવળને ત્રણેની સંકલિત ચળવળ કહી શકાય. પરંતુ એકેશ્વરવાદી ચળવળના પ્રણેતા સંતભક્તોએ ઉપરોક્ત ત્રણે ચળવળોના બધા જ ખ્યાલોનો સ્વીકાર કર્યો ન હતો પણ તેમાં તેઓએ ઘણા ફેરફારો કર્યા હતા.

(ii) એકેશ્વરવાદી ભક્તસંતો જેવા કે કબીર, નાનક, રૈદાસ વગેરેએ હિંદુ ધર્મ તેમ જ ઇસ્લામની ઘણીખરી પ્રચલિત પ્રણાલિકાઓનો અસ્વીકાર કર્યો હતો અને તેમાં રહેલા રૂઢિગત વહેમી ખ્યાલોને પોતાનાં કાવ્યોમાં ખુલ્લા પાડ્યા હતા. વળી, તેમણે મૂર્તિપૂજા તેમ જ જ્ઞાતિપ્રથા પર આકરા પ્રહારો કર્યા હતા. તેઓએ બ્રાહ્મણો અને બ્રાહ્મણગ્રંથોની આધારભૂતતા સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો. કબીરે મુસ્લિમ મુલ્લાઓ અને હિંદુ પંડિતોની ધાર્મિક નીતિરીતિઓ સામે ભારે રોષ વ્યક્ત કરેલ છે.

(iii) એકેશ્વરવાદી સંતોમાંના મોટા ભાગના નીચલી જ્ઞાતિના હતા અને તેઓએ માનવસમાનતાનો ખાસ આગ્રહ રાખ્યો છે. તેઓ એકબીજા પ્રત્યે સન્માનની ભાવના રાખતા તથા કબીર અને તેના વિચારોથી બહુધા પ્રભાવિત થયેલા હતા. વળી તેમનાં કાવ્યોમાં પણ વિચારોની એકતા દેખાય છે. આમ તેઓને ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપ તથા શુદ્ધ ભક્તિમાર્ગના પ્રવર્તક કહી શકાય.

(iv) ઉપરોક્ત એકેશ્વરવાદી ભક્તસંતોના ઈશ્વર નિરંજન, નિરાકાર અને અદ્‌ભુત કહી શકાય. આમ તેઓ ઈશ્વરના અવતારવાદમાં માનતા ન હતા. એ રીતે તેમના વિચારો વૈષ્ણવ ભક્તિના ખ્યાલોથી જુદા પડતા હતા. આમ છતાં તેઓએ વૈષ્ણવ ભક્તિનાં ગુરુ, કીર્તન તથા સત્સંગને અપાયેલ મહત્ત્વનો સ્વીકાર કર્યો હતો.

(v) મોટા ભાગના એકેશ્વરવાદી સંતો સંન્યાસીઓ ન હતા પરંતુ ગૃહસ્થી હતા. તેઓને સમાજ પ્રત્યે નિષ્ક્રિય રહેલા યતિઓ પ્રત્યે અણગમો હતો. અને તેઓ લોકસંપર્કમાં માનતા હતા. વળી તેઓ પોતાનો વંશપરંપરાગત ધંધો ચાલુ રાખીને ભક્તિમાર્ગમાં લોકોને પ્રેરતા હતા. વળી આ ભક્તોને ધર્મસ્થાનો જેવાં કે મંદિરો, મસ્જિદો વગેરે સાથે સંબંધ ન હતો.

(vi) એકેશ્વરવાદી ભક્ત સંતોએ પોતાનો ઉપદેશ લોકભાષા(પ્રાદેશિક)માં આપ્યો. તેથી તેઓ લોકો સાથે એકાકાર થઈ શક્યા અને પોતાના ધાર્મિક ખ્યાલોનો અસરકારક રીતે પ્રચાર કરી શક્યા. તેઓએ બહુ જ સાદી ભાષામાં સરળ શ્લોકો રચ્યા, જેથી લોકો તેમને સહેલાઈથી સમજી શક્યા.

(vii) વિશેષતઃ કબીર અને એકેશ્વરવાદી સંતોના ઉપદેશોએ નીચલા થરના લોકો પર વધારે અસર કરી તેમ જ ભારતના વિવિધ વિસ્તારોમાં તેનો ફેલાવો થયો. આમ આ સંતોએ ઊંચનીચના તેમ જ પ્રાદેશિક ભેદભાવોને નાબૂદ કરવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું. આથી જ વર્તમાન સમયમાં પણ આવા સંતોના ઉપદેશો અને લખાણોનું મહત્ત્વ જળવાઈ રહ્યું છે.

ઉત્તરના સંતોએ દક્ષિણમાં અને દક્ષિણના સંતોએ ઉત્તરમાં પોતાના ધાર્મિક ખ્યાલોનો પ્રચાર કર્યો. દા.ત મહારાષ્ટ્રના નામદેવે પંજાબમાં પ્રચાર કર્યો. ત્યાં તેમના ઉપદેશો એટલા લોકપ્રિય થયા કે તેમનો 'આદિગ્રંથ'(ગુરુ ગ્રંથસાહેબ)માં સમાવેશ કરવામાં આવ્યો.

(viii) આ સંતોને નામે પછીથી પંથો નિર્માણ થયા જેમ કે કબીરપંથ, નાનકપંથ, રૈદાસપંથ વગેરે, જેમાં નાનકપંથમાંથી આધુનિક શીખધર્મનો ઉદય થયો.

**'તમારી પ્રગતિ ચકાસો' – ખ**

(1) ભક્તિ આંદોલનના ઉદયનાં સામાજિક-આર્થિક પરિબળોનું વિવરણ કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(2) નીચેના પ્રત્યેક વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો :

(i) ભક્તિ આંદોલનનાં રાજકીય પરિબળો

(ii) કબીર

(iii) ગુરુ નાનક

(iv) આદિગ્રંથ

(3) એકેશ્વરવાદી ભક્તિ આંદોલનનાં સામાન્ય લક્ષણોની ચર્ચા કરો.

(4) એકેશ્વરવાદી ભક્તિ આંદોલન અને વૈષ્ણવ ભક્તિ આંદોલન વચ્ચેના તફાવત પરત્વે ત્રણ લીટીઓ લખો.

## 29.4.3 ઉત્તર ભારતમાં વૈષ્ણવ ભક્તિ આંદોલન

**રામાનંદ :** સલ્તનત સમય દરમિયાન ઉત્તર ભારતમાં વૈષ્ણવ ભક્તિના મુખ્ય પ્રવર્તક રામાનંદ હતા. તે 14-15મી સદીમાં થઈ ગયા. તે દક્ષિણમાંથી આવીને બનારસમાં સ્થાયી થયા. આમ તેમને ઉત્તર અને દક્ષિણના ભક્તિમાર્ગના કડીરૂપ ગણાવી શકાય. ભક્તિ વિશેના તેમના મુખ્ય ખ્યાલ નીચે પ્રમાણે હતા :

(i) તે વિષ્ણુને બદલે રામભક્તિના પૂજક હતા. તે રામ અને સીતાની સંયુક્ત ભક્તિના પ્રચારક હતા. આમ તે ઉત્તર ભારતમાં વૈષ્ણવ ભક્તિની રામશાખાના સ્થાપક કહી શકાય

(ii) તે જ્ઞાતિ અને ઊંચનીચના ભેદભાવોના ભારે વિરોધી હતા અને સૌની સમાનતામાં માનતા હતા. પોતે બ્રાહ્મણ હોવા છતાં તે નીચલા થરના પોતાના અનુયાયીઓ સાથે ભોજન લેતા.

(iii) તેમણે સંસ્કૃતને બદલે લોકભાષામાં ઉપદેશ આપ્યો. તેથી લોકોમાં રામભક્તિ પ્રચલિત થઈ અને તેમના અનુયાયીઓ રામાનંદી કહેવાયા. આદિગ્રંથમાં પણ રામાનંદ સંબંધી શ્લોકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કબીર તથા અન્ય નીચલા થરના સંતો સેન, પીપા, રૈદાસ વગેરે તેમના શિષ્યો મનાય છે.

**વલ્લભાચાર્ય :** ઉત્તર ભારતના વૈષ્ણવ ભક્તિના બીજા મહાન સંત વલ્લભાચાર્ય હતા. તે 15-16મી સદીમાં થઈ ગયા. તે મૂળ દક્ષિણના તેલુગુ બ્રાહ્મણ હતા. પણ તેમણે બહુધા ઉત્તર ભારતમાં વસવાટ કર્યો અને ઉપદેશ આપ્યો. તેઓ વૈષ્ણવ ધર્મના પુષ્ટિમાર્ગના સ્થાપક હતા. તેમણે કૃષ્ણભક્તિનો ઉપદેશ આપ્યો અને તેને લગતાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં. અપટછાપ નામે ઓળખાતા સૂરદાસ (1483-1563) તથા અન્ય સાત કૃષ્ણભક્તો તેમના શિષ્યો હોવાનું કહેવાય છે. પુષ્ટિમાર્ગ ગુજરાતમાં વિશેષ પ્રચલિત થયો.

ઉત્તર ભારતમાં વૈષ્ણવ ભક્તિ મોગલકાળમાં વધારે લોકપ્રિય થઈ. મોગલ સમયમાં થઈ ગયેલ સૂરદાસ (1483-1563) તથા મીરાંબાઈ(1503-73)એ કૃષ્ણભક્તિનો, જ્યારે તુલસીદાસે (1532-1623) રામ-ભક્તિનો પ્રચાર કર્યો.

## 29.4.4 બંગાળમાં વૈષ્ણવ ભક્તિ આંદોલન

બંગાળનું વૈષ્ણવ ભક્તિ આંદોલન ઉત્તર ભારત તેમ જ પહેલાંના દક્ષિણ ભારતના આંદોલનથી ઘણી રીતે જુદું હતું. બંગાળના ભક્તિ આંદોલનનાં મૂળ કૃષ્ણલીલાનું વર્ણન કરતા ભાગવત પુરાણમાં રહેલા છે. વળી, બંગાળનું ભક્તિ આંદોલન મહાયાન બૌદ્ધપંથી તથા નાથપંથી આંદોલનથી પણ પ્રભાવિત થયેલ છે. બંગાળમાં ભક્તિ આંદોલનનો પ્રારંભ જયદેવ રચિત ગીતગોવિંદ(12મી સદી)થી થયો હોવાનું કહેવાય. જયદેવે ગીતગોવિંદમાં રાધાકૃષ્ણના શૃંગારિક તથા રહસ્યમય પ્રેમભાવ ઉપર ભાર મૂકેલો છે. જયદેવ પછી ચંડીદાસ (14મી સદી), વિદ્યાપતિ(14-15મી સદી)એ બંગાળમાં ભાગવત પ્રણાલિકા આધારિત ભક્તિ આંદોલનનો પ્રચાર કર્યો. તેમનાં કાવ્યોમાં રાધાકૃષ્ણના સ્નેહભાવનું ભાવભર્યું વર્ણન કરવામાં આવ્યું છે.

**ચૈતન્ય (1486-1533) :** ગૌરાંગ પ્રભુ તરીકે ઓળખાયેલા ચૈતન્ય બંગાળમાં વૈષ્ણવ સંતોમાં સૌથી લોકપ્રિય હતા. તેમણે કૃષ્ણભક્તિને પૂર્વ ભારતમાં પ્રચલિત કરી. તેમની લોકપ્રિયતાને લીધે લોકો તેમને કૃષ્ણનો અવતાર માનતા હતા. ચૈતન્ય જ્ઞાતિ, ધર્મ અને લિંગના ભેદભાવોમાં માનતા ન હતા. તેમના અનુયાયીઓ બધા જ વર્ગો અને બધી જ જાતિઓના હતા. તેમનો હરિદાસ નામે માનીતો શિષ્ય મુસ્લિમ હતો. તેમણે ભક્તિના કીર્તન(સામૂહિક નૃત્યગાન)ના પાસાને લોકપ્રિય બનાવ્યું.

આમ છતાં ચૈતન્યએ હિંદુ ધર્મની પ્રણાલિકાગત માન્યતાઓનો ત્યાગ કર્યો ન હતો. તેમણે બ્રાહ્મણો અને હિંદુ ધર્મગ્રંથોને પડકાર ફેંક્યો ન હતો.

## 29.4.5 મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલન

ઉત્તર ભારતની જેમ મહારાષ્ટ્રમાં પણ ભક્તિ આંદોલનનું મૂળ ભાગવતપુરાણ હતું. વિશેષમાં મહારાષ્ટ્રના ભક્તિ આંદોલન પર 11-12મી સદીમાં થઈ ગયેલા નાથપંથી આંદોલનની પણ નોંધપાત્ર અસર હતી. કારણ કે આ નાથપંથીઓએ મરાઠી ભાષામાં સ્તોત્રો રચીને લોકપ્રિયતા મેળવી હતી.

**જ્ઞાનેશ્વર (1275-1296) :** જ્ઞાનેશ્વર મહારાષ્ટ્રના ભક્તિ આંદોલનના અગ્રણી હતા. જ્ઞાનેશ્વરી તરીકે ખૂબ લોકપ્રિય થયેલ ભગવદ્ગીતા પર જ્ઞાનેશ્વરે ટીકા લખી મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનની વિચારધારાનો તેમ જ મરાઠી સાહિત્ય 'જ્ઞાનેશ્વરી'નો પાયો નાંખ્યો હોવાનું કહી શકાય. આ ઉપરાંત જ્ઞાનેશ્વરે ઘણા અભંગો (દોહા) રચ્યા જે ઘણા લોકપ્રિય થયા. તેમણે ઈશ્વરપ્રાપ્તિના સાધન તરીકે ભક્તિમાર્ગને જ મહત્ત્વ આપ્યું. તે જ્ઞાતિ ભેદભાવોના સખત વિરોધી હતા.

**નામદેવ (1270-1350) :** મહારાષ્ટ્રના અન્ય સંતોમાં નામદેવનું નામ પણ અગ્રસ્થાને છે. તે જ્ઞાતિએ દરજી હોવા છતાં તેમના ભક્તિભાવને લીધે ઉચ્ચ વર્ગમાં પણ સન્માન પામ્યા હતા. તે પંઢરપુરમાં રહ્યા હતા, પરંતુ પંજાબ સહિત ઉત્તરના ઘણા પ્રદેશોમાં તેમણે ઉપદેશ આપ્યો હતો. આથી તેઓ ઉત્તર તેમ જ દક્ષિણ ભારત વચ્ચેના ભક્તિમાર્ગની કડીરૂપ ગણાય છે. તેમનાં ગીતોનો પણ આદિગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં નામદેવને વર્કારી પ્રણાલિકા(ભાવાત્મક વૈષ્ણવ પ્રણાલિકા)ના ઉપદેશક પણ કહેવાય છે. પરંતુ ઉત્તર ભારતમાં તેમની નામના નિર્ગુણ સંત તરીકે હતી. મહારાષ્ટ્રમાં અન્ય લોકપ્રિય ભક્ત સંતોમાં એકનાથ (1533-99) અને તુકારામ (1598-1650) પણ ઉલ્લેખનીય છે.

### 29.4.6 અન્ય પ્રદેશોમાં ભક્તિ આંદોલન

ઉપરોક્ત પ્રદેશો ઉપરાંત ગુજરાત, કર્ણાટક, આસામ, કાશ્મીર વગેરેમાં પણ ભક્તિ આંદોલનનો પ્રચાર થયો હતો. ગુજરાતમાં વલ્લભાચાર્યનો પુષ્ટિમાર્ગ વિશેષ પ્રચલિત થયો હતો. નરસિંહ મહેતાએ (1414-1481) કૃષ્ણભક્તિનો ઉપદેશ કર્યો. તેમનાં પદો આજે પણ ગુજરાતમાં ખૂબ લોકપ્રિય છે. મીરાંબાઈ (1498-1546) રાજસ્થાનના મેડતાના ઠાકોરનાં પુત્રી અને ચિતોડના રાણાસંગનાં પુત્રવધૂ હતાં. તે બાલ્યવયથી જ ધાર્મિક વૃત્તિનાં હતાં અને કૃષ્ણનાં મહાન ભક્ત હતાં. તેમના પતિના અવસાન બાદ તેઓ પૂરેપૂરી ભક્તિના રંગે રંગાયાં અને તેમણે ધાર્મિક ગીતો રચ્યાં જે આજે પણ રાજસ્થાનમાં ખૂબ જાણીતાં છે. તેઓએ રાજસ્થાની, ગુજરાતી અને વ્રજ ભાષામાં પદો રચ્યાં છે. આ પદો નરસિંહ મહેતા, તુલસીદાસ અને સૂરદાસનાં પદો જેટલાં જ લોકપ્રિય છે. કર્ણાટકમાં 12-13મી સદીમાં વીર શૈવ ભક્તોએ શિવભક્તિ આંદોલન ફેલાવ્યું, જ્યારે કાશ્મીરમાં 14મી સદીમાં શિવભક્તિનો પ્રચાર થયો જેની અગ્રણી લાલદેદ નામે સ્ત્રી સંત હતી.

આસામ અને બ્રહ્મદેશમાં ભક્તિ આંદોલનનો પ્રચાર કરનાર મુખ્ય સંત શંકરદેવ (1449-1568) હતા. તેમણે પાછલા જીવનમાં સંસારનો ત્યાગ કર્યો અને ઉત્તર અને દક્ષિણ ભારતનાં ઘણાં તીર્થસ્થાનોની મુલાકાત લીધી. તેમણે કૃષ્ણભક્તિનો પ્રચાર કર્યો. તેમણે બ્રાહ્મણોના ક્રિયાકાંડો વિરુદ્ધ પણ ભારે અણગમો વ્યકત કર્યો. તેથી તેમને ઘણું સહન કરવું પડ્યું. તેમણે જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો અને ભક્તિમાં ધાર્મિક સંગીત અને નૃત્યને મહત્ત્વ આપ્યું. તેમણે સત્ર નામે સંસ્થા સ્થાપી જેમાં બધા જ વર્ગો અને જ્ઞાતિઓના લોકો એકત્રિત થઈને સાદી પ્રાર્થના અને ભક્તિ કરતા. પછીથી આ સત્રો ભક્તિનાં કેન્દ્રો બન્યાં.

**'તમારી પ્રગતિ ચકાસો' – ગ**

1. રામાનંદના ભક્તિ વિશેના મુખ્ય ખ્યાલો આપો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. વલ્લભાચાર્ય અને ચૈતન્યના ભક્તિ વિશેના ખ્યાલો સ્પષ્ટ કરો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. મહારાષ્ટ્રના ભક્ત-સંતોનું પ્રદાન ટૂંકમાં જણાવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________

4. નીચેના પ્રત્યેક વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો :

(i) કાશ્મીર અને કર્ણાટકમાં શિવભક્તિ

_______________________________________________
_______________________________________________
_______________________________________________

(ii) શંકરદેવ

_______________________________________________
_______________________________________________
_______________________________________________

(iii) મીરાંબાઈ

_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 29.5 ભક્તિ આંદોલનો પર પુરોગામી પ્રણાલિકાઓ અને પંથોની અસરો

સલ્તનત સમયનાં ભક્તિ આંદોલનોને દક્ષિણમાં અગાઉ થઈ ગયેલાં ભક્તિ આંદોલનો સાથે સાંકળી શકાય નહિ. પરંતુ તેઓ અગાઉની ધાર્મિક પ્રણાલિકાઓ અને પંથોથી પ્રભાવિત થયેલાં હતાં. આમાં ભાગવત પુરાણ તથા નાથપંથની અસર ખાસ નોંધપાત્ર હતી.

આશરે 9મી સદીમાં રચાયેલ ભાગવત પુરાણ વૈષ્ણવ ભક્તિમાર્ગનો મુખ્ય સ્રોત ગણાય છે. તેણે વિષ્ણુના એક અવતાર કૃષ્ણની ભક્તિ પર ખાસ ભાર મૂક્યો. ભાગવતધર્મ વર્ણ-વ્યવસ્થામાં માને છે. પરંતુ જન્મને બદલે તે કર્મના આધારે વર્ણને ઉચ્ચ સ્થાન આપે છે. આમ છતાં કબીર અને નાનક જેવા નિર્ગુણવાદી સંતો પર ભાગવત પુરાણની ખાસ અસર થયેલી નથી. કારણ કે ભાગવત પુરાણ ઈશ્વરના સગુણ સ્વરૂપની ભક્તિને મહત્ત્વ આપે છે. કબીર અને નાનક જેવા સંતો અવતારવાદ તેમ જ બ્રાહ્મણગ્રંથોની આધારભૂતતામાં માનતા ન હતા.

### 29.5.1 એકેશ્વરવાદી સંતો પર નાથપંથી ચળવળની અસર

સિદ્ધો નામે જાણીતા થયેલા નાથપંથીના ઉપદેશોની અસર કબીર અને અન્ય એકેશ્વરવાદી સંતો પર થયેલી હોવાનું મનાય છે. આ સિદ્ધો ચમાર, કઠિયારા, મોચી, દરજી, ધોબી, ઘાંચી વગેરે નીચલા થરના લોકો હતા. તોપણ તેઓની અનન્ય સાધનાથી તેઓ નાથપંથી યોગી તરીકે પ્રખ્યાત થયા હતા.

કબીરના 'બીજક' નામના ગ્રંથમાં કબીરે હિંદુ અને મુસ્લિમ ધર્મને લગતા ક્રિયાકાંડો, વહેમો, વિધિનિષેધો વગેરે પર કરેલા તીવ્ર કટાક્ષોથી કબીર ઉપર નાથપંથની અસર સ્પષ્ટ માલૂમ પડે છે. આમ છતાં કબીરે નાથપંથની યોગસાધના તેમ જ પ્રાણાયામ-પદ્ધતિનો સ્વીકાર કર્યો ન હતો. પરંતુ તેમની ક્રિયાકાંડવિહીન ધર્મ અને ભક્તિભાવનાનો સ્વીકાર કર્યો હતો.

### 29.5.2 ભક્તિ આંદોલન પર ઈસ્લામ અને સૂફીવાદની અસર

નાથપંથની માફક ભક્તિ આંદોલન ઉપર ઇસ્લામ અને સૂફીવાદની પણ ગણનાપાત્ર અસર થઈ હોવાનું કહેવાય છે. ખાસ કરીને કબીર, નાનક વગેરે જેવા એકેશ્વરવાદી સંતોની વિચારસરણી ઉપર ઇસ્લામ અને સૂફીવાદની અસર વિશેષ થઈ હોવાનું અમુક વિદ્વાનો માને છે કારણ કે બંનેના વિચારોમાં સમાનતા રહેલી છે. જ્યારે બીજી બાજુ, કેટલાક અન્ય વિદ્વાનોનું મંતવ્ય છે કે ભારતમાં ઇસ્લામના આગમન પહેલાં દક્ષિણમાં ભક્તિ આંદોલનનો ઉદય થયો હતો. એટલે ભારતમાંનું ભક્તિ આંદોલન એ પ્રાચીન ભારતની ધર્મ પ્રણાલિકા પર આધારિત છે.

વળી, સલ્તનત સમયના ભક્તિ આંદોલનના મોટા ભાગના સંતો ઈશ્વરના સગુણ સ્વરૂપમાં માનતા હતા, જે ઇસ્લામના વિચારોથી વિપરીત છે. એટલે ભારતના ભક્તિ આંદોલનનાં મૂળ ઇસ્લામમાં નહિ પરંતુ ભારતના પ્રાચીન ધર્મગ્રંથોમાં રહેલાં છે.

આમ, નિર્ગુણ સ્વરૂપના ભક્તિ આંદોલન ઉપર ઇસ્લામની અંશતઃ અસર હતી કારણ કે બંને અવતારવાદ, મૂર્તિપૂજા અને જ્ઞાતિવાદમાં માનતા ન હતા. સાથોસાથ નિર્ગુણ સ્વરૂપના ભક્તોએ પણ ઇસ્લામના મૂળ સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો, પરંતુ તેની રૂઢિગત પ્રણાલિકાઓનો ઇન્કાર કર્યો.

સગુણ સ્વરૂપનું ભક્તિ આંદોલન તો ઇસ્લામની અસર પામ્યું હોવાનું કહેવાય નહિ કારણ કે તે મૂર્તિપૂજા, વર્ણવ્યવસ્થા તથા અવતારવાદમાં શ્રદ્ધા ધરાવતું હતું. આમ છતાં સૂફીવાદના મુસ્લિમ સંતોની બંને પ્રકારનાં ભક્તિ આંદોલનો ઉપર પરસ્પર અસર થઈ હોવાનું કહી શકાય. સૂફીવાદના પીર અને ભક્તિમાર્ગના ગુરુ વચ્ચે ઘણી સમાનતા છે. જોકે સૂફીવાદ અને એકેશ્વરવાદી આંદોલન એકબીજાથી ભિન્ન હોવા છતાં બંનેની વિચારસરણીમાં ઘણી સમાનતા રહેલી છે. કારણ કે બંનેએ હિંદુ અને મુસ્લિમની રૂઢિવાદી પ્રણાલિકાઓનો અસ્વીકાર કરેલો છે.

### 29.5.3 હિંદુ ધર્મને ઈસ્લામનો પડકાર

ભારતીય ઇતિહાસના કોમવાદી પૃથક્કરણ સાથે સંકળાયેલ અમુક આધુનિક વિચારકોનું એવું મંતવ્ય છે કે સલ્તનત સમયમાં મુસ્લિમ શાસકો તરફથી હિંદુઓ પ્રત્યે જે ત્રાસવાદી વલણ અપનાવવામાં આવ્યું તેના પ્રત્યાઘાતરૂપે ભક્તિ આંદોલનનો ઉદ્ભવ થયો. વળી સલ્તનત સમયના ભક્તો ઇસ્લામના એકેશ્વરવાદ અને ભ્રાતૃત્વના ખ્યાલોથી આકર્ષાયા હોવાનું કહેવાય છે. ઇસ્લામના ખ્યાલોની પૂર્તિરૂપે

ભક્તિ આંદોલનના એકેશ્વરવાદી સંતોએ મૂર્તિપૂજા અને જ્ઞાતિવાદનો વિરોધ કરીને હિંદુ ધર્મનો બચાવ કર્યો. આમાં કબીર અને નાનક જેવાએ મૂર્તિપૂજાનો તથા રામાનંદ અને તુલસીદાસ જેવાએ જ્ઞાતિપ્રથાનો વિરોધ કરીને હિંદુ ધર્મનું શુદ્ધ સ્વરૂપ સ્પષ્ટ કર્યું.

આમ નીચેનાં કારણોસર હિંદુ ધર્મને ઇસ્લામના પડકારને લગતી હકીકત સ્વીકાર્ય નથી :

(i) હિંદુ ધર્મને ઇસ્લામના પડકારને લગતી હકીકત એ તો આધુનિક કોમવાદી પૂર્વગ્રહોને ભૂતકાળમાં લઈ જવા બરોબર છે કારણ કે ઇસ્લામના ભારતમાં પ્રવેશ સાથે ઇસ્લામના ભ્રાતૃત્વનો ખ્યાલ લગભગ અદૃશ્ય થયો હતો અને મુસ્લિમ સમાજમાં પણ ધાર્મિક, આર્થિક અને સામાજિક રીતે ભાગલા પડ્યા હતા. ભારતના તુર્કી મુસ્લિમ શાસકો હિંદના મુસ્લિમોને ધર્માન્તર કરેલા નીચલી કક્ષાના લોકો ગણતા હતા અને તેમને ઉચ્ચ હોદ્દાઓ માટે અયોગ્ય માનતા હતા.

(ii) સલ્તનત સમયની ખૂબ જ મોટી બહુમતી ધરાવતી હિંદુ પ્રજાએ પોતાની ધાર્મિક ક્રિયાઓ અને ધાર્મિક ઉત્સવો ઊજવવાનું ચાલુ રાખ્યું હતું અને ધર્માન્તર કરાયેલ હિંદુ લોકોનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું.

(iii) એકેશ્વરવાદી સંતોએ ઇસ્લામ અને હિંદુ ધર્મની રૂઢિવાદી પ્રણાલિકાઓ અને વિધિઓને વખોડી હતી.

(iv) ભક્તિ આંદોલનના નિર્ગુણ સ્વરૂપના તથા સગુણ સ્વરૂપના બધા જ સંતોએ ઇસ્લામના પડકારનો પ્રતિભાવ આપ્યો હતો તેમ કહેવું ઉચિત નથી. કારણ કે વૈષ્ણવ ભક્તિ આંદોલનના સંતો અને કબીર તેમ જ નાનક જેવા સંતો વચ્ચે વિચારોની ભાગ્યે જ સમાનતા હતી.

(v) વૈષ્ણવ ભક્તિ આંદોલનના સંતોનાં કાવ્યો અને ઉપદેશોને ઇસ્લામ સાથે કોઈ સંબંધ ન હતો. ખરેખર તો રામાનંદ, કબીર, નાનક વગેરે અને ચૈતન્ય વગેરેના શિષ્યો હિંદુ તેમ જ મુસ્લિમ બંને હતા.

### ‘તમારી પ્રગતિ ચકાસો’ – ઘ

(1) સલ્તનત સમયના ભક્તિ આંદોલનનું મૂળ ભાગવત પુરાણમાં રહેલું છે – એ મંતવ્ય સાથે તમે સહમત છો ? ચર્ચા કરો.

______________________________________

______________________________________

______________________________________

______________________________________

(2) નાથપંથે ભક્તિ આંદોલન પર કેવા પ્રકારની અસર કરેલી છે ?

______________________________________

______________________________________

______________________________________

______________________________________

(3) ભક્તિ આંદોલન ઇસ્લામના પ્રતિભાવ રૂપે ઉદ્ભવ્યું હતું તે વિચાર સાથે તમે સંમત છો ? સમીક્ષા કરો.

______________________________________

______________________________________

______________________________________

______________________________________

(4) હિંદુ ધર્મને ઇસ્લામના પડકાર વિશેનાં મંતવ્યોનું વિવરણ કરો.

______________________________________

______________________________________

______________________________________

______________________________________

## 29.6 સારાંશ

સલ્તનત સમયના ભક્તિ આંદોલનનાં મૂળ ઈ.સ. પૂર્વે 6ઠ્ઠી સદીમાં ઉદ્ભવેલ સામાજિક-ધાર્મિક સુધારણાનાં આંદોલનોમાં રહેલાં છે. તેઓએ સામાજિક-ધાર્મિક સુધારણાના નવીન ખ્યાલો પ્રચલિત કર્યા. વળી, ઈ.સ. પૂર્વે 6ઠ્ઠી સદીના સુધારક આંદોલનોએ પ્રાદેશિક અને લોકભાષાઓને મહત્ત્વ આપ્યું અને તેમાં જ ઉપદેશ આપ્યો. તે રીતે મધ્યયુગના સંતોએ પણ પ્રાદેશિક ભાષાઓમાં પોતાનો ઉપદેશ આપ્યો. અને ઈ.સ.પૂર્વે 6ઠ્ઠી સદીનાં આંદોલનોએ મઠ પદ્ધતિ અપનાવી હતી. તે રીતે મધ્યયુગના સંતોએ શીખ અને પંથ જેવા ધાર્મિક સંઘો રચ્યા.

આ એકમમાં આપણે નીચેના મુદ્દાઓનો અભ્યાસ કર્યો :

(1) ભક્તિમાર્ગનો ઉદ્ભવ દક્ષિણમાં થયો અને પછીથી ઉત્તરમાં તેનો ફેલાવો થયો.

(2) ભક્તિ આંદોલનનાં રાજકીય, સામાજિક અને આર્થિક પરિબળોની ચર્ચા કરી.

(3) નિર્ગુણ સ્વરૂપ અને સગુણ સ્વરૂપ એમ ભક્તિ આંદોલનના બે મુખ્ય પ્રવાહોની જાણકારી મેળવી.

(4) ભારતના વિવિધ પ્રદેશોની ભક્તિ આંદોલનોની ચળવળોને લગતો ખ્યાલ મેળવ્યો.

(5) ભક્તિ આંદોલન પર જુદા જુદા પંથોએ કરેલી અસરોનું પૃથક્કરણ કર્યું.

(6) ભક્તિ આંદોલન પર ઇસ્લામની અસર વિશેનાં જુદાં જુદાં મંતવ્યો રજૂ કર્યાં.

## 29.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' – ક**

(1) 29.1 જુઓ.

(2) 29.2 જુઓ.

(3) 29.1 જુઓ (i, ii, iii).
29.1.2 જુઓ (iv).

**'તમારી પ્રગતિ ચકાસો' – ખ**

(1) 29.3.2 જુઓ.

(2) (i) 29.3.1
(ii) 29.4
(iii) 29.4
(iv) 29.4

(3) 29.4.7

**'તમારી પ્રગતિ ચકાસો' – ગ**

(1) 29.4.2 જુઓ.

(2) 29.4.2, 29.4.3 જુઓ.

(3) 29.4.4 જુઓ.

(4) 29.4.5 જુઓ (i, ii, iii).

**'તમારી પ્રગતિ ચકાસો' – ઘ**

(1) 29.5 જુઓ.

(2) 29.5.1 જુઓ.

(3) 29.5.2 જુઓ.

(4) 29.5.3 જુઓ.

## 29.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આદિગ્રંથ :** 1604માં પાંચમા શીખગુરુ અર્જુને નાનકદેવના ઉપદેશોના સંકલનને લગતો કરેલો ગ્રંથ. જે પછીથી ગુરુ ગ્રંથસાહેબ કહેવાયો.

**જુલાહા :** મુસ્લિમ વણકર

**કીર્તન :** શ્લોકોનું કરતાલ સાથે સામૂહિક સંગીત

**માર્ગ :** રામ કે કૃષ્ણભક્તિને લગતું ભક્તિ આંદોલન

**નામ :** દૈવી નામ

**નિર્ગુણ :** ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ

**સગુણ :** ઈશ્વરનું સાકાર સ્વરૂપ

**પંથ :** ધાર્મિક સંપ્રદાય, ખાસ કરીને નિર્ગુણવાદી સંપ્રદાય

**વારકરી :** દખ્ખણની વિષ્ણુભક્તિની પરંપરા

# એકમ 30 સામાજિક-ધાર્મિક આંદોલન : સૂફી આંદોલન (Socio-Religious Movement : Sufi Movement)

## રૂપરેખા


30.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

30.1 સૂફીવાદનાં નોંધપાત્ર લક્ષણો

30.2 મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ

- 30.2.1 શરૂઆતનો તબક્કો (10મા સૈકા સુધી)
- 30.2.2 સંગઠિત સૂફી આંદોનનો વિકાસ (10મીથી 12મી સદી સુધી)
- 30.2.3 સૂફી સિલસિલાહની રચના (12મી-13મી સદી)

30.3 ભારતમાં સૂફીવાદનો વિકાસ

30.4 સલ્તનત સમય દરમિયાન ભારતમાં સૂફી સિલસિલાહ

- 30.4.1 ચિશ્તી સિલસિલાહ
- 30.4.2 સુહરાવર્દી સિલસિલાહ
- 30.4.3 અન્ય સૂફી સિલસિલાહ

30.5 ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતાનાં કારણો

30.6 સૂફીનું સામાજિક પ્રદાન

- 30.6.1 સૂફી સંતો અને રાજ્ય
- 30.6.2 સૂફી સંતો અને ઉલેમાઓ
- 30.6.3 સૂફી સંતો અને ધર્માન્તરની પ્રવૃત્તિઓ
- 30.6.4 સૂફી ખનકાહમાંનું જીવન

30.7 ભારતીય સૂફીવાદ ઉપર ઇસ્લામી દેશોના સમકાલીન રહસ્યવાદી વિચારોની અસર

30.8 સૂફી અને ભક્તિ આંદોલન તથા સાંસ્કૃતિક સમન્વય

30.9 સારાંશ

30.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

30.11 ચાવીરૂપ શબ્દો


## 30.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

આ એકમમાં મધ્યયુગના ભારતના સૂફી આંદોલનની ચર્ચા કરવામાં આવી છે, જેમાં સૂફીવાદનાં નોંધપાત્ર લક્ષણો, મુસ્લિમ દેશોમાં તેના ઉદય અને વિકાસ, દિલ્હી સલ્તનત દરમિયાન ભારતમાં તેનો થયેલા વિકાસ અને આ સમય દરમિયાન ભારતમાં સૂફીવાદના જુદા જુદા સિલસિલાહો તથા તેમાં ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતાનાં કારણો અને ભારતીય સમાજ ઉપર સૂફીવાદની અસરોનું વિવરણ કરવામાં આવ્યું છે.

સૂફીવાદને ઇસ્લામમાં જુદાં જુદાં રહસ્યવાદી આંદોલનો તરીકે ઘટાવી શકાય. તે વ્યક્તિનો ઈશ્વર (અલ્લાહ) સાથે સીધો સંપર્ક સાધવામાં માને છે. તેમાં રહસ્યવાદી વિચારો એ તેનું મુખ્ય માધ્યમ છે. સૂફીવાદ શરિયત એટલે કે કુરાનના કાયદાઓમાં તથા પયગંબર સાહેબના ઉપદેશોમાં શ્રદ્ધા ધરાવે છે, પરંતુ તે ઇસ્લામની કેટલીક પ્રણાલિકાઓ અને વિધિઓમાં માનતો નથી. તે સાદી પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથેના વ્યક્તિના સીધા સંપર્કમાં આસ્થા રાખે છે અને ઉલેમાઓનો નિષેધ કરે છે.

આ એકમમાં મુસ્લિમ દેશોમાં સૂફીવાદના ઉદય, ભારતમાં તેનું પ્રસરણ, ભારતમાં તેની જુદી જુદી શાખાઓ તથા ભારતીય સમાજ ઉપર સૂફીવાદની થયેલી અસરોની સમીક્ષા કરવામાં આવી છે.

## 30.1 સૂફીવાદનાં નોંધપાત્ર લક્ષણો

ભારતમાં તેમ જ ભારત બહાર સૂફીવાદના કેટલાક સિલસિલાહનો વિકાસ થયેલ. તેઓની વચ્ચે અમુક ભિન્નતાઓ હોવા છતાં તેમનાં નીચે પ્રમાણેનાં કેટલાંક સામાન્ય લક્ષણો હતાં :

(1) મુસ્લિમ દેશોમાં ઉદ્ભવેલ સૂફીવાદે અલ્લાહની આધ્યાત્મિકતા (હકીકત) સાથે વ્યક્તિનું તાદાત્મ્ય સ્થાપવાનો જે માર્ગ અપનાવ્યો તે સૂફીવાદ તરીકે જાણીતો થયો.

(2) જે ગુરુ(શેખ કે પીર)એ સૂફી માર્ગ મારફત અલ્લાહ સાથે એકરૂપતા સાધી હોય તેના માર્ગદર્શન નીચે જ કોઈ પણ વ્યક્તિ ઈશ્વર સાથે એકરૂપતા સાધી શકે. એટલે કે સૂફીવાદ ઈશ્વરપ્રાપ્તિ માટે ગુરુ કે પીરને આવશ્યક માને છે.

(3) શરૂઆતના સાધકે ઈશ્વરના સાક્ષાત્કાર માટે જુદા જુદા તબક્કામાંથી પસાર થવું પડે છે.

(4) સૂફી સંતોએ ઈશ્વરની પ્રાપ્તિ માટે રહસ્યમય સંગીત (સામ) વિકસાવ્યું, જેમાં સંગીતકાર ભાવવિભોર બની જતો. ઉલેમાઓ આવા સંગીતની વિરુદ્ધ હતા.

(5) સ્વાર્પણ અને ઈશ્વર સાથે એકાકાર એ સૂફીવાદનાં મુખ્ય લક્ષણો કહી શકાય.

(6) સૂફીવાદનું જુદા જુદા સિલસિલાહમાં સંગઠન એ પણ તેનું એક લક્ષણ ગણાય. આમાં ચિશ્તી, સુહરાવર્દી, કાદીરી વગેરે સિલસિલાહ મુખ્ય હતા. દરેક સિલસિલાહમાં એક મુખ્ય ગુરુ અને તેના શિષ્યોનો સમાવેશ થતો હતો.

(7) ખન-કાહ (સૂફી સંતોના આવાસો અથવા ધર્મશાળાઓ) એ સૂફીવાદની પ્રવૃત્તિઓનાં મુખ્ય કેન્દ્રો હતાં જ્યાં પીર શિષ્યોને આધ્યાત્મિક તાલીમ આપતા હતા. ખનકાહની લોકપ્રિયતા તેના ગુરુની પ્રતિભા અને શિષ્યોને આકર્ષવાની તેની શક્તિ પર આધારિત હતી. ખનકાહને રાજ્ય અને સમાજ તરફથી ભેટસોગાદો અને દાન મળતાં.

## 30.2 મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ

ભારતમાં 13મી સદીની શરૂઆતથી સૂફીવાદના જુદા જુદા સિલસિલાહની પ્રવૃત્તિઓ શરૂ થઈ. તે પહેલાં મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલન વ્યવસ્થિત રીતે વિકાસ પામ્યું હતું. ભારતમાં સ્થાનિક સંજોગો પ્રમાણે તેનાં કેટલાંક ભિન્ન લક્ષણો હતાં. તે પહેલાં 7મીથી 13મી સદી સુધી મુસ્લિમ દેશોમાં વિકાસ પામેલા સૂફીવાદના નીચે પ્રમાણેના મુખ્ય ત્રણ તબક્કા હતા :

### 30.2.1 શરૂઆતનો તબક્કો (10મા સૈકા સુધી)

કુરાનમાં પ્રાયશ્ચિત્ત (તોબા), ત્યાગ, સાદાઈ, ગરીબી, ઈશ્વરમાં શ્રદ્ધા વગેરે સદ્ગુણોનો સૂફી સંતોએ રહસ્યવાદી સ્રોતમાં અમલ કર્યો. મક્કા, મદીના, બસરા, કુફી વગેરે શહેરો સૂફીવાદનાં શરૂઆતનાં કેન્દ્રો હતાં. શરૂઆતમાં સૂફીઓ એકાંત દ્વારા ઈશ્વરસાધનામાં માનતા હતા અને લોકો સાથે ખાસ સંપર્ક રાખતા નહિ. બસરાની રબિયા નામે સૂફી સ્ત્રી (મૃત્યુ 801) સૌથી પ્રથમ સૂફી સંત મનાય છે.

ઉપરોક્ત શહેરો ઉપરાંત ઇજિપ્ત, સિરિયા, બગદાદ, ખુરાસાન, ટ્રાન્સ ઓક્સિયાના, ઈરાન વગેરેમાં પણ સૂફીવાદનો ફેલાવો થયો. ઈરાનમાં ફેલાયેલ સૂફીવાદ એ રૂઢિવાદનો વધારે વિરોધી હતો. ખુરાસાનના બૈઝીદ બ્રિસ્તામી (મૃત્યુ 874) ઈરાન વિસ્તારના સૌથી વિખ્યાત સૂફી હતા. તેમણે ઈશ્વર સાથેના એકાકારમાં રહસ્યવાદને નવું સ્વરૂપ આપ્યું અને તે સૂફીવાદમાં સ્વાર્પણની ભાવના પ્રેરનાર પ્રથમ સૂફી હતા.

અબ્બાસીદ ખલીફાની રાજધાની બગદાદમાં અલમજીનયાદ (મૃત્યુ 910) સૌથી જાણીતા સૂફી હતા. તેમણે ઇસ્લામના રૂઢિવાદ અને સૂફીવાદ વચ્ચે સમાધાન સાધવાનો પ્રયત્ન કર્યો. આમ બ્રિસ્તામી અને જીનયાદના ઉપદેશો પરસ્પર વિરોધી હતા જે પછીથી જીનીયાદી અને બ્રિસ્તામી સૂફી વિભાગોમાં પ્રચલિત થયા.

મનસૂર-અલ-હલ્લાજ (મૃત્યુ 922) બગદાદના અગ્રેસર સૂફી હતા, જે બ્રિસ્તામીના અનુયાયી હતા. તેમણે 'હું જ ઈશ્વર છું' એવો રહસ્યવાદી સિદ્ધાંત પ્રથમ ઈરાનમાં અને ત્યાર બાદ ભારતમાં પ્રચલિત કર્યો. ઉલેમાઓએ તેમને નાસ્તિક ગણીને જેલમાં પૂર્યા અને પછીથી તેમને ફાંસી આપવામાં આવી. આમ તે પ્રથમ શહીદ સૂફી સંત કહી શકાય. તેમણે વ્યકત કરેલો સૂફીવાદનો સિદ્ધાંત તેમના મૃત્યુ પછી ઇન્સાન-ઈ-કામીલ (સંપૂર્ણ માનવ) તરીકે પ્રચલિત થયો.

ઉપરોક્ત સૂફીઓ બહુધા જુદા જુદા સ્થળોએ ફરીને પોતાની માન્યતાઓનો પ્રચાર કરતા. તેઓના સિલસિલાહ રચાયા ન હતા. પરંતુ તેઓ ખનકાહ સાથે સંકળાયેલા હતા. સ્ત્રી સૂફી સંતોની ધર્મશાળાઓ અલગ હતી.

## 30.2.2 સંગઠિત સૂફી આંદોલનનો વિકાસ (10મીથી 12મી સદી સુધી)

મધ્ય એશિયા અને ઈરાનના જુદા જુદા પ્રદેશોમાં 10 અને 11મી સદીમાં ગઝની તથા તુર્ક સુલતાનોના સ્થપાયેલા સભ્યો પછી સૂફી ચળવળોએ વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કર્યું. તેમાં (1) ખનકાહ એટલે કે સૂફી સંતોના કાયમી આવાસો અને (2) મદ્રેસાઓ એટલે કે ધાર્મિક શાળાઓ જેવી સંસ્થાઓની સ્થાપના નોંધપાત્ર છે.

આમ આ સમય દરમિયાન ખનકાહ એ સૂફી ઉપદેશની મુખ્ય સંસ્થા બની, જ્યાં સૂફી સંતો પોતાના શિષ્યોને સૂફીવાદનું શિક્ષણ આપતા. ઉલેમાઓ આવા ખનકાહ તથા તેમાંની સામ જેવી પદ્ધતિના વિરોધી હતા. જોકે અબુ-હમીદ-અલ-ગઝલી(1058 થી 1111)એ ઉલેમાઓ સાથે સમાધાન સાધવા પ્રયત્ન કર્યો. તેણે ઇસ્લામના સિદ્ધાંતો અને ઇસ્લામની કેટલીક પ્રણાલિકાઓનો સ્વીકાર કર્યો. આમ છતાં ગઝલી પણ રૂઢિવાદી પ્રણાલિકામાં માનતા ન હતા.

આ સમયગાળામાં સૂફીઓએ લખેલાં કેટલાંક પુસ્તકો પ્રચલિત થયાં, જેમાં સૂફીવાદી સિદ્ધાંતો અને તેની પદ્ધતિઓનું વિવરણ કરવામાં આવ્યું. આમાં અલ-ગઝલીએ લખેલાં પુસ્તકો વધારે પ્રચલિત થયાં હતાં. અલ-હઝવીરી(મૃત્યુ 1088)એ લખેલ પુસ્તક કસફુલ મહજુબ ખૂબ જાણીતું હતું. આ દરમિયાન ફારસી, અરેબિક વગેરેમાં લખાયેલું સૂફી સાહિત્ય પણ નોંધપાત્ર કહી શકાય. ફારસી ભાષામાં લખાયેલ સૂફી કાવ્યો(મસ્નવીસા)નો 12મી-13મી સદીમાં સારો એવો પ્રચાર થયો.

## 30.2.3 સૂફી સિલસિલાહ (12મી-13મી સદી સુધી)

(1) 13મી સદીના પ્રારંભમાં ભારતમાં સૂફી સિલસિલાહનું નિર્માણ થયું તે પહેલાં મુસ્લિમ દેશોમાં તરીકા તરીકે જાણીતાં થયેલાં સૂફી સંગઠનો અસ્તિત્વમાં હતાં. દરેક તરીકા એટલે કે સિલ-સિલાહની પોતાની પદ્ધતિ હતી, જેમાં ગુરુ-શિષ્ય પરંપરા પ્રમાણે સૂફીવાદનો ઉપદેશ ચાલુ રખાતો.

(2) દરેક ખનકાહમાં પોતપોતાના નિયમો હતા, જે તેના અધ્યાત્મવાદી ગુરુ (મુર્સીદ) મારફત પાળવામાં આવતા. મુખ્ય અધ્યાત્મવાદી ગુરુ વાલી એટલે કે ઈશ્વરનો પ્રતિનિધિ ગણાતો અને તે તેના શિષ્યોને (મુરીદ) સૂફીવાદના સિદ્ધાંતો અને નીતિરીતિઓ સમજાવતો.

(3) જુદાજુદા સિલસિલાહના સ્થાપકો ઇસ્લામના સિદ્ધાંતમાં માનતા હતા. કુરાનની નીતિરીતિઓમાં પણ તેઓ શ્રદ્ધા રાખતા હતા. પરંતુ પછીથી ઇસ્લામમાં આવેલાં કેટલાંક ક્રિયાકાંડો અને પ્રણાલિકાઓના તેઓ વિરોધી હતા. એટલે ઉલેમાઓ તેમને નાસ્તિક ગણતા.

(4) સૂફીવાદના સિલસિલાહમાં મુઈનુદ્દીન ચિશ્તી(મૃત્યુ 1236)એ સ્થાપેલ ચિશ્તી સિલસિલાહ, શેખ શહાબુદ્દીન સુહરાવર્દી(મૃત્યુ 1234)એ સ્થાપેલ સુહરાવર્દી સિલસિલાહ, અબ્દુલ કાદીરે (મૃત્યુ 1166) સ્થાપેલ કાદરી સિલસિલાહ અને નક્ષબંદી(મૃત્યુ 1398)એ સ્થાપેલ નક્ષબંદી સિલસિલાહ વિશેષ જાણીતા હતા. આ સિલસિલાહ પછીથી સ્વતંત્ર-સંગઠનો તરીકે ભારતમાં વિકાસ પામ્યાં.

**'તમારી પ્રગતિ ચકાસો' — ક**

1. સૂફી સિલસિલાહનો અર્થ ટૂંકમાં સમજાવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. પીર, વાલી, મુર્સીદ અને મુરીદ વિષે એક-એક વાક્ય લખો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. નીચેના પ્રત્યેક વિશે ત્રણ ત્રણ વાક્યો લખો :

(1) મન્સુર અલ-હલ્લાજ

______________________________

______________________________

______________________________

(2) ખનકાહ

______________________________

______________________________

______________________________

(3) અલ-ગઝલી

______________________________

______________________________

______________________________

(4) તરીકા

______________________________

______________________________

______________________________

## 30.3 ભારતમાં સૂફીવાદનો વિકાસ

અલ-હઝ-વીરી (મૃત્યુ 1088) ભારતમાં વસનાર સૌથી પહેલા સૂફી સંત હતા. તેણે સૂફીવાદ ઉપર કસ્ફ-ઉલ-મહઝુબ નામે વિખ્યાત પુસ્તક લખ્યું હતું. દિલ્હી સલ્તનતની સ્થાપના પછી ભારતમાં સૂફીવાદનો પ્રચાર થયો. 13મી અને 14મી સદીમાં ભારતના જુદાજુદા પ્રદેશોમાં સૂફીઓને ખનકાહ (સૂફી સંતોની વસવાટોની ધર્મશાળાઓ) સ્થપાઈ અને સૂફીવાદના જુદાજુદા સિલસિલાહ અસ્તિત્વમાં આવ્યા. 14મી સદીના મધ્ય ભાગમાં સારાયે ભારતમાં સૂફીવાદનો પ્રચાર થયો. એક વિદેશી મુસાફરના જણાવ્યા પ્રમાણે ઉત્તર ભારતમાં સૂફીઓના 2000 જેટલા ખનકાહ સ્થપાયા હતા અને તેમાં સૂફી સંતો સૂફીવાદ અને પોતપોતાનાં મંતવ્યોનો પ્રચાર કરતા હતા.

શરૂઆતમાં ભારતના સૂફીવાદ ઉપર ઇસ્લામિક સૂફીવાદની અસર હતી. પરંતુ પછીથી સૂફીવાદ ઉપર ભારતનાં ભક્તિ આંદોલન, યોગનાથ પંથ વગેરેની અસર થઈ અને તે રીતે સૂફીવાદ ભારતમાં પોતાનાં વિશિષ્ટ લક્ષણો વિકસાવી શક્યો.

## 30.4 સલ્તનત સમય દરમિયાન ભારતમાં સૂફી સિલસિલાહ

સલ્તનત સમય દરમિયાન ભારતમાં વિવિધ સૂફી સિલસિલાહ અસ્તિત્વમાં આવ્યા. તેમાં ચિશ્તી સિલસિલાહ તથા સુહરાવર્દી સિલસિલાહ વિશેષ મહત્ત્વના હતા તથા ભારતના વિવિધ ભાગોમાં તેમનું પ્રસરણ પણ વિશેષ હતું. આ બંને સિલસિલાહ ઉપરાંત ભારતમાં ફિરદોસી, કાદરી, સંતારી વગેરે સિલસિલાહો પણ અસ્તિત્વમાં આવ્યા હતા.

### 30.4.1 ચિશ્તી સિલસિલાહ

ભારતમાં ચિશ્તી સિલસિલાહનો વિકાસ બે તબક્કામાં થયો : (1) 13મી-14મી સદી દરમિયાનનો વિકાસ, (2) 15-16મી સદી દરમિયાનનો વિકાસ.

**પ્રથમ તબક્કો :** ચિશ્તી સિલસિલાહનો પ્રથમ ઉદય હેરાતમાં થયો જે ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી(મૃત્યુ 1236)એ ભારતમાં દાખલ કર્યો. મુઈનુદ્દીન ચિશ્તીનો જન્મ 1141માં સિઝીસ્તાનમાં થયો હતો. તે 13મી સદીની શરૂઆતમાં (1206) અજમેરમાં સ્થાયી થયા. તેમની સેવાભાવના અને ભેદભાવરહિતતાને લીધે

તે મુસ્લિમો તથા હિંદુ માં ખૂબ લોકપ્રિય થયા. તેમણે ફરજિયાત ધર્માન્તર કરેલ નથી. તેમણે ગરીબોની ભારે સેવા કરી. એટલે લોકો તેમને ગરીબનવાઝ તરીકે ઓળખતા. અજમેરમાં આવેલી તેમની કબર યાત્રાના ધામ તરીકે વિખ્યાત છે. અકબર અને અન્ય મુસ્લિમ શાસકોએ પણ તેની યાત્રા કરી હતી. દિલ્હીમાં તેમના અનુયાયી તરીકે ખ્વાજા કુતુબુદ્દીન બખત્યાર હાકી (મૃત્યુ 1235) તથા શેખ હમીદુદ્દીન નાગોરી (મૃત્યુ 1274) પણ વિખ્યાત સૂફી સંત હતા. હમીદુદ્દીન નાગોરી ગરીબી જીવન જીવતા હતા અને શુદ્ધ શાકાહારી હતા. તેમણે ઘણા ઈરાની સૂફી કાવ્યોનું સ્થાનિક ભાષામાં ભાષાંતર કર્યું હતું.

બાબા ફરીદે (1175થી 1265) પણ પંજાબમાં ચિશ્તી સિલસિલાહનો પ્રચાર કર્યો. તેમણે ત્યાં ખનકાહ સ્થાપી. શાસકો કે ધનિકો સાથે તેમણે કોઈ સંબંધ રાખ્યો નહીં અને ગરીબોની સેવા કરી. તેમની ખનકાહની નાથપંથી યોગીઓ મુલાકાત લેતા અને સૂફીવાદની ચર્ચા કરતા. બાબા ફરીદના કેટલાક શ્લોકોને શીખોના ધર્મગ્રંથ આદિગ્રંથમાં સમાવી લેવામાં આવ્યા છે. બાબા ફરીદની કબર પણ મુસ્લિમ જગતમાં એક યાત્રાનું મહત્ત્વનું કેન્દ્ર ગણાય છે.

બાબા ફરીદના વિખ્યાત શિષ્ય શેખ નિઝામુદ્દીન ઓલિયા (1236થી 1325) દિલ્હી પ્રદેશના સૌથી વિખ્યાત ચિશ્તી સૂફી સંત હતા. તેમના સમકાલીન ઇતિહાસકારો અમીર ખુસરો તથા ઝિયાઉદીન બર્ની એક મહાન સંત તરીકે તેમની પ્રશંસા કરે છે. તેમણે લખેલું એક પુસ્તક આજે પણ સૂફીવાદના સિદ્ધાંતોને સ્પષ્ટ કરતું આધારભૂત પુસ્તક ગણાય છે.

શેખ નિઝામુદ્દીન ઓલિયા દિલ્હીના સાત સુલતાનોના સાક્ષી હતા. પરંતુ તે તેઓને કદી મળ્યા ન હતા. તેમણે ખનકાહમાં સ્થાપેલ લંગર (મફત ભોજનાલય) હિન્દુ અને મુસ્લિમ બંનેને માટે ખુલ્લું હતું. નાથપંથની યોગસાધના પણ તેમણે સાધી હતી. અમીર ખુસરો શેખ નિઝામુદ્દીન ઓલિયાના મુખ્ય શિષ્યોમાંનો એક હતો. શેખ નિઝામુદ્દીન ઓલિયાના એક શિષ્ય શેખ બદરુદ્દીન ઘારીબ(મૃત્યુ 1340)ને સુલતાન મુહમ્મદ તઘલખે દખ્ખણમાં વસવાની ફરજ પાડી હતી. શેખ બદરુદ્દીને દોલતાબાદને મુખ્ય કેન્દ્ર બનાવી સૂફીવાદનો પ્રચાર કર્યો.

શેખ નિઝામુદ્દીન ઓલિયાના બીજા શિષ્ય શેખ નસરુદ્દીન મહમુદ (મૃત્યુ 1356) દિલ્હીમાં ચિરાગે દિલ્હી તરીકે જાણીતા હતા. ચિરાગે-દિલ્હીએ દિલ્હી અને તેની આસપાસના પ્રદેશોમાં સૂફીવાદનો સારો એવો વિકાસ કર્યો.

દિલ્હીમાં તઘલખ વંશના પતન બાદ સૈયદ અને લોદીવંશ દરમિયાન સૂફીવાદનો પ્રચાર મંદ થયો, કારણ કે ત્યાર પછી કોઈ શક્તિશાળી સૂફી સંત દિલ્હીમાં થયો નહિ અને દિલ્હીના સુલતાનો તરફથી તેમને ઉત્તેજન મળ્યું નહિ. આથી સૂફી સંતો અન્ય પ્રદેશોમાં ગયા.

**ચિશ્તી સિલસિલાહનો બીજો તબક્કો :** શેખ બદરુદ્દીન ઘારીબે ચિશ્તી સિલસિલાહનો દખ્ખણ પ્રવેશ કરાવ્યો. ત્યારથી ઉત્તરને બદલે દખ્ખણ એ ચિશ્તી સૂફીઓનું મુખ્ય કેન્દ્ર બન્યું. બહમની રાજ્યનું ગુલબર્ગ શહેર સૂફીવાદનું મુખ્ય કેન્દ્ર હતું. ઉત્તર અને દખ્ખણના સૂફી સંતોમાં એ ફરક હતો કે ઉત્તરના સૂફી સંતોએ રાજ્યાશ્રય સ્વીકાર્યો ન હતો જ્યારે દખ્ખણના સૂફી સંતોએ રાજ્યાશ્રય સ્વીકાર્યો. બહમની સુલતાન ફિરોજશાહે મુહમ્મદ બંદા નવાઝ ગેસુદરજ (1321-1422) જેવા જાણીતા સૂફી ચિશ્તી સંતને રાજ્યાશ્રય આપ્યો.

ગેસુદરજે ઇસ્લામની બાહ્ય વિધિઓનો ઇન્કાર કર્યો. આથી તેમને ઉલેમાઓ સાથે સંઘર્ષ થયો. પણ તેમણે તેની દરકાર કરી નહિ. તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. ગુલબર્ગમાંની તેમની દરગાહ યાત્રાનું મોટું ધામ ગણાય છે. ગેસુદરજ પછીના ચિશ્તી સૂફીઓ નિર્બળ હતા એટલે દખ્ખણમાં ચિશ્તી સિલસિલાહનું ધીરે ધીરે અવમૂલ્યન થયું. પરંતુ બીજાપુરના આદિલશાહી સુલતાનોએ ચિશ્તી સિલસિલાહને રાજ્યાશ્રય આપતાં બીજાપુરમાં ફરીથી તેનો ઉદય થયો. બીજાપુરના સૂફી સંતોએ રાજ્યાશ્રય સ્વીકાર્યો નહિ અને સામાન્ય લોકોની સેવા કરી. તેનું દખ્ખણનું શાહપુર હિલોક કેન્દ્ર સેવાના મોટા કેન્દ્ર તરીકે જાણીતું થયું.

મોગલયુગની શરૂઆતથી ઉત્તરમાં પણ ચિશ્તી સિલસિલાહ ફરી લોકપ્રિય બન્યો અને શાર્કી સુલતાનોની રાજધાની જોનપુર તેનું મુખ્ય કેન્દ્ર બન્યું. ત્યાર બાદ લખનૌ, સરહાનપુર પણ ચિશ્તી સિલસિલાહનાં મહત્ત્વનાં મથકો બન્યાં. તેમાં શેખ-અબ્દુલ-કુદસ વિખ્યાત સૂફી હતા. તેમણે પણ સૂફીવાદ પર ઘણાં પુસ્તકો લખ્યાં. અન્ય સૂફી સંતોએ સંસ્કૃત ગ્રંથોનાં ફારસીમાં ભાષાંતર કર્યાં.

## 30.4.2 સુહરાવર્દી સિલસિલાહ

ચિશ્તી સિલસિલાહ પછીનો બીજો લોકપ્રિય સિલસિલાહ સુહરાવર્દી સિલસિલાહ હતો. ભારતમાં શેખ બદાઉદ્દીન ઝકરિયા(1182-1262)એ તેની સ્થાપના કરી. તેના મૂળ સ્થાપક બગદાદના શેખ શહાબુદ્દીન સુહરાવર્દી હતા. ભારતમાં શેખ બદાઉદ્દીને તેનો પ્રચાર કર્યો. સુલતાન ઇલ્તુત્મિશે તેને રાજ્યાશ્રય આપ્યો.

સુહરાવર્દી સિલસિલાહના સૂફી સંતો રાજ્યાશ્રયમાં માનતા. તેમના ખનકાહમાં અમીરો અને ધનિકો વિશેષ આવતા, જ્યારે ગરીબોને ભાગ્યે જ સ્થાન મળતું. ચિશ્તી સંતો ગરીબો તરફ ઢળેલા હતા, ગરીબી જીવન ગાળતા હતા, રાજાઓ અને અમીરોથી વિમુખ હતા અને સામાન્ય લોકોની સેવા કરતા તેમ જ તદ્દન સાધુજીવન જીવતા હતા. જ્યારે સુહરાવર્દી સૂફીઓ વૈભવશાળી ખનકાહોમાં રહેતા, મિલકત એકઠી કરતા, વૈભવશાળી જીવન જીવતા અને ગરીબોથી અંતર રાખતા. આમ છતાં તેઓ પણ લંગર (મફત ભોજનાલય) ચલાવતા અને સૂફીવાદનો પ્રચાર કરતા.

સલ્તનત યુગમાં પંજાબ, સિંધ અને બંગાળ સુહરાવર્દી સિલસિલાહનાં મુખ્ય કેન્દ્ર હતાં. તેઓ હિન્દુઓને ધર્માન્તર કરવાનું સમજાવતા, જ્યારે ચિશ્તી સૂફીઓ કદી આવું કરતા નહિ.

## 30.4.3 અન્ય સૂફી સિલસિલાહ

અન્ય સૂફી સિલસિલાહમાં ફિરદોસી, કાદરી અને સતારી મુખ્ય હતા, જે સલ્તનત સમયમાં ભારતમાં પ્રવેશ પામ્યા. ફિરદોસી સિલસિલાહ સુહરાવર્દીના ભાગરૂપ સિલસિલાહ ગણાય. તેના આગેવાન સૂફી શેખ સરફુદીન (મૃત્યુ 1380) હતા.

કાદરી સિલસિલાહ બગદાદમાં અબ્દુલ કાદીરે સ્થાપેલ (મૃત્યુ 1166). ભારતમાં તેનો પ્રવેશ 14મી સદીમાં થયો અને પંજાબ, સિંધ તથા દખ્ખણમાં તેનો થોડો ફેલાવો થયેલ. કાદરી અને સૂફીઓ, સુહરાવર્દીઓની માફક રાજ્યાશ્રય સ્વીકારતા અને શહેરી જીવન જીવતા.

શેખ અબ્દુલ સતારીએ 15મી સદીમાં ભારતમાં સતારી સિલસિલાહ દાખલ કર્યો. તેનો પ્રચાર બંગાળ, જોનપુર અને દખ્ખણમાં થયો. આ સૂફીઓ પણ સુહરાવર્દી અને કાદરી સૂફીઓની જેમ રાજ્યાશ્રય સ્વીકારતા. ઉપરોક્ત સિલસિલાહો પણ નાથપંથી યોગીઓથી પ્રભાવિત થયેલા હતા.

કાશ્મીરમાં 15મી સદીની શરૂઆતમાં શેખ નુરુદીન વાલી નામના સૂફી સંતે (મૃત્યુ 1430) ઋષિ સિલસિલાહની સ્થાપના કરી. કાશ્મીરમાં સાદાઈના પ્રતીક તરીકે આ સિલસિલાહ લોકપ્રિય થયો. કાશ્મીરમાં પ્રચલિત શિવભક્તિથી આ સિલસિલાહ પ્રભાવિત થયેલ હતો. એટલે હિંદુઓ પણ આ સિલસિલાહ પ્રત્યે આદર રાખતા.

**‘તમારી પ્રગતિ ચકાસો’ – ખ**

1. ચિશ્તી સિલસિલાહની લાક્ષણિકતા જણાવો.

2. સુહરાવર્દી સિલસિલાહ ચિશ્તી સિલસિલાહથી કઈ રીતે જુદો પડતો હતો. (પાંચ વાક્યો લખો.)

3. ફિરદોસી, કાદરી અને સતારી સિલસિલાહ વિશે બબ્બે વાક્યો લખો.

4. નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્યો લખો :

(1) મુઈનુદીન ચિશ્તી

______________________________

______________________________

______________________________

______________________________

(2) બાબા ફરીદ

______________________________

______________________________

______________________________

______________________________

(3) નિઝામુદીન ઓલિયા

______________________________

______________________________

______________________________

______________________________

(4) ઋષિ સિલસિલાહ

______________________________

______________________________

______________________________

______________________________

## 30.5 ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતાનાં કારણો

દરેક સૂફી સંત ઈશ્વરના સાક્ષાત્કારમાં માનતો હતો, જે આધ્યાત્મિક ગુરુ મારફત શક્ય હોવાનું પણ તેમનું મંતવ્ય હતું. આમ છતાં તે સિદ્ધ કરવા માટેના સિલસિલાહના માર્ગો અલગ અલગ હતા. તેમાં ચિશ્તી સિલસિલાહ સૌથી લોકપ્રિય હતો, જેનાં કારણો નીચે મુજબ હતાં :

(1) ચિશ્તી સિલસિલાહે ભારતમાં ખૂબ લોકપ્રિય થયેલ નાથપંથી માર્ગના ઘણાખરા સિદ્ધાંતો અને પદ્ધતિઓને અપનાવેલ. આમ ચિશ્તી સિલસિલાહનું મૂળ ભારતીય પ્રણાલિકા હતું.

(2) ચિશ્તી સૂફીઓએ રાજ્યાશ્રય સ્વીકાર્યો નહિ. તેમની પાસેથી દાન પણ લીધાં નહિ. તેઓ ઉમરાવો અને ઉપલા વર્ગોથી અલિપ્ત રહ્યા. તેઓએ સામાન્ય અને ગરીબ લોકોની સેવા કરી.

(3) તેઓએ ઉલેમાઓનાં ક્રિયાકાંડો અને વિધિનિષેધોનો ઇન્કાર કર્યો અને ઈશ્વરભક્તિની સાદી રીત અપનાવી. તેમણે ઇસ્લામના સિદ્ધાંતોનો સ્થાનિક ભાષામાં પ્રચાર કર્યો. તેથી તેમના ઉપદેશો સામાન્ય લોકોમાં વિશેષ પ્રચલિત થયા.

(4) ચિશ્તી ખનકાહ સાદાઈના પ્રતીક હતા. તેમાં ગરીબો અને નીચલા થરના લોકોને ખાસ સ્થાન અપાતું. ચિશ્તી સંતો નાતજાતના ભેદભાવ વગર લોકોની સેવા કરતા. આથી મધ્યમ વર્ગની સાથે કારીગરો, ખેડૂતો અને મજૂરો પણ તેમના અનુયાયીઓ બન્યા જેથી ચિશ્તી સિલસિલાહ લોકપ્રિય બન્યો.

(5) ચિશ્તી સૂફી સંતોએ ધર્માન્તર કર્યાં નહિ. તેઓ ધાર્મિક સહિષ્ણુતા દાખવતા. આથી હિંદુઓ સહિત બિનમુસ્લિમો પણ તેમના અનુયાયીઓ બન્યા. વળી મોટા ભાગના ચિશ્તી સૂફીઓએ હિંદી ભાષા મારફત ઉપદેશ આપ્યો તેથી પણ તેઓ લોકપ્રિય બન્યા.

## 30.6 સૂફીનું સામાજિક પ્રદાન

સૂફી સંતોએ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું. તેઓએ તે સમયના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરિવર્તનોમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

### 30.6.1 સૂફી સંતો અને રાજ્ય

ચિશ્તી સૂફી સિવાયના સૂફીઓએ રાજ્યો સાથે સંબંધો બાંધ્યા હતા. સુલતાનો તરફથી દાન અને રાજ્યાશ્રય સ્વીકાર્યાં હતાં. વળી, ચિશ્તી સૂફીઓ સિવાયના સૂફીઓએ રાજ્યની ઊથલપાથલોમાં પણ ભાગ ભજવ્યો હતો. તેની સાથે રાજ્ય બધા પ્રજાજનો સાથે યોગ્ય વર્તાવ રાખે તેવું વલણ પણ સૂફી સંતોએ અપનાવ્યું હતું. ચિશ્તી સહિતના બધા સૂફીઓએ રાજ્યને કદીયે પડકાર ફેંક્યો ન હતો. આમ છતાં તેઓએ રાજ્યને અને તેના અધિકારીઓને ખેડૂતો અને નીચલા થરના લોકો પ્રત્યે ઉદારતા દાખવવાનો અનુરોધ કર્યો હતો. વળી, પોતાના અનુયાયીઓને પણ રાજ્ય સામે કોઈ પ્રવૃત્તિઓ ન કરવા ઉપદેશ આપ્યો હતો. આમ સૂફીઓ અને રાજ્યો વચ્ચેના સંબંધો એકંદરે સમતોલ હતા.

### 30.6.2 સૂફી સંતો અને ઉલેમાઓ

સૂફીઓ અને ઉલેમાઓના સંબંધો એકંદરે સારા ન હતા, કારણ કે સૂફીઓ ઇસ્લામ અને કુરાનના શુદ્ધ સિદ્ધાંતોમાં માનતા હતા, જ્યારે ઉલેમાઓ પોતાના સ્વાર્થ ખાતર ક્રિયાકાંડો અને વિધિનિષેધોમાં વધારે રચ્યાપચ્યા રહેતા હતા. આથી સૂફીઓ તેમની ટીકા કરતા હતા. ઉલેમાઓ ચિશ્તી સૂફીઓ પ્રત્યે વધારે નારાજ હતા, જ્યારે અન્ય સૂફીઓના તેઓ એટલો વિરોધી ન હતા. ઉલેમાઓએ ચિશ્તી સૂફીવાદનું ખંડન કર્યું, જ્યારે બીજા સૂફી સિલસિલાહો પ્રત્યે તેઓએ સ્પષ્ટ વિરોધ વ્યક્ત ન કર્યો. આમ છતાં ઉલેમાઓના ક્રિયાકાંડો સૂફીવાદના ઇસ્લામના સિદ્ધાંત સાથે બંધબેસતાં ન હોવાથી સૂફીઓ અને ઉલેમાઓ વચ્ચે કોઈ મનમેળ ન હતો.

### 30.6.3 સૂફી સંતો અને ધર્માન્તરની પ્રવૃત્તિઓ

સામાન્ય રીતે સૂફીઓ ભારતમાં ઇસ્લામનો પ્રચાર કરનાર હતા તેવી છાપ ભારતના બિનમુસ્લિમોમાં સૂફીઓ વિષે હતી. વળી, સૂફી સંતો વિશેની કેટલીક લોકવાયકાઓએ પણ બિનમુસ્લિમોના આ મંતવ્યને સમર્થન આપ્યું. અલબત્ત, ચિશ્તી સૂફી સિવાયના અન્ય સૂફી સિલસિલાહોએ પરોક્ષ રીતે ધર્માન્તરને ઉત્તેજન આપ્યું જ્યારે અમુક સુહરાવર્દી સૂફીઓએ, ખાસ કરીને કાશ્મીરના મીરસૈયદ અલી હમદાનીએ, ખુલ્લી રીતે ધર્માન્તરની પ્રવૃત્તિઓ કરી. પરંતુ તેમાં તેમને ઝાઝી સફળતા મળી નહિ.

એકંદરે સૂફીઓનું મુખ્ય ધ્યેય ધર્માન્તરની પ્રવૃત્તિનું હતું જ નહિ. તેમનું ધ્યેય તો ભારતમાં ઇસ્લામના શુદ્ધ સ્વરૂપને રજૂ કરવાનું હતું જે પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એકેશ્વરવાદ સાથે ખૂબ મળતું હતું. વળી આ સૂફીઓ અધ્યાત્મવાદી હતા, પ્રચારકો ન હતા. નિઝામુદીન ઓલિયા જેવા સૂફી સંત એમ માનતા હતા કે દરેકને પોતાની રીતે પોતાનો ધર્મ પાળવાનો અધિકાર હતો. આમ છતાં નીચલા થરના કેટલાક હિન્દુઓ પણ દરગાહની પૂજા કરવામાં માનતા થયા હતા.

### 30.6.4 સૂફી ખનકાહમાંનું જીવન

ભારતમાંના સૂફી ખનકાહ મુખ્યત્વે બે પ્રકારના હતા : (1) ચિશ્તી ખનકાહ, (2) સુહરાવર્દી અને અન્ય ખનકાહ. ચિશ્તી ખનકાહ બધી જ કોમના બધા લોકો માટે ખુલ્લા હતા, જેમાં હિંદુ યતિઓથી માંડીને સામાન્યમાં સામાન્ય ખેડૂતો અને મજૂરો પણ આવતા અને તેઓને લંગર(મફત ભોજનાલય)ની સગવડ મળતી. વળી, આ ચિશ્તી ખનકાહ પડતર જમીનની ખેતી પણ કરતા. તેઓ બગીચાઓ, જાહેર મકાનો, ધાર્મિક સ્થાનો વગેરે પણ બંધાવતા. આથી આ ખનકાહ શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં અને નીચલા થરના લોકોમાં વધારે લોકપ્રિય થયા. ચિશ્તી અને અન્ય ખનકાહ પોતાના ધાર્મિક ગુરુ-(પીર)ની મૃત્યુતિથિએ મોટા મેળા (ઉર્સ) ભરતા, જેમાં વિવિધ પ્રદેશોમાંથી લોકો આવતા અને સાંસ્કૃતિક સંપર્ક સધાતો. વળી આવા ખનકાહથી વેપાર, વાણિજ્ય અને પ્રવાસને ઉત્તેજન મળતું.

સુહરાવર્દી અને અન્ય ખનકાહમાં વિશેષ કરીને ઉમરાવ અને ઉપલા વર્ગના લોકો આવતા. આ ખનકાહ આ લોકોમાં ઇસ્લામ પ્રત્યેની શ્રદ્ધા પ્રેરતા એટલે આ ખનકાહોમાં વૈભવશાળી જીવન હોવા છતાંયે ઇસ્લામના સિદ્ધાંતોનો ઉમરાવો અને ઉપલા વર્ગોમાં પ્રચાર થતો. આવા ખનકાહોમાં પણ વેપારીઓ અને મુસાફરોને આશ્રય મળતો, જેથી તેમની મારફત પણ વેપાર-વાણિજ્યને ઉત્તેજન મળતું. આમ ચિશ્તી ખનકાહોએ નીચલા થરના લોકોની નીતિમત્તા અને ધાર્મિક ભાવના સુધારવાના પ્રયત્નો કર્યા જ્યારે અન્ય ખનકાહોએ ઉપલા વર્ગની નીતિમત્તા અને ધાર્મિક ભાવના સુધારવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો.

## 30.7 ભારતીય સૂફીવાદ પર ઈસ્લામી દેશોના સમકાલીન રહસ્યવાદી વિચારોની અસર

જોકે ભારતના સૂફી સિલસિલાહો પ્રાચીન ભારતની ધાર્મિક પરંપરાઓ અને નાથપંથી સિદ્ધાંતો અને રહસ્યોથી પ્રભાવિત થયા તોપણ મુસ્લિમ દેશોના અગાઉ થઈ ગયેલા અલ ગઝલી જેવા સૂફી સંતોની પણ તેમના ઉપર નોંધપાત્ર અસર હતી. ખાસ કરીને ઈરાની સૂફી સંત જલાલુદીન રૂમી(મૃત્યુ 1273)ની સલ્તનત સમયના ભારતીય સૂફીઓ પર નોંધપાત્ર અસર હતી. વળી સ્પેનના મહાન સૂફી ઈબ્ન અરબી-(મૃત્યુ 1240)ના સૂફી સિદ્ધાંતોનો પણ ભારતીય સૂફીઓ પર સારો એવો પ્રભાવ પડ્યો હતો. આ સિદ્ધાંત વહદત-આર-વુઝુદ એટલે કે વિશ્વના અદ્ભુત સિદ્ધાંત તરીકે જાણીતો થયો હતો. આમ છતાં, ભારતમાં ઊપસેલો સૂફીવાદ ભારતીય સંજોગોથી પ્રભાવિત હતો તે નોંધવું ઘટે.

## 30.8 સૂફી અને ભક્તિ આંદોલન તથા સાંસ્કૃતિક સમન્વય

ભારતમાંના એકેશ્વરવાદી સૂફી સંતો તથા ભારતમાંના એકેશ્વરવાદી નિર્ગુણ ભક્તિ સંતોના સિદ્ધાંતો અને પદ્ધતિઓ વચ્ચે ઘણું બધું સામ્ય હતું. બંને એકેશ્વરવાદ, આધ્યાત્મિક ગુરુ, ઈશ્વર સાથેનું મિલન વગેરે બાબતમાં સમાન વિચારો ધરાવતા હતા. બંને ઇસ્લામ ધર્મના તથા હિન્દુ ધર્મના ક્રિયાકાંડોનો વિરોધ કરતા હતા. કાશ્મીરમાંનો ઋષિ સિલસિલાહ શિવભક્તિથી ભારે પ્રભાવિત થયો હતો. વળી, કાશ્મીરની સંત લાલદેદ નામે સ્ત્રીસંતથી પણ કાશ્મીરનો સૂફીવાદ પ્રભાવિત થયો હતો.

ચિશ્તી સૂફીઓ અને નાથપંથી યોગીના વિચારો વચ્ચે ઘણી બધી સમાનતા હતી. ઉત્તર ભારતમાં સૂફીવાદના આગમન પહેલાં નાથપંથ વધારે પ્રચલિત હતો. નાથપંથી યોગીઓ ચિશ્તી ખનકાહની અવારનવાર મુલાકાત લેતા અને ચિશ્તી સૂફીઓ અને નાથપંથી યોગીઓ વચ્ચે રહસ્યવાદ અને આધ્યાત્મિકતા વિશે અવારનવાર ચર્ચાઓ થતી. એટલે ચિશ્તી સૂફીઓ નાથપંથી યોગીઓથી વધારે પ્રભાવિત થયા હતા. વળી, સંસ્કૃતમાં લખાયેલ યોગપંથના વિખ્યાત પુસ્તક 'અમૃતકુંડ'નું ફારસી ભાષામાં થયેલ ભાષાંતર યોગપંથની ચિશ્તી સૂફીવાદ પર થયેલ અસરનું પ્રતીક ગણાય છે.

ચિશ્તીઓ અને નાથપંથીઓ નાતજાત, વર્ગ વગેરેના ભેદભાવમાં માનતા નહિ. એ રીતે બંને ચળવળો લોકપ્રિય થઈ હતી. ઘણાખરા ચિશ્તીઓએ હિંદી ભાષામાં ઉપદેશ આપ્યો તે પણ ભારતીયતાનું પ્રતીક ગણાય. કેટલાક સૂફીઓએ હિંદીમાં શ્લોકો રચ્યા. આ રીતે ચિશ્તીઓ ઉપર યોગ અને નાથપંથની નોંધપાત્ર અસર હતી. કવ્વાલી જેવી કાવ્યરચનાઓ પણ સૂફીવાદ ઉપર ભક્તિ આંદોલનની અસર હોવાનું સૂચવે છે જે બે લીટીના દોહરા જેવી કાવ્યપદ્ધતિ હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' – ગ**

1. ભારતમાં ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતાનાં કારણો કયાં કયાં હતાં ? (પાંચ લીટીમાં જવાબ આપો.)

2. સૂફીનું સામાજિક પ્રદાન ટૂંકમાં વર્ણવો.

3. ખનકાહ એટલે શું ? તેમાંના જીવન અને કાર્યપદ્ધતિનું ટૂંકમાં વિવરણ કરો.

4. સૂફી અને ભક્તિ આંદોલન પરસ્પર કઈ રીતે પ્રભાવિત થયાં હતાં તે ટૂંકમાં આલેખો.

5. નીચેના પ્રત્યેક વિશે બબ્બે વાક્યો લખો :

(1) જલાલુદ્દીન રૂમી

(2) વહદત-અલ-વુઝુદ

(3) કવ્વાલી

(4) નાથપંથી યોગી

## 30.9 સારાંશ

સૂફીવાદની શરૂઆત ઇસ્લામિક દેશોમાં થઈ અને દિલ્હી સલ્તનતની શરૂઆતમાં ભારતમાં સૂફી સંતોનું આગમન થયું. ભારતમાં પણ સૂફીવાદનાં મૂળ લક્ષણો સૂફી સંતોએ જાળવી રાખ્યાં. પરંતુ ભારતમાં 12મી-13મી સદી દરમિયાન કેટલાક સૂફી સિલસિલાહ અસ્તિત્વમાં આવ્યા જેમાં ચિશ્તી અને સુહરાવર્દી સિલસિલાહ સૌથી મહત્ત્વના હતા.

ચિશ્તી સૂફીઓએ સામાન્ય અને નીચલા થરના લોકો પર સારો એવો પ્રભાવ પાડ્યો, જ્યારે સુહરાવર્દી સૂફી સંતોએ ઉપલા અને અમીર વર્ગને પ્રભાવિત કર્યા. સુહરાવર્દી સૂફીઓ સિવાય અન્ય સૂફીઓએ રાજ્યાશ્રય સ્વીકારેલ નહિ. ખનકાહો સૂફીઓનાં રહેઠાણ તેમ જ ઉપદેશનાં મુખ્ય કેન્દ્રો હતાં, જ્યાં ભક્ત-સંતો પણ અવારનવાર મુલાકાતે આવતા. આમ ભારતના ભક્ત સંતો અને સૂફીઓના સમાગમથી એક સમન્વયકારી સંસ્કૃતિ ભારતમાં વિકાસ પામી, જેણે સલ્તનત સમયના સામાજિક તેમ જ સાંસ્કૃતિક જીવન ઉપર નોંધપાત્ર અસર કરી અને તેમાંથી ભાતીગળ સાહિત્ય, કલા અને સંગીતનો વિકાસ થયો.

## 30.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' – ક**

1. વિભાગ 30.0 જુઓ.
2. વિભાગ 30.1, 30.2.3 જુઓ.
3. (1) 30.2.1 જુઓ.
   (2) 30.1 જુઓ.
   (3) 30.2.2 જુઓ.
   (4) 30.2.3 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' – ખ**

1. 30.4.1 જુઓ.
2. 30.4.1 જુઓ.
3. 30.4.3 જુઓ.
4. (1) 30.4.2 જુઓ.
   (2) 30.4.1 જુઓ.
   (3) 30.4.1 જુઓ.
   (4) 30.4.3 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' – ગ**

1. 30.5 જુઓ.
2. 30.6 જુઓ.
3. 30.6.4 જુઓ.
4. 30.8 જુઓ.
5. (1) 30.7 જુઓ.
   (2) 30.7 જુઓ.
   (3) 30.8 જુઓ.
   (4) 30.8 જુઓ.

## 30.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**દરગાહ** : સૂફી સંતોની કબર

**ખનકાહ** : સૂફી સંતોના રહેઠાણ અને ઉપદેશનું સ્થળ

**સામ** : સૂફી સભાઓનું સંગીત

**સિલસિલાહ** : સૂફીવાદના જુદા જુદા પ્રકાર

**તોબા** : પશ્ચાત્તાપની રીત

**લંગર** : મફત ભોજનાલય

**અમૃતકુંડ** : યોગપંથનું પુસ્તક

# એકમ 31 દિલ્હી સલ્તનત દરમિયાન કલા અને સ્થાપત્ય (Art and Architecture of Delhi Sultanates)

**રૂપરેખા**


31.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

31.1 સ્થાપત્ય

31.1.1 બાંધકામને લગતી નવી રચનાઓ

31.1.2 નવી શૈલીનો વિકાસ

31.1.3 જાહેર બાંધકામો અને જાહેર કામો

31.2 ચિત્રકામ

31.2.1 ભીંતચિત્રો

31.2.2 હસ્તપ્રતમાંનાં લઘુચિત્રો

31.2.3 કુરાનની ચિત્રાત્મક સુલેખન પદ્ધતિ

31.3 સંગીત

31.4 સારાંશ

31.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

31.6 ચાવીરૂપ શબ્દો


## 31.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

13મી સદીના પ્રારંભે ભારતમાં સ્થપાયેલ તુર્કી સુલતાનોના શાસન તથા આ પહેલાંના હિન્દુ શાસકોના શાસનમાં ઘણો મોટો તફાવત હતો. સલ્તનત સમય (1206-1526) દરમિયાન ભારતીય તથા ઇસ્લામિક પ્રણાલિકાઓનો સુમેળ સાધતી સમન્વયકારી સંસ્કૃતિનો ઉદ્ભવ થયો. આ સમન્વયકારી સંસ્કૃતિનું સૌથી સ્પષ્ટ પ્રગટીકરણ આ યુગના કલાસ્થાપત્યને ક્ષેત્રે થયું.

આ એકમમાં ભારતના તુર્કી શાસનની સ્થાપના પૂર્વેના શાસન દરમિયાનના સ્થાપત્ય વચ્ચેના તફાવતની સમીક્ષા કરવામાં આવી છે તથા આ સમય દરમિયાન સ્થાપત્યને લગતી વિકાસ પામેલી નવી શૈલીનું પણ વિવરણ કરવામાં આવ્યું છે અને આ યુગમાં ચિત્રકાર તેમ જ સંગીતને ક્ષેત્રે થયેલી પ્રગતિનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે.

કલા અને સ્થાપત્ય એ જે તે યુગની સામાજિક તથા સાંસ્કૃતિક વિચારધારા તેમ જ પ્રણાલિકાઓનું પ્રતિબિંબ છે. એ રીતે ભારતમાં સલ્તનત યુગની સ્થાપના ખાસ મહત્ત્વ ધરાવે છે, કારણ કે તેની શરૂઆતથી ભારતમાં નવી સામાજિક-રાજકીય પદ્ધતિની સાથે ભારતીય-ઇસ્લામિક (Indo-Islamic) નામે જાણીતી થયેલી સ્થાપત્યની નવી શૈલીનો પણ ઉદ્ભવ થયો.

દિલ્હી સલ્તનત દરમિયાન સ્થાપત્યકલાને લગતું જેટલું આલેખન થયેલું છે, તેટલું આલેખન ચિત્રકલાને લગતું થયેલું નથી. 12મી સદીના અંત સુધીમાં તો મુસ્લિમ દેશોમાં સુંદર અક્ષરોવાળી હસ્તપ્રતોમાંની ચિત્રકલાનો ખૂબ વિકાસ થયો હતો. 10મી-11મી સદીમાં ગઝનવી રાજ્યમાં તો ભીંતચિત્રોની કલાએ પણ સારી એવી પ્રગતિ કરી હતી. હસ્તપ્રતોમાંની લઘુ ચિત્રકલા તથા ભીંતચિત્રોની કલાની મુસ્લિમ દેશોની આ પરંપરા 13મી-14મી સદીમાં ભારતમાં પણ વિકાસ પામી.


## 31.1 સ્થાપત્ય (Architecture)

સલ્તનત સમયના સ્થાપત્યની જાણકારી મેળવવા માટે હાલમાં અસ્તિત્વ ધરાવતી તે સમયની ઇમારતો અગત્યનાં સાધનો કહી શકાય. તેમાંથી આપણને સલ્તનત સમયની સ્થાપત્ય શૈલી પહેલાંની હિન્દુ સમયની


સ્થાપત્ય શૈલીથી કેટલી ભિન્ન છે તેની માહિતી પણ પ્રાપ્ત થાય છે. પરંતુ આમાંથી આપણને તે સમયના સ્થપતિઓ, તેમણે તૈયાર કરેલી ઇમારતોના નકશાઓ, આ ઇમારતો બાંધવામાં થયેલ ખર્ચ વગેરેને લગતી પ્રાપ્ત થતી માહિતી ઘણી અલ્પ છે. તોપણ સલ્તનત સમયની ઇમારતોના ઊંડા અભ્યાસના આધારે આધુનિક પુરાતત્ત્વવિદો અને ઇતિહાસકારોએ પોતાની કૃતિઓમાં કરેલાં વિધાનો તેમ જ દોરેલી આકૃતિઓ પરથી આ સમયની ઇમારતોના નકશા, અંદાજી ખર્ચ વગેરેને લગતી થોડીઘણી વિગતો મળે છે.

## 31.1.1 બાંધકામને લગતી નવી રચનાઓ : (New Styles of Architecture)

**(i) કમાન અને ઘુમ્મટ (Arch and Dome)** : ભારતીય પુરાતત્ત્વ ખાતાના પ્રથમ વડા એલેકઝાન્ડર કનિંગહામે સલ્તનત સમયના ઉત્તર ભારતનાં સ્થાપત્યોનું ઊંડું સર્વેક્ષણ કરીને વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે(1865-77). તેમાં જણાવ્યા પ્રમાણે આ યુગનાં મકાનોના બાંધકામમાં ચૂનો, ઈંટ કે





**આકૃતિ 1**




**આકૃતિ 2**


પથ્થરોનો ઉપયોગ અપવાદરૂપ છે. હિન્દુ સમયની છજા, પાટડા તથા શિખરવાળી ઇમારતોને સ્થાને આ યુગમાં કમાનો તથા ઘુમ્મટવાળી ઇમારતો બાંધવામાં આવી છે. આમ સલ્તનત પહેલાંના મુસ્લિમ દેશોમાં આ રીતના બંધાયેલ મકાનોનું ભારતના સુલતાનોએ અનુસરણ કરેલું છે. અલબત્ત, તેમાં કમાનોને જુદા જુદા આકાર આપવામાં આવેલા છે તથા ભારતીય શૈલીનો પણ ઉપયોગ કરાયેલો છે.




આકૃતિ 3



આકૃતિ 4




આકૃતિ 5



ચિત્ર 1

એ રીતે આ સમયની ઇમારતો એ હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયની સૂચક છે. તેમાં ચૂનો, ઈંટ તેમ જ પથ્થરના થયેલ ઉપયોગથી તેમની મજબૂતાઈ તથા ટકાઉપણું વધેલ છે, જેથી હાલમાં પણ સલ્તનત સમયની ઘણીખરી ઇમારતો યથાવત્ સ્વરૂપમાં જળવાઈ રહેલી છે. દા.ત., દિલ્હીની હાલની ઇમારતોમાં કુવતુલ મસ્જિદ (1197), કુતુબમિનાર (1200), અલાઈ દરવાજા (1305), ખિરકી મસ્જિદ (1395) વગેરે સલ્તનત સમયની જાણીતી ઇમારતો છે. આ બાંધકામો ઇસ્લામી-ભારતીય સ્થાપત્યકલાના સમન્વયનાં સૂચક છે.



ચિત્ર 2

**(ii) બાંધકામ માટેની સામગ્રી (Material for building) :** ભારતમાં સલ્તનતની સ્થાપનાની શરૂઆતનાં વર્ષોમાં બાંધકામોમાં પથ્થરનો ઉપયોગ છૂટથી થતો. ગોળ થાંભલા, તેમનાં નકશીકામવાળાં મથાળાં તથા બારીઓ પરનાં છજાં એ આ ઇમારતોનાં મુખ્ય લક્ષણો હતાં. તેમાં ભારતનાં હિન્દુ સ્થાપત્યોનું બહુધા અનુસરણ હતું. પરંતુ 14મી સદીના પ્રારંભથી ભારતની સાથે ઈરાનની ઇસ્લામી સ્થાપત્યશૈલીનું મિશ્રણ થતાં તેમાં વધારે વિવિધતા તથા અલંકૃતતા આવી.

વિખ્યાત પુરાતત્ત્વવિદ્ પરસી બ્રાઉનના કથન અનુસાર ખિલજી સમયથી મકાનોના બાંધકામમાં નોંધપાત્ર ફેરફારો થયા. ઇમારતોનાં બાંધકામોમાં કપચી તથા લાલ પથ્થરોનો ઉપયોગ થયો તથા તેમની દીવાલો તેમ જ છત પર ચૉક-ચિરોડી કે સાગોળથી પ્લાસ્ટર કરવામાં આવતું. અલાઉદ્દીને દિલ્હી પાસે બંધાવેલ સીરીનો કિલ્લો તથા તેમાંનો હજાર થાંભલાવાળો મહેલ આવા બાંધકામનો નોંધપાત્ર નમૂનો છે.


**(iii) સુશોભન (Decoration) :** ઇસ્લામમાં મૂર્તિઓ તથા જીવન્ત પ્રાણીઓની આકૃતિઓ બનાવવાનો નિષેધ હોઈને તેનાં બાંધકામોનાં સુશોભન હિન્દુ મંદિરોનાં બાંધકામોનાં સુશોભન કરતાં કંઈક અંશે ભિન્ન રીતે કરવામાં આવેલાં છે. તેની મુખ્ય ત્રણ રીતો માલૂમ પડે છે :

(ક) ભૌગોલિક, (ખ) વેલ-પાંદડાં-ફૂલોનું નકશીકામ તથા (ગ) સુંદર અક્ષરોવાળી આકૃતિઓ.

મસ્જિદો, મકબરા, રોજા વગેરેની કમાનો, ઘુમ્મટો, મિનારા, ભૌમિતિક રેખાઓ, વેલ-પાંદડાં-ફૂલોનાં નકશીકામ તથા સુંદર અક્ષરોવાળી આકૃતિઓ વડે સુશોભન કરવામાં આવેલ છે. સલ્તનત સમયનાં મકાનોમાં ઉપરોક્ત પ્રકારનાં હાથકારીગરીવાળા નકશીકામથી ભવ્યતા તથા ભભક દેખાય છે. આ હસ્તકલા મોગલ સમયમાં ખૂબ વિકાસ પામી. વળી આ ઇમારતોમાં વપરાયેલ લાલ પથ્થર તથા આરસપહાણથી તેમનાં સુશોભનમાં વૃદ્ધિ થયેલી છે.

મસ્જિદમાં નમાજ પઢવા માટે વચ્ચે મોટો ખુલ્લો ચોક રાખવામાં આવેલ છે તથા તેની ચારેબાજુ પરસાળો રાખી તેમના થાંભલા પર વિવિધ પ્રકારનું કરવામાં આવેલ કોતરકામ પણ આ ઇમારતોનું એક આકર્ષણ છે. (હાલમાં પણ મસ્જિદનાં બાંધકામ લગભગ આ જ ઢબે કરવામાં આવે છે.) સલ્તનત યુગના ગુજરાતના સુલતાનો અહમદશાહ પહેલા તથા મહમૂદ બેગડાએ અનુક્રમે અમદાવાદ અને ચાંપાનેરમાં બંધાવેલ મસ્જિદો આ પ્રકારની છે. આમાં હિન્દુ સમયના સ્થાપત્ય, કોતરકામ તથા નકશીકામનાં ઘણાં તત્ત્વો છે, જેથી આ ઇમારતો હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિના સુંદર સમન્વયરૂપ છે.

સુંદર અક્ષરોમાં કોતરાયેલ કુરાનનાં કથનો એ મુસ્લિમ સ્થાપત્યોનું એક આગવું લક્ષણ છે. આ લખાણની લિપિ કુફી તરીકે જાણીતી છે. આવાં લખાણો બારી, બારણાં, છત તેમ જ દીવાલની તકતીઓ પર કોતરવામાં આવે છે.



ચિત્ર 3




ચિત્ર 4

ગોળ, અર્ધગોળ, ચોરસ ભૌગોલિક આકૃતિઓ પણ મુસ્લિમ ઇમારતોનું એક નોંધપાત્ર લક્ષણ છે. વચ્ચે કોતરાયેલ ફૂલ, પાંદડાં અને વેલો સ્થાપત્યની શોભામાં વૃદ્ધિ કરે છે.



આકૃતિ 6



ચિત્ર 5

**'તમારી પ્રગતિ ચકાસો' — ક**

1. સલ્તનત સમયના મુસ્લિમ સ્થાપત્યોનાં વિશિષ્ટ લક્ષણો જણાવો. (આઠ લીટીમાં લખો.)

2. સલ્તનત સમયની ઈમારતોમાં સુશોભન કઈ કઈ રીતે થતું ? (દસ પંક્તિઓમાં લખો.)

3. નીચેનાં વિધાનો માટે એક-એક વાક્યમાં કારણ આપો :

(i) સલ્તનત સમયનાં સ્થાપત્યો હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયના નોંધપાત્ર ઉદાહરણ છે.

(ii) મુસ્લિમ ઈમારતોમાં જીવન્ત પ્રાણીઓની આકૃતિઓ કોતરવામાં આવતી નથી.

(iii) ઈસ્લામી ઈમારતોનાં કમાન તથા ઘુમ્મટ આગવાં લક્ષણો છે.

4. નીચેનાં વાક્યોમાં ખોટાની સામે × નિશાની કરી તેમને સુધારો :

(i) મુસ્લિમ સ્થાપત્યોમાં છજા તથા પાટડાનો આધાર મુખ્ય છે.


(ii) ઈસ્લામી ઈમારતોમાં પથ્થરોની સાથે બાંધકામમાં લાકડાનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે.

(iii) દિલ્હીની કુવતુલ મસ્જિદ સલ્તનત સમયની જાણીતી ઈમારત છે.

(iv) મુસ્લિમ સ્થાપત્યોના પ્લાસ્ટરમાં ચિરોડી તથા સાગોળનો ઉપયોગ કરાતો નહિ.

## 31.1.2 નવી શૈલીનો વિકાસ : શરૂઆતનું સ્વરૂપ (Development of New Style)

(i) **મામલુક શાસન (Mamaluk Rule) :** તુર્કોએ 1192માં પૃથ્વીરાજ ચૌહાણને પરાજય આપીને દિલ્હીનો કબજો લીધો ત્યારથી ભારતમાં સલ્તનત સમયના સ્થાપત્યના ઈતિહાસનો પ્રારંભ થાય છે. કુત્બુદીન ઐબકે લાલ કોટના રાઈ પીથોરા નામે ઓળખાતા કિલ્લાને પણ તાબે કર્યો. અત્રે કુત્બુદીને કુવતુલ ઈસ્લામ નામે જાણીતી મસ્જિદનું બાંધકામ શરૂ કરાવ્યું, જે 1198માં પૂરું થયું. આ મસ્જિદના એક લેખમાં



ચિત્ર 6

જણાવ્યા પ્રમાણે વિજેતાઓએ તોડી પાડેલાં 27 હિન્દુ તથા જૈન મંદિરોના ભંગારમાંથી આ મસ્જિદનું બાંધકામ કરવામાં આવ્યું હતું. 1199માં આ મસ્જિદની દીવાલમાં ઊંચા ગોખલાવાળી નકશીદાર બારીઓ મૂકવામાં આવી, જેમને સુંદર છજાથી અલંકૃત કરવામાં આવી. આ મસ્જિદના બાંધકામની શૈલીના આધારે એમ કહી શકાય કે તેમાં હિન્દુ પદ્ધતિની સ્થાપત્ય શૈલી તથા હિન્દુ સ્થપતિઓનો પૂરેપૂરો ઉપયોગ થયેલો છે.



ચિત્ર 7



ચિત્ર 8

ભારતમાં 13મી સદીના પ્રારંભે (1206) સલ્તનત સ્થપાતાં ઈસ્લામિક શાસન પ્રણાલીની સાથે ઈસ્લામિક (ઈરાની-તુર્કી) સ્થાપત્યશૈલી પણ અમલમાં મુકાઈ, જેથી હિન્દુ સ્થાપત્યશૈલીના છજા તથા પાટડાને સ્થાને ઈમારતોમાં કમાન તથા ઘુમ્મટનો ઉપયોગ થયો. કુતુબમિનાર (1199-1230), અઢાઈ દિનકા ઝૂંપડા (1200) તથા ઈલ્તુત્મિશની કબર (1233-34) આવાં શરૂઆતનાં ઉદાહરણો છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે તેમાં સુશોભન પણ બહુધા ઈસ્લામિક પદ્ધતિનું રખાયું. આમ છતાં હિન્દુ પદ્ધતિની બારીઓ પરનાં છજાં તથા ટેકારૂપ નાના પાટડા ઈમારતોને આધાર આપવા માટે ચાલુ રાખવામાં આવ્યા. એ રીતે સલ્તનત યુગની સ્થાપત્યપદ્ધતિ હિન્દુ-મુસ્લિમ સમન્વય સ્થાપત્યશૈલી તરીકે જાણીતી બની. આનું શરૂઆતનું દૃષ્ટાંત બલ્બનનો રોજો (1287-88-હાલમાં તૂટી ગયેલ સ્થિતિમાં) કહી શકાય.

(ii) **ખલજી શાસન (Khalaji Rule) :** ખલજી શાસન દરમિયાન સલ્તનત સમયના સ્થાપત્યકલામાં નોંધપાત્ર ફેરફાર થયા, જે તુઘલક અને ત્યાર બાદના સમયમાં પણ ચાલુ રહ્યા. તેમાં સેલજુક (તુર્ક) સ્થાપત્યશૈલીની અસર વિશેષ જણાય છે. તેનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ ગણાવી શકાય :

(ક) ગોખ સહિતની કમાનોવાળા પૂર્ણ આકારના ઘુંમટનો અમલ

(ખ) અશ્વની નાલના અણીદાર આકારની કમાનનો ઉપયોગ

(ગ) કમાનની નીચે કમળના કોતરકામવાળી પટ્ટીઓનું જડતર

(ઘ) ઈમારતોમાં લાલ પથ્થર અને આરસનો ઉપયોગ


(ચ) ફૂલ, વેલ અને પાંદડાંમાં કોતરાયેલી આરસની જાળીઓ



**ચિત્ર 9**



**ચિત્ર 10**



**ચિત્ર 11**

(iii) **તુઘલક શાસન (Tughlaq Rule) :** તુઘલક શાસન દરમિયાન સ્થાપત્યની નવી શૈલીનો વિકાસ થયો, જેની ઈમારતોના બાંધકામને જોતાં તેમને બે વિભાગમાં વહેંચી શકાય :


(1) ગ્યાસુદીન તુઘલક અને મુહમ્મદ તુઘલકના સમયનાં બાંધકામો

(2) ફિરોઝ તુઘલકના સમયનાં બાંધકામો

ત્યાર પછીના તુઘલક સુલતાનોના સમયમાં ખાસ કોઈ બાંધકામો થયેલાં નથી.


તુઘલક સમયનાં બાંધકામોનાં સામાન્ય લક્ષણો નીચે મુજબ ગણાવી શકાય :

(1) મકાનોમાં પંચકોણી બુરજો બનાવવામાં આવ્યા.



ચિત્ર 12


(2) સામગ્રી તરીકે કપચીનો બહોળો ઉપયોગ થયો અને દીવાલોને પ્લાસ્ટર કરવામાં આવ્યું.
(3) અગાઉના સમયના અંદરના ઘુમ્મટોને બદલે બહાર દેખાતા અણીવાળા ઘુમ્મટોની રચના કરવામાં આવી.




ચિત્ર 13

(4) અગાઉના સમયની અણીવાળી કમાનોને બદલે ચાર ખૂણાવાળી કમાનો બનાવવામાં આવી અને તેમને પાટડાનો ટેકો આપવામાં આવ્યો.
(5) અષ્ટકોણ આકારના મકબરા બાંધવામાં આવ્યા, જેનો મુગલયુગમાં પૂર્ણ કક્ષાએ વિકાસ થયો.
(6) દીવાલ પર જડેલી પટ્ટીઓમાં તકતીઓ મૂકવામાં આવી અને ફૂલ, વેલ તથા પાંદડાંનો શણગાર ઘણો ઓછો કરવામાં આવ્યો.


(iv) **અંતિમ તબક્કો (Last Phase) :** ફિરોઝશાહ તુઘલકના અવસાન (1388) બાદ સલ્તનતનું વિઘટન શરૂ થયું. તૈમુર લંગે દિલ્હીને લૂંટતાં તથા બાળતાં (1398) આ વિઘટનની ક્રિયા ઝડપી બની, આથી બાંધકામોને અવકાશ રહ્યો નહિ. આમ છતાં 1414થી 1526ની વચ્ચે વિઘટિત થતી સલ્તનતના વખતે છેલ્લા બે રાજ્યપંથો સૈયદો તથા લોદીઓના સમયમાં મકબરાનાં બાંધકામો મોટા પ્રમાણમાં થયાં. દિલ્હી તથા તેની આસપાસના વિસ્તારોમાં મકબરાનાં બાંધકામ એટલાં વિપુલ પ્રમાણમાં થયાં કે સમકાલીન લેખકના જણાવ્યા પ્રમાણે આખોયે વિસ્તાર કબ્રસ્તાન જેવો લાગતો હતો.



આકૃતિ 7



આકૃતિ 8



ચિત્ર 14

આમ છતાં, આ મકબરાઓનું તેમની આગવી શૈલી માટે સ્થાપત્યની દૃષ્ટિએ નોંધપાત્ર મહત્ત્વ છે.

(ક) અષ્ટાકારે રચાયેલ રોજાઓમાં મુખ્ય કબર છે, જેને ફરતો કમાનવાળો વરંડો રોજાની શોભામાં વૃદ્ધિ કરે છે.

(ખ) આ વરંડાની છાજલીઓ પર જડેલાં આગળ પડતાં નેવાં આ સ્થાપત્યની વિશિષ્ટતા છે.

(ગ) આ સમયના બીજા પ્રકારના સ્થાપત્ય(મકબરાના)માં અષ્ટકોણને બદલે ચોરસ આકારના રોજાઓ છે, જેમાં વરંડા તથા છાજલીઓ અને નેવાંનો અભાવ હોય છે.

આ મકબરાઓમાં રંગીન લાદીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં વચ્ચે વચ્ચે નકશીવાળી પટ્ટીઓ જડવામાં આવેલી છે, જેથી ઇમારતની શોભામાં વૃદ્ધિ થયેલી છે.


સલ્તનત યુગના છેલ્લા સુલતાન ઇબ્રાહીમ લોદીનો પાણિપતના પ્રથમ યુદ્ધ(1526)માં બાબરને હાથે પરાજય થયો, જેથી સલ્તનતનો અંત આવ્યો તેની સાથે સલ્તનત સમયની સ્થાપત્યશૈલીનો પણ અસ્ત થયો.

### 31.1.3 જાહેર બાંધકામો અને જાહેર કામો (Public buildings and Public works)

આ એકમમાં 31.1.1 તથા 31.1.2 માં સલ્તનત સમયનાં શાહી બાંધકામોની ચર્ચા કરવામાં આવી છે, જેમાં મસ્જિદો, મકબરા, રોજા, મિનારા, મહેલો, કિલ્લાઓ વગેરેનો સમાવેશ થાય છે. આનો અર્થ એમ નથી કે આ યુગમાં અન્ય બાંધકામો થયેલાં નથી તથા તેમનું મહત્ત્વ નથી. આ સમયમાં ઉપરોક્ત બાંધકામો ઉપરાંત સરાઈઓ (મુસાફરખાનાં), તળાવો, વાવો, પુલો, નહેરો, બંધો, ડાક-ચોકી (ટપાલ-કચેરીઓ), કચેરી (વહીવટી મકાનો), કારાગૃહો-કોટવાળી (પોલીસ-મથકો), કત્ર (બજારો), હમામ-સ્નાનાગાર વગેરેનાં જાહેર બાંધકામો પણ કરવામાં આવ્યાં. આવાં બાંધકામોનો ઉપયોગ ધર્મ કે જાતિના ભેદભાવ વગર સૌ કોઈ કરી શકતા.

ઉપરોક્ત જાહેર બાંધકામોમાં સરાઈ (મુસાફરખાનાં) લોકોની દૃષ્ટિએ સૌથી ઉપયોગી કહેવાય. મામલુકોએ 13મી સદીમાં તેમને બંધાવવાની શરૂઆત કરી. ભારતમાં સૌથી પહેલી સરાઈ બલ્બને (1266) બંધાવી. મુહમ્મદ તુઘલક તથા ફિરોઝ તુઘલકે પણ દિલ્હીમાં અને રાજ્યના મુખ્ય માર્ગો પર અનેક સરાઈ બંધાવી. શેરશાહે (1540-1545) 1700 જેટલી સરાઈ બંધાવી હોવાનું સમકાલીન સાધનો નોંધે છે. સરાઈનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ હતાં :


- એક કે બે પ્રવેશદ્વારવાળી ચારે બાજુ દીવાલો સહિતના લંબચોરસ અથવા સમચોરસ ઓરડા ધરાવતી ઇમારત.
- એક બાજુ કોઠાર તથા ઓરડાઓ વચ્ચે અવરજવરની જગા.
- ખુલ્લો ચોક તથા તેમાં કૂવો અને એક નાની મસ્જિદ. જાહેર બાંધકામોમાં પુલોનાં બાંધકામ પણ નોંધપાત્ર હતાં. નાની નદીઓ પર પાકા પુલ બંધાતા, પરંતુ ગંગા તથા યમુના જેવી મોટી નદીઓ પર હોડીઓની મદદથી પૂલો બાંધવામાં આવતા. આવા પુલોમાં હાલમાં ચિતોડગઢ પાસે ગાંભેરી નદી પરનો પુલ તથા દિલ્હી-વઝીરાબાદ પાસેની યમુના નદીની ઉપનદી સાહિબી પરનો પુલ અસ્તિત્વમાં છે.



આકૃતિ 9



ચિત્ર 15



ચિત્ર 16

સલ્તનત સમયનાં અન્ય જાહેર બાંધકામોમાં બંધો તેમ જ વાવોનાં બાંધકામ પણ નોંધવાલાયક છે. દા.ત. દિલ્હી પાસે મેહશૈલીમાં ઈલ્તુત્મિશે બંધાવેલ ગંધક કી બૌડી નામે વાવ (13મી સદી) તથા ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાના સમયની (15મી સદી) તેના અમીરની પત્ની રૂડીબાઈએ અમદાવાદ પાસે અડાલજમાં બંધાવેલી વાવ અને મહમૂદ બેગડાના જનાનખાનાની રખેવાળ બાઈ હરિએ અમદાવાદમાં બંધાવેલ દાદા હરિની વાવ કલા-સ્થાપત્યની દષ્ટિએ ખાસ નોંધાપાત્ર છે.

## 'તમારી પ્રગતિ ચકાસો' – ખ

1. ખલજી સ્થાપત્યનાં મુખ્ય લક્ષણો દર્શાવો.

2. તુઘલક સમયનું સ્થાપત્ય ખલજી સમયના સ્થાપત્યથી કઈ રીતે જુદું પડે છે તે જણાવો.

3. સલ્તનત સમયનાં જાહેર બાંધકામોમાં સરાઈ તથા પુલોનું મહત્ત્વ સમજાવો.

4. સૈયદ અને લોદી સમયના રોજાના બાંધકામ વિશે પાંચ વાક્યોની ટૂંક નોંધ લખો.

5. **યોગ્ય રીતે જોડકાં જોડો :**

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | કુતુબદીન ઐબક | (ક) | દોલતાબાદનો કિલ્લો |
| 2. | અલાઉદીન ખલજી | (ખ) | નહેરોનાં બાંધકામ |
| 3. | મુહમ્મદ તુઘલક | (ગ) | અડાલજની વાવ |
| 4. | ફિરોઝ તુઘલક | (ઘ) | અઢાઈ દિનકા ઝૂંપડા |
| 5. | મહમૂદ બેગડો | (ચ) | અલાઈ દરવાજા |

## 31.2 ચિત્રકામ

સલ્તનત સમયમાં સ્થાપત્ય જેટલો વિકાસ ચિત્રકલાનો થયો ન હતો. તેમના હાલ ઉપલબ્ધ નમૂના પણ ઓછા છે, પરંતુ છેલ્લાં 30-35 વર્ષોમાં સલ્તનત યુગને લગતાં જે સંશોધનો થયાં તેને લીધે આ યુગની પણ ઠીક ઠીક માહિતી મળે છે. તેને આધારે આ સમયની ચિત્રકલાના ત્રણ બહોળા વિભાગો પાડી શકાય : (i) ભીંતચિત્રો, (ii) હસ્તપ્રતમાંનાં લઘુચિત્રો તથા (iii) કુરાનનાં કથનોનાં ચિત્રાત્મક શૈલીમાં લખાયેલ સુંદર લખાણો.

### 31.2.1 ભીંતચિત્રો (Wall–Paintings)


સલ્તનત સમયના સાહિત્યમાં ભીંતચિત્રો તથા કેનવાસ પરનાં ચિત્રોને લગતા પુરાવા મળે છે. સાયમન દિગ્બી નામના અમેરિકન લેખકે સલ્તનત યુગનાં સાહિત્યિક સાધનોનું સંકલન કરીને તેમાં નિર્દેશિત ભીંતચિત્રોનું પૃથક્કરણ કરેલું છે (1967).

સલ્તનત સમયમાં ભીંતચિત્રોને લગતો સૌથી પ્રથમ ઉલ્લેખ ''તબકાતે નાસિરી'' નામના ગ્રંથમાં મળે છે. આ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે ઇલ્તુત્મિશને બગદાદના ખલીફા તરફથી સુલતાન તરીકેની સ્વીકૃતિ મળતાં (1228) તેના (ખલીફાના) પ્રતિનિધિને આવકારવા ઊભી કરાયેલ કમાનમાં મનુષ્યો તથા પ્રાણીઓનાં ચિત્રો દોરવામાં આવ્યાં હતાં.

ફિરોઝ તુઘલકના સમકાલીન લેખક અફીફે પોતાના ગ્રંથ ''તારીખે ફિરોઝશાહી''માં જણાવ્યા પ્રમાણે ફિરોઝે મહેલની ભીંતો પરનાં ચિત્રો ભૂંસાવી નાખ્યા હતા તથા આવાં ચિત્રો પર પ્રતિબંધ મૂક્યો હતો.

કેન્વાસ પર ચિત્રો દોરાતાં હોવાનું દૃષ્ટાંત મુબારક ખલજી(1316-20)ના શાસનકાળનું મળે છે. ખલજી સમયના વિખ્યાત કવિ અને વિદ્વાન અમીર ખુશરોએ પોતાની કૃતિ ''નુર સિફ્ર''માં નિર્દેશ કર્યા પ્રમાણે સુલતાન મુબારકશાહે ગોઠવેલ મિજલસમાં તંબુઓ સુંદર ચિત્રોથી શણગારવામાં આવ્યા હતા.

સલ્તનત સમયમાં અમુક હિન્દુઓનાં રહેઠાણોની ભીંતો સુંદર ચિત્રોથી સુશોભિત કરવામાં આવતી. મૌલાના દાઉદ (1379-80) લિખિત હિન્દી કવિતાના વર્ણનમાં ચંદા નામની સ્ત્રીને તેની સ્ત્રી સાથીદારો સાથે તેના ઓરડાના ભીંતચિત્રમાં નિદ્રા લેતી દર્શાવવામાં આવેલી છે. આ લેખકની આ કવિતાની હસ્તપ્રતના એક પાના પર ચંદાના શયનગૃહની ભીંત પર રામાયણનાં દૃશ્યો ચીતરેલાં છે.




ચિત્ર 17

## 31.2.2 કુરાનની ચિત્રાત્મક સુલેખન પદ્ધતિ

કુરાનની ખૂબ સુંદર મરોડદાર અક્ષરોમાં ચિત્રાત્મક શૈલીમાં નકલો કરવાની પરંપરા ઇસ્લામી જગતની આગવી લાક્ષણિકતા છે. આવી પહેલી નકલ 1399માં ગ્વાલિયરમાં કરાઈ હતી. તેમાં ભારતીય તથા ઈરાની સુશોભનની પદ્ધતિ પ્રમાણે સ્વચ્છ અને સુંદર અક્ષરોમાં કલાત્મક આકૃતિઓ દોરવામાં આવી છે.

આ હસ્તપ્રતનું આગલું પાનું સલ્તનત શૈલીની ભૌમિતિક રેખાઓથી સુશોભિત કરાયેલું છે, જે ભારતીય તથા ઈરાની કલાના સમન્વયનું સૂચક છે. આવી હસ્તપ્રતોની લિપિ કુફી છે. ભારતમાં કાગળના આગમન (14મી સદી) સાથે આ કલાના વિકાસને વેગ મળ્યો. તઘલક રાજવંશના પતન સાથે સલ્તનત સમયની ચિત્રકલા પણ બહુધા વિલીન થઈ.



ચિત્ર 18

### 31.2.3 હસ્તપ્રતમાંનાં લઘુચિત્રો (Miniature Paintings in Manuscripts)

સલ્તનત સમયના હસ્તપ્રતમાંનાં લઘુચિત્રો વિશે સિદ્ધાંતોમાં ઘણો મતભેદ છે. જે લઘુચિત્રો મળ્યાં છે તે સુલતાનો કે કેન્દ્રીય સત્તાને લગતાં નથી, પરંતુ મોટા ભાગે પ્રાદેશિક કે પ્રાંતિક રાજ્યોને લગતાં વિશેષ છે. આમ છતાં 1400થી 1500ની વચ્ચે પ્રાપ્ત થયેલી અમુક હસ્તપ્રતોમાં સલ્તનતને લગતાં ચિત્રો પણ છે. તે બહુધા અમીરો તથા ઉપલા વર્ગના આશ્રયદાતાઓને લગતાં છે. તેમાં સુલતાનોનો ફાળો નહિવત્ છે. આમાં ''હમ્ઝાનામા'' નામનો ચિત્ર-સમૂહ સૌથી વિખ્યાત છે.




ચિત્ર 19

**હમ્ઝાનામા :** આશરે 1200 ચિત્રો ધરાવતી તથા 12 ગ્રંથોમાં લખાયેલી દસ્તન-ઈ-અમીર હમ્ઝા નામે કૃતિ અબ્દુલ સમદ તથા મીર સૈયદ અલી નામે બે જાણીતા ઈરાની ચિત્રકારોએ રચી હતી (1450). તેઓ વિશ્વવિખ્યાત ઈરાની ચિત્રકાર બિહઝેદ(15મી સદી)ના શિષ્યો હતા અને તેની પાસેથી તેઓ ચિત્રકલા શીખ્યા હતા. આ કૃતિ હમ્ઝાનામા તરીકે ખૂબ લોકપ્રિય હતી.

તેમાં અમીર રમ્ઝાનાં કાલ્પનિક પરાક્રમોનું બહુધા વિવિધ (1200 જેટલાં) ચિત્રો સાથે વર્ણન કરવામાં આવ્યું છે. અમીર હમ્ઝા મહમ્મદ પયગમ્બર સાહેબના સાથીદાર હતા.

**ચન્દાયન :** સલ્તનતના લગભગ અંત સમય(1450-70)ની બીજી અગત્યની ચિત્રાત્મક કૃતિ ચન્દાયન છે. તેમાં લૌર તથા ચન્દાના અદ્ભુત પ્રેમનું ચિત્રો સાથે વિવરણ આપવામાં આવ્યું છે. તે ઉત્તર પ્રદેશના રાયબરેલી વિસ્તારના વતની મૌલાના દાઉદે અવધી હિન્દીમાં લખેલ છે.



ચિત્ર 20

## 31.3 સંગીત

સલ્તનત સમયમાં સ્થાપત્ય તથા ચિત્રકલાનો જેટલો વિકાસ થયો હતો તેટલો વિકાસ ચિત્રકલાનો થયો ન હતો. તેને લગતા સમકાલીન પુરાવા પણ પ્રમાણમાં ઘણા ઓછા છે. આ યુગના સંગીત વિશેનાં આધુનિક લખાણોમાં ઐતિહાસિક હકીકતો કરતાં કાલ્પનિક કથાઓ વધારે છે. આમ છતાં સલ્તનત યુગના મહાન કવિ અને વિદ્વાન અમીર ખુશરોએ સંગીતના ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કરેલું છે તે નોંધવું ઘટે. સુલતાનોમાં સંગીતનો ખાસ શોખ હતો નહિ કારણ કે તે કલા મૂળ ઇસ્લામિક સિદ્ધાંતોથી વિરુદ્ધ મનાતી. અપવાદરૂપ મામલુક વંશના અંતિમ સુલતાન કૈકુબાદે (1287-1290) પોતાને માટે કિલુગર્હી મુકામે સંગીત મહેલ બનાવ્યો હતો, જેમાં સુંદર નર્તકીઓ દ્વારા હિન્દી તથા ઈરાની પદ્ધતિનાં નૃત્ય-ગાન કરવામાં આવતાં. જોકે આ તો માત્ર વૈભવવિલાસનો સૂચક છે.

સલ્તનત યુગમાં અમીર ખુશરો(1253-1325)એ સાહિત્યની સાથે સંગીત ક્ષેત્રે પણ નોંધપાત્ર ફાળો આપ્યો. તેણે સંગીતની નવી પદ્ધતિ, નવાં રાગરાગિણી, નવાં વાજિંત્રો વગેરેની શોધ કરીને માત્ર સલ્તનત સમયના સંગીતમાં જ નહિ, પરંતુ ભારતીય સંગીતમાં પણ અનન્ય પ્રદાન કર્યું. અમીર ખુશરો દિલ્હીના વિખ્યાત સુફી સંત શેખ નિઝામુદીન ઓલિયાનો શિષ્ય હતો તથા અલાઉદીન ખલજીનો રાજકવિ હતો.

અમીર ખુશરોએ મુસ્લિમ જગતમાં પ્રચલિત થયેલી કવ્વાલી (બે લીટીઓની કાવ્યપંક્તિ) નામની કાવ્ય-પદ્ધતિની શોધ કરી, જે દોહરા(દોહા)ને મળતી કાવ્યશૈલી કહી શકાય. સંગીતની પરંપરાગત ધ્રુપદ પદ્ધતિને બદલે અમીર ખુશરોએ ''ખ્યાલ'' પદ્ધતિ દાખલ કરી. હિન્દી તથા ઈરાની સૂરોને મેળવીને તેણે મરપર્દ, સાઝગીરી, ઝિલાફ જેવા રાગો સર્જ્યા. પ્રણાલિકાગત મૃદંગ કે નગારાને સ્થાને ખુશરોએ તબલા નામે બે સંગીતસાધનો બનાવ્યાં. ભારતીય વીણા તથા ઈરાનીયન તંબુરાને સંમિલિત કરીને સિતાર નામે નવું વાજિંત્ર પ્રચલિત કર્યું. અમીર ખુશરોની ઉપરોક્ત શોધોને લીધે હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયમાં નવા પરિમાણનો ઉમેરો થયો. મુહમ્મદ તુઘલકના કાઝી તરીકે રહેલ ઈબ્ન બતુતાના સંગીત વિશેના ઉલ્લેખો પણ નોંધવાલાયક છે.

## 'તમારી પ્રગતિ ચકાસો' – ગ

1. સલ્તનત સમયની ચિત્રશૈલીનું 8 પંક્તિઓમાં વિવરણ કરો.

2. કુરાનની પ્રથમ નકલ ક્યાંથી અને ક્યારે પ્રાપ્ત થઈ ? તેની મુખ્ય લાક્ષણિકતા શી છે ?

3. સલ્તનત સમયની સંગીતકલા વિશે ચાર પંક્તિઓની ટૂંક નોંધ લખો.

4. સલ્તનત સમયના સંગીતમાં અમીર ખુશરોએ આપેલ પ્રદાનનું પૃથક્કરણ કરો.

5. નીચેના પ્રત્યેક વિશે ત્રણ ત્રણ વાક્યોની ટૂંક નોંધ લખો :
   (i) સલ્તનત સમયનાં ભીંતચિત્રો
   (ii) હમ્ઝાનામા
   (iii) ચંદાયન

(iv) કવાલી

(v) કિલુ ગર્હી મહેલ

## 31.4 સારાંશ

ઉપરોક્ત વિવરણ કર્યા મુજબ સલ્તનત સમયમાં સ્થાપત્યકલા તેમ જ તેની વિવિધ પદ્ધતિઓનો સારો એવો વિકાસ થયો હતો. તેના પ્રમાણમાં ચિત્ર તથા સંગીતકલાનો વિકાસ ઓછો હતો. સુલતાનો તરફથી તેને ઉત્તેજન અપાતું નહિ. અલબત્ત આ સમયનાં પ્રાદેશિક રાજ્યોમાં તેનો ઠીક ઠીક વિકાસ થયો હતો. સલ્તનત યુગમાં જાહેર બાંધકામો તેમ જ જાહેર કામો પણ સારા પ્રમાણમાં થયાં હતાં. આમ આ સમયમાં હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિનો સાહિત્યની માફક સ્થાપત્યના ક્ષેત્રે પણ નોંધપાત્ર સમન્વય થયો હતો.

સલ્તનત સમયનાં મુસ્લિમ બાંધકામોમાં મસ્જિદો, મકબરા, રોજા, મિનારા, નગરો, મહેલો, સરાઈઓ, નહેરો, પુલો, બંધો, વાવો વગેરે મુખ્ય છે, જ્યારે હિન્દુ બાંધકામોમાં મહેલો, મંદિરો, કિલ્લા વગેરે અગત્યનાં છે. મુસ્લિમ ઇમારતોમાં ઘુમ્મટો, સુશોભિત કમાનો, ભૌમિતિક રચનાઓ, વેલ, ફૂલ, પાંદડાંનાં સુશોભનો વગેરે ઇસ્લામિક પરંપરા પ્રમાણે કરવામાં આવેલાં છે, પરંતુ તેમાં હિન્દુ સ્થાપત્યકલાનાં પૂરતાં તત્ત્વો છે. એટલે જ સલ્તનત યુગની સ્થાપત્યકલાને ભારતીય ઇસ્લામિક સ્થાપત્યકલાની સમન્વયરૂપ કલા તરીકે વર્ણવામાં આવેલી છે.

સલ્તનત સમયની ચિત્રકલા–વિશેષતઃ ભીંતો પરની ચિત્રકલા–નો મુખ્ય સ્રોત ગઝની સામ્રાજ્યની ચિત્રકલા છે. તેમાં રામાયણ, મહાભારત તથા લોકકથામાંના પ્રસંગોને લગતાં ચિત્રો દોરવામાં આવ્યાં છે. સલ્તનત યુગની હસ્તપ્રતમાંનાં લઘુચિત્રો બહુધા ઉપલા વર્ગો-અમીરોની પ્રેરણાને આભારી છે. તેમાં રાજ્યાશ્રય અપવાદરૂપ છે. કુરાનમાંની ચિત્રાત્મક અક્ષરશૈલીનો વિકાસ ભારતમાં કાગળના આગમન (14મી સદી) સાથે થયો. સલ્તનત યુગની આ ચિત્રકલા તુઘલક વંશના પતન તેમ જ તૈમુર લંગના દિલ્હી પરના આક્રમણ (1398) સાથે લગભગ સમાપ્ત થઈ ગઈ. પરંતુ ઈરાની તેમ જ અવધી ભાષાઓની ચિત્રાત્મક હસ્તપ્રતોનો વિકાસ 15મી સદીમાં થયો, જેને સુલતાનોનો રાજ્યાશ્રય ન હતો. કારણ કે ત્યારે સલ્તનત વિઘટનની સ્થિતિમાં હતી.

સલ્તનત સમયના સંગીત સંબંધેના ઉલ્લેખો ઘણા ઓછા છે. છતાંયે આ બાબતમાં અમીર ખુશરોએ આપેલ પ્રદાન ખાસ નોંધપાત્ર છે. આ પરત્વે ઈબ્ન બતુતાના નિર્દેશો પણ નોંધવાલાયક છે.

## 31.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' – ક

1. વિભાગ 31.1 જુઓ.
2. વિભાગ 31.1.2 જુઓ.
3. (I) વિભાગ 31.1 જુઓ.
   (II) વિભાગ 31.1.2 જુઓ.
   (III) વિભાગ 31.1.2 જુઓ.
4. વિભાગ 31.1 જુઓ.
   વિભાગ 31.1.2 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' — ખ**

1. વિભાગ 31.1.2 (II) જુઓ.
2. વિભાગ 31.1.2 (III) જુઓ.
3. વિભાગ 31.1.3 જુઓ.
4. વિભાગ 31.1.2 (IV) જુઓ.
5. વિભાગ 31.1.2 જુઓ.
   (II) (II) (III) જુઓ.
   વિભાગ 31.1.3 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' — ગ**

1. વિભાગ 31.2 જુઓ.
2. વિભાગ 31.2.3 જુઓ.
3. વિભાગ 31.3 જુઓ.
4. વિભાગ 31.3 જુઓ.
5. (I) વિભાગ 31.2.1 જુઓ.
   (II) વિભાગ 31.2.2 જુઓ.
   (III) વિભાગ 31.2.2 જુઓ.
   (IV) વિભાગ 31.3 જુઓ.
   (V) વિભાગ 31.3 જુઓ.

## 31.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પાટડો :** ઇમારતની બારીઓ અને છજાને ટેકો આપવા માટેની પથ્થરની કે લાકડાની પટી

**સાગોળ :** મકાનમાં પ્લાસ્ટર માટે વપરાતો એક પ્રકારનો પદાર્થ

**લાલ કોટ—રાઈ પીથોરા :** પૃથ્વીરાજના નામે બંધાયેલ કિલ્લો—હિન્દુ કિલ્લા સ્થાપત્યનો નમૂનો

**અઢાઈ દિનકા ઝોંપરા (ઝૂંપડા) :** કુત્બુદ્દીને બંધાવેલ મસ્જિદ

**સરાઈ :** મુસાફરખાના

**કોટવાલી :** પોલીસમથક

**કત્ર :** જાહેર બજાર—માર્કેટ

**હમામ :** સ્નાનાગાર

**હમ્ઝનામા :** 1200 ચિત્રો ધરાવતી 12 ગ્રંથોમાં લખાયેલી ચિત્રાત્મક કૃતિ (15મી સદી)

**ચન્દાયન :** બે પ્રેમીઓના અદ્‌ભુત પ્રેમનું વર્ણન કરતી ચિત્રાત્મક કૃતિ (15મી સદી)


**કુફી :** સુંદર અક્ષરોમાં કુરાનની નકલ લખવામાં વપરાતી લિપિ

**કવ્વાલી :** બે લીટીઓની કાવ્યપંક્તિ


**ધ્રુપદ :** એક પ્રકારની સંગીત પદ્ધતિ હિન્દુ શૈલી

**ખ્યાલ :** એક પ્રકારની સંગીત પદ્ધતિ મુસ્લિમ શૈલી

**સિતાર :** ભારતીય વીણા તથા ઈરાનીયન તંબુરાના મિશ્રણરૂપ વાજિંત્ર.




કુવ્વતુલ મસ્જિદ, ઈ.સ, 1197, નવી દિલ્હી




કુતુબમીનાર, ઈ.સ. 1199, નવી દિલ્હી




અલ્તુમિશનું મકબરો, ઈ.સ. 1235, નવી દિલ્હી



'ગંધક-કી બાલવી' અલ્તુમિશનું શાસનકાળ (1210-30), નવીદિલ્હી




બલબલનો મકબરો, ઈ.સ. 1280, નવીદિલ્હી



અલાઈ દરવાજા, ઈ.સ. 1305, નવી દિલ્હી




ખિરકીમસ્જિદ, ઈ.સ. 1375, નવી દિલ્હી



સાતપુલા, મોહમ્મદ તગલકનું શાસનકાળ,
(1325-51), નવી દિલ્હી



વડે ખાન કે ગુમ્બદ, સિકંદર લોદીનું શાસનકાળ,
(1489-1517), નવીદિલ્હી



બેગમપુરી મસ્જિદ, ઈ.સ. 1370, નવી દિલ્હી



મોઠકી મસ્જિદ, ઈ.સ. 1505, નવી દિલ્હી

# એકમ 32 પ્રાદેશિક રાજ્યોમાં કલા-સ્થાપત્ય (Art and Architecture of Regional States)

## રૂપરેખા

32.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના
32.1 સ્થાપત્ય
32.1.1 પૂર્વ ભારત
32.1.2 પશ્ચિમ ભારત
32.1.3 મધ્ય ભારત
32.1.4 દખ્ખણ
32.1.5 વિજયનગર
32.2 ચિત્રકામ
32.2.1 પશ્ચિમ ભારતની પદ્ધતિ
32.2.2 કૌરાપનકાસિક શૈલી
32.2.3 પ્રાંતિક રાજ્યોમાં ચિત્રકલાનો વિકાસ
32.2.4 દખ્ખણ પ્રદેશની ચિત્રકલા
32.3 સંગીત
32.4 સારાંશ
32.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
32.6 ચાવીરૂપ શબ્દો

## 32.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

એકમ 31માં દિલ્હી સલ્તનતના પ્રદેશોમાંનાં સ્થાપત્ય, ચિત્ર તથા સંગીતની ચર્ચા કરવામાં આવી છે; જ્યારે આ એકમમાં ભારતનાં તે સમયનાં સ્વતંત્ર રાજ્યોમાંનાં સ્થાપત્ય, ચિત્ર તથા સંગીતનું વિવરણ કરવામાં આવ્યું છે. આ એકમમાં પ્રાદેશિક રાજ્યોમાંની ઇમારતોના સ્થાપત્યનાં પ્રકાર અને સ્વરૂપ, ચિત્રો–ખાસ કરીને હસ્તપ્રતમાંનાં લઘુચિત્રો–નો વિકાસ તેમ જ ઉત્તર તથા દક્ષિણ ભારતમાં સંગીતના પ્રકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

પ્રાદેશિક રાજ્યોની સ્થાપત્યશૈલીમાં સલ્તનતની ભારતીય-ઇસ્લામિક સ્થાપત્યશૈલીથી ખાસ ભિન્નતા દેખાતી નથી, પરંતુ ભારતમાં 14મી સદીમાં કાગળના શરૂ થયેલા ઉપયોગથી તાડપત્રોને બદલે કાગળો પર ચિત્રો દોરવાનો પ્રારંભ થતાં પ્રાદેશિક રાજ્યોની ચિત્રપદ્ધતિમાં–વિશેષતઃ હસ્તપ્રતોમાંનાં લઘુચિત્રોની શૈલીમાં નોંધપાત્ર ફેરફાર થયા. તે જ રીતે પ્રાદેશિક રાજ્યોના સંગીતનાં સ્વરૂપ તથા પ્રકારમાં પણ ગણનાપાત્ર પરિવર્તન આવ્યું.

## 32.1 સ્થાપત્ય (Architecture)

દિલ્હી સલ્તનતના વિઘટનની શરૂઆત સાથે (14મી સદી) સ્વતંત્ર પ્રાદેશિક રાજ્યોનો ઉદ્ભવ થયો. તેમાં અમુક રાજ્યોમાં દિલ્હી સલ્તનતની ભારતીય-ઇસ્લામિક પદ્ધતિનાં સ્થાપત્યો ચાલુ રહ્યાં, જ્યારે અન્ય રાજ્યોમાં સ્થાનિક શૈલી તથા ભારતીય શૈલીને અનુરૂપ બાંધકામો થયાં. આનો આધાર રાજ્ય-પ્રદેશની પરંપરાગત બાંધકામ પદ્ધતિને અનુરૂપ હતો.

### 32.1.1 પૂર્વ ભારત (East India)

સલ્તનતના વિઘટન સાથે પૂર્વ ભારતમાં બંગાળ તથા જૌનપુર નામે બે સ્વંતત્ર મુસ્લિમ રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં, જેથી ત્યાં વિકાસ પામેલી સ્થાપત્યપદ્ધતિ અનુક્રમે બંગાળ તથા જૌનપુર સ્થાપત્યશૈલી તરીકે ઓળખાય છે.


**(ક) બંગાળ :** ચૌદમી સદીના પૂર્વાર્ધમાં બંગાળ દિલ્હી સલ્તનતથી સંપૂર્ણ સ્વતંત્ર બન્યું. ત્યારથી તેની સ્વતંત્ર સ્થાપત્યશૈલીનો પ્રારંભ થયો, જે આશરે 250 વર્ષ સુધી ચાલુ રહી. બંગાળની મોટા ભાગની ઈમારતો ગંગા તથા મહાનંદાના સંગમસ્થાન એટલે કે અગાઉની રાજધાનીઓ ગૌડ અને પાંડુઆના પ્રદેશ-વિસ્તારમાં બંધાયેલી છે. બંગાળનાં બાંધકામોના ત્રણ તબક્કા પાડી શકાય :

(i) 13મી સદીના પ્રારંભથી 14મી સદીના મધ્ય ભાગ સુધી મોટે ભાગે ગૌડની આસપાસ બંધાયેલી ઈમારતો.

(ii) 14મી સદીના મધ્ય ભાગથી 15મી સદીના મધ્ય ભાગ સુધી બહુધા પાંડુઆની આસપાસ બંધાયેલી ઈમારતો.

(iii) 15મી સદીના મધ્ય ભાગથી લગભગ 16મી સદીના અંતભાગ સુધી મુગલોના આધિપત્ય નીચેનું બંગાળ–ફરી ગૌડની આસપાસ બંધાયેલી ઈમારતો.

બંગાળના પ્રથમ બે તબક્કાઓનાં બાંધકામોમાં હિન્દુ સ્થાપત્યકલાની પૂરતી અસર જણાય છે તથા તે સમયનાં બાંધકામો તૂટેલ-ફૂટેલ સ્થિતિમાં છે. પરંતુ બીજા તબક્કા(1364)માં પાંડુઆમાં બંધાયેલ વિખ્યાત અદિના મસ્જિદ હિન્દુ તથા મુસ્લિમ સ્થાપત્યકલાના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. તેની કમાનો, નાના નાના ઘુમ્મટો, કાટખૂણાવાળી છાજલીઓ વગેરે ખાસ નોંધપાત્ર છે.




ાકૃતિ 1



આકૃતિ 2


બંગાળની ઈમારતોનાં બાંધકામોનો ત્રીજો તબક્કો લગભગ સંપૂર્ણ સ્થાનિક નવી શૈલીનો છે. તેની ઈમારતોમાં ઢળતાં છાપરાં તથા માટીનાં નળિયાં એ તેની સ્થાનિક વિશિષ્ટતા છે. આમ છતાં તેમાં સલ્તનતની તેમ જ પ્રાદેશિક સ્થાપત્યકલાનાં મૂળભૂત તત્ત્વો(ઘુમ્મટ, કમાનો, છાજલીઓ)ને પણ આવરી લેવામાં આવ્યાં છે.



આકૃતિ 3

**(ખ) જૌનપુર :** ફિરોઝ તુઘલકના અમીર માલિક સરવરે 1394માં જૌનપુરના શાર્કી રાજ્યની સ્થાપના કરી. 1398માં તૈમુરે દિલ્હી લૂંટતાં તથા બાળતાં દિલ્હીના ઘણા પ્રખર વિદ્વાનો અને કલાકારોએ જૌનપુરમાં આશ્રય લીધો. એ ખાસ નોંધપાત્ર છે કે જૌનપુરની બધી ઇમારતો મસ્જિદો છે અને તે રાજધાની જૌનપુરમાં આવેલી છે. જૌનપુરની મસ્જિદોનાં પંચકોણ બુરજ, મિનારા તથા કમાનો તુઘલક સ્થાપત્યશૈલીની પૂરી અસર દર્શાવે છે.

આમ છતાં ઇમારતોના પ્રવેશદ્વાર અને તેમનું કોતરકામ એ શાર્કી સ્થાપત્યશૈલીની આગવી વિશિષ્ટતા સૂચવે છે. પૂજાઘરની મધ્યમાંનાં ઢળતાં પ્રવેશદ્વાર, તેમાંના કોતરકામવાળા મિનારા, તેમાંની ઝીણી નકશીકામવાળી નાની બારીઓ, ગોખલા વગેરે શાર્કી સ્થાપત્યપદ્ધતિની અજોડ વિશિષ્ટતા છે, જે અન્ય ભારતીય-ઇસ્લામિક સ્થાપત્યોમાં જોવા મળતી નથી. જૌનપુરની વિખ્યાત અતલા મસ્જિદ તથા જામા મસ્જિદ આ શૈલીના નોંધપાત્ર નમૂના છે.



આકૃતિ 4

## 32.1.2 પશ્ચિમ ભારત (West India)

પશ્ચિમ ભારતમાં 14મી સદીમાં અસ્તિત્વમાં આવેલી સ્થાપત્યશૈલી બહુધા ગુજરાત પૂરતી મર્યાદિત છે. ગુજરાતમાં 14મી સદીના પ્રારંભે ઉદ્ભવેલી સ્થાનિક બાંધકામપદ્ધતિ આશરે 250 વર્ષ સુધી ચાલુ રહી. દિલ્હીના ખલજી સુલતાનોના ગુજરાતના સુબેદારોએ ગુજરાતમાં સલ્તનતની ભારતીય-ઇસ્લામિક સ્થાપત્યશૈલીની શરૂઆત કરી, જે પછીથી ગુજરાતના સ્વતંત્ર સુલતાનોના શાસન દરમિયાન સ્થાનિક તેમ જ ભારતીય ઢબમાં પરિવર્તિત થઈ. આમ ગુજરાતની સ્થાપત્યપદ્ધતિના ત્રણ તબક્કા છે :

(i) 14મી સદીના પૂર્વાર્ધ સુધી,

(ii) 15મી સદીના પૂર્વાર્ધ સુધી,

(iii) 15મી સદીના ઉત્તરાર્ધની શરૂઆતથી.

(i) પ્રથમ તબક્કામાં અલાઉદ્દીન ખલજીથી મહમ્મદ તુઘલકના શાસનકાળ સુધી(1296થી 1317)ના ગુજરાતના સુબેદારોએ હિન્દુ તેમ જ જૈન મંદિરોની તોડફોડ કરીને તેમનું મસ્જિદોમાં રૂપાન્તર કર્યું.


(ii) બીજા તબક્કામાં તુઘલક રાજ્યવંશના પતનથી સૈયદ શાસકોના પતન સુધી(15મી સદીના પૂર્વાર્ધ)માં ગુજરાતે સ્થાપત્યને લગતી પોતાની પદ્ધતિ વિકસાવવાની શરૂઆત કરી.

(iii) ત્રીજા તબક્કામાં ગુજરાતના સ્વતંત્ર સુલતાન મહમૂદ બેગડા(1458-1511–15મી સદીના ઉતરાર્ધ)ના શાસનકાળમાં ગુજરાતની પોતાની આગવી સ્થાનિક સ્થાપત્યશૈલી પૂર્ણ કક્ષાએ વિકાસ પામી. ગુજરાતનાં ઘણાંખરાં સ્થાપત્યો–મસ્જિદો, મકબરા, રોજા, કિલ્લા, નગરો, જાહેર બાંધકામો વગેરે આ સમય દરમિયાન થયાં.

એ નોંધવું ઘટે કે ગુજરાતની સ્થાપત્યપદ્ધતિ સંપૂર્ણપણે સ્થાનિક ઢબની હતી, કારણ કે ગુજરાતની મુસ્લિમ ઇમારતો અગાઉનાં હિન્દુ મંદિરો તેમ જ જૈન મંદિરોની બાંધકામશૈલીના આધારે બાંધવામાં આવેલી છે. મંદિરના શિખરને ખસેડીને તેને સ્થાને ઘુમ્મટ બાંધવામાં આવેલ છે તથા ગર્ભગૃહમાંની મૂર્તિને ખસેડીને ત્યાં ખુલ્લો ઓરડો કે પરસાળ રચવામાં આવેલ છે. હિન્દુ કે જૈન મંદિરોના બાકીનાં માળખાં (ચોક સહિતના) લગભગ યથાવત્ રાખવામાં આવેલાં છે. ગુજરાતના બીજા તથા ત્રીજા તબક્કાની મોટા ભાગની મસ્જિદો આ રીતે બાંધવામાં આવેલી છે માટે તેમની સ્થાપત્યશૈલી સંપૂર્ણપણે સ્થાનિક છે.



આકૃતિ 5




આકૃતિ 6

## 32.1.3 મધ્ય ભારત (Central India)

મધ્ય ભારતમાં માલવા (ધાર અને મંડુ) સ્થાપત્યનું મુખ્ય કેન્દ્ર હતું. માલવા 15મી સદીના પ્રારંભે દિલ્હી સલ્તનતથી સ્વતંત્ર રાજ્ય બન્યું, પરંતુ તેણે તુઘલક સ્થાપત્યનાં મૂળ તત્ત્વો જાળવી રાખીને પોતાની સ્થાપત્યશૈલી વિકસાવી, જેમાં હિન્દુ-ઇસ્લામિક સ્થાપત્યપદ્ધતિનાં મૂળ લક્ષણોનો આધાર લેવામાં આવ્યો છે. માલવા પ્રદેશ(ધાર તથા મંડુ)ની ઇમારતોના બાંધકામ માટે દિલ્હીના નિષ્ણાત સ્થપતિઓને બોલાવવામાં આવ્યા હતા. જોકે 16મી સદીની શરૂઆતથી માલવાએ પોતાની સ્થાનિક સ્થાપત્યશૈલી વિકસાવી.



આકૃતિ 7



આકૃતિ 8

મધ્ય પ્રદેશનાં મોટા ભાગનાં મકાનો, મસ્જિદો, રોજા તથા મહેલો ધાર અને મંડુમાં આવેલાં છે. આવી થોડી ઇમારતો ચંદેરીમાં પણ છે. માલવાની ઇમારતોની સ્થાનિક સ્થાપત્યશૈલીનાં મુખ્ય લક્ષણોમાં એકને બદલે બે કમાનો, ઠીક ઠીક લાંબાં તથા પહોળાં પગથિયાંવાળાં પ્રવેશદ્વારો અને ઊંચી પરથાર કહી શકાય. વિવિધ પ્રકારના રંગીન પથ્થરો તથા આરસ અને ખાસ પ્રકારનાં નળિયાંનો ઉપયોગ માલવાની ઇમારતોની શોભામાં વૃદ્ધિ કરે છે. આ જાતની સ્થાપત્યશૈલી ભારતમાં અન્ય સ્થળોએ ભાગ્યે જ નજરે પડે છે.

ગુજરાતના સુલતાન બહાદુરશાહે માલવાના અંતિમ સુલતાન મહમૂદ બીજાને પરાજય આપતાં (1531) માલવાની સ્થાપત્યકલા સ્થગિત થઈ ગઈ. હુમાયુંએ માલવાને કામચલાઉ જીત્યું (1535) તથા અકબરે તે મુગલ સામ્રાજ્યમાં સમાવી લીધું (1564).

## 32.1.4 દખ્ખણ (Deccan)

14મી સદીથી દખ્ખણમાં બહમની રાજ્યમાં વિકાસ પામેલી સ્થાપત્યશૈલી ઉત્તર ભારતની તેમ જ પૂર્વ મુસ્લિમ સમયની સ્થાપત્યશૈલી કરતાં ભિન્ન પ્રકારની હતી. તેમાં સ્થાનિક તત્ત્વ તેમ જ ઈરાની પદ્ધતિ

વિશેષ પ્રમાણમાં દેખાય છે. તેનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :

(ક) તુઘલક સમયનાં બાંધકામોની શૈલીનો બહુધા સ્વીકાર, અને


(ખ) ઈરાની સ્થાપત્યકલાનો લેવામાં આવેલ આધાર.

બહમની કે દખ્ખણની સ્થાપત્યકલાનો વિકાસ ત્રણ તબક્કામાં થયેલો છે :


(ક) બહમની રાજ્યની પ્રથમ રાજધાની ગુલબર્ગમાં 14મી સદીમાં થયેલ વિકાસ,

(ખ) બીડરમાં 15મી સદીમાં થયેલ વિકાસ,

(ગ) બિજાપુર-ગોલકોંડામાં 16મી સદીમાં થયેલ વિકાસ.



આકૃતિ 9



આકૃતિ 10

**(ક) ગુલબર્ગમાં થયેલ વિકાસ (14મી સદી) :** અલાઉદ્દીન બહમને 1347માં સ્વતંત્ર બહમની રાજ્યની સ્થાપના કરી ત્યારથી દખ્ખણની મુસ્લિમ સ્થાપત્યકલાનો ઇતિહાસ શરૂ થયો. પ્રથમ બાંધકામો ગુલબર્ગમાં થયાં. તેમાં તુઘલકોની તેમ જ ઈરાની ઇમારતોની પૂરી અસર દેખાય છે. ગુલબર્ગના કિલ્લામાં 1367માં બાંધવામાં આવેલી જામા મસ્જિદ આનું ઉત્તમ ઉદાહરણ છે. તે રફી નામના ઈરાની સ્થપતિએ બાંધેલી છે. તેની આખી નકશી તથા ભાત ઈરાની ઢબની છે. તેમાં કમાનો વડે ટેકવાયેલા નાના નાના ઘુમ્મટો રચવામાં આવેલા છે જે ભારત-ઈસ્લામિક પદ્ધતિથી ભિન્ન પ્રકારના છે (આકૃતિઓ 9 તથા 10). આ પ્રકારની રચના પછીની ઇમારતોમાં જોવા મળતી નથી.

**(ખ) બીડરમાં થયેલ વિકાસ (15મી સદી) :** બહમની શાસક અહમદશાહે (1422-36) ગુલબર્ગમાંથી પોતાની રાજધાની બીડરમાં બદલી, એટલે બીડર દખ્ખણની સ્થાપત્યકલાનું મુખ્ય કેન્દ્ર બન્યું (15મી સદી). તેમાં મહેલો, મકબરા, મસ્જિદો, મદ્રેસા, સ્નાનગૃહો (હમામ) વગેરે બાંધવામાં આવ્યાં, જેમાં તુઘલક સ્થાપત્યની અસર નહિવત્ છે, જ્યારે ઈરાની સ્થાપત્યકલાની અસર પૂરેપૂરી છે. અલબત્ત, તેમાં ભારતીય-ઈસ્લામિક સ્થાપત્યકલાનાં મૂળ તત્ત્વો જાળવી રાખવામાં આવ્યા છે.

આ સ્થાપત્યશૈલીનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :

(i) બીડરની સ્થાપત્ય તથા ચિત્રકલા ઈરાનની રંગીન સ્થાપત્યશૈલી તેમ જ ચિત્ર-શૈલી પર આધારિત હોઈને તેના મહેલોમાં ચમકદાર રંગીન નળિયાંઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે તથા ભીંતો પર સુંદર રંગીન ચિત્રો દોરવામાં આવ્યાં છે. ઈરાનમાંથી આયાત કરેલ રંગીન નળિયાં બહારના ભાગમાં જડવામાં આવેલાં છે. તેથી મહેલોના સુશોભનના આકર્ષણમાં વધારો થયેલો છે.

(ii) બીડરની ઇમારતોના ઘુમ્મટો પણ જુદા પ્રકારના છે. તેઓ નીચી સપાટીના અને ગોળાકાર છે. તેમની ઊંચાઈ સલ્તનત યુગની ઇમારતોના અન્ય ઘુમ્મટોની ઊંચાઈના પ્રમાણમાં ઓછી છે. બીડરની ઇમારતોના આવા ઘુમ્મટોનો પછીથી મુગલ શૈલી(16મી સદી)ની ઇમારતોમાં વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયેલો છે.

16મી સદીના પૂર્વાર્ધમાં બહમની સલ્તનતનું વિઘટન થતાં બીજાપુર તથા ગોલકોંડાની સ્થાપત્યશૈલી વિકાસ પામી. બિજાપુરના આદિલશાહી શાસન અને ગોલકોંડાના કુતુબશાહી શાસન તળે સ્થાપત્યશૈલીએ આગવો તથા અદ્ભુત વિકાસ સાધ્યો, જેનો મુગલ યુગમાં સમાવેશ થતો હોઈને આની ચર્ચા મુગલ યુગના સ્થાપત્ય સાથે કરવામાં આવી છે.

## 32.1.5 વિજયનગર

મુહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન હરિહર અને બુક્કા નામના બે ભાઈઓએ 1336માં તુંગભદ્રા નદીના કિનારે વિજયનગર રાજ્યની સ્થાપના કરી હતી. તેના શાસકોએ–ખાસ કરીને તેના મહાન રાજવી કૃષ્ણદેવ રાયે (1509-1529)–વિજયનગરને ભવ્ય મહેલો, મંદિરો, ફુવારા, તળાવો, બગીચા વગેરેથી

સુશોભિત કર્યું હતું. મુસ્લિમ આક્રમણખોરોને હાથે તાલીકોટાના યુદ્ધ(1565)માં તેની ભવ્ય ઇમારતોનો નાશ થયો. તોપણ હાલમાં તેનાં જે ખંડેરો વિદ્યમાન છે તે વિજયનગરની ભવ્યતાની સાક્ષી પૂરે છે તથા તે મહત્ત્વનાં ઐતિહાસિક તથા પુરાતત્ત્વીય સ્થળો ગણાય છે. વિજયનગર શહેરનાં મંદિરો અને મહેલોને ખાસ પ્રકારના પથ્થરમાંથી બનાવેલા તથા વિવિધ કોતરકામ ધરાવતા અનેક થાંભલાથી સુશોભિત કરવામાં આવ્યાં હતાં.


વિજયનગર શહેરનો વિસ્તાર 26 ચોરસ કિલોમીટરનો હતો. તેને ફરતી મજબૂત દીવાલ હતી. તેમાં ભવ્ય મંદિરો તથા મહેલો ઉપરાંત હાથીઓના તબેલાઓ, જાહેર મકાનો, જાહેર જળાશયો, ફુવારા તથા બગીચાઓ આવેલાં હતાં. વિજયનગરની જાહોજલાલી વખતે તેની મુલાકાત લેનાર વિદેશી પ્રવાસીઓના જણાવ્યા અનુસાર વિજયનગરની સ્થાપત્યકલા અજોડ અને અદ્‌ભુત હતી. તે સારાયે દક્ષિણ ભારતમાં ફેલાયેલી હતી. તેનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ હતાં :

(i) એક જ પથ્થરમાંથી બનાવેલા અદ્‌ભુત કોતરકામ અને શિલ્પકૃતિઓ ધરાવતા અનેક થાંભલા.
(ii) થાંભલા પર અશ્વને મળતી પ્રાણીની વિવિધ શિલ્પકૃતિઓ. તેમની નીચે કમળ આકારનાં કોતરકામ.




આકૃતિ 11

(iii) થાંભલાના શિરોભાગને ટેકો આપતા કાટખૂણાવાળા આધારો અને તેમાંનાં કોતરકામ-કાંગરા.
(iv) ઉપરોક્ત પ્રકારના અનેક થાંભલાવાળા ભવ્ય મંડપો, જેથી મંદિરો-ઇમારતોની શોભામાં થતો વધારો.



આકૃતિ 12



આકૃતિ 13

## 'તમારી પ્રગતિ ચકાસો' – ક

1. પશ્ચિમ ભારતની સ્થાપત્યશૈલીનાં મુખ્ય લક્ષણો જણાવો. (8 લીટીમાં)

2. બંગાળ તથા જૌનપુરની સ્થાપત્યશૈલીનાં વિશિષ્ટ લક્ષણો ટૂંકમાં વર્ણવો. (10 લીટીમાં)

3. વિજયનગરનાં સ્થાપત્યો તે સમયનાં અન્ય સ્થાપત્યોથી કઈ રીતે જુદાં પડે છે ? તેમની ખાસ વિશિષ્ટતાઓ શી છે ? (10 લીટીમાં)

4. નીચેના પ્રત્યેક વિશે ત્રણ ત્રણ વાક્યો લખો :

(i) ગુલબર્ગનાં સ્થાપત્યો

(ii) બીડરની ઇમારતો

(iii) ધાર અને મંડુનાં સ્થાપત્યો

______________________________

______________________________

______________________________

## 32.2 ચિત્રકામ (Paintings)

દિલ્હી સલ્તનતમાં ચિત્રકામનો ખાસ વિકાસ થયો ન હતો, પરંતુ પ્રાદેશિક રાજ્યોમાં આ કલાનો સારો એવો વિકાસ થયો હતો. સલ્તનત યુગનાં પ્રાદેશિક રાજ્યોના ભંડારોમાંથી પોથીઓમાં ચિતરાયેલા વિવિધ રંગોનાં ચિત્રોનો જથ્થો મોટા પ્રમાણમાં પ્રાપ્ત થયેલો છે. તેમાં ગુજરાત તથા રાજસ્થાનના ભંડારોમાંથી જૈન ધર્મને લગતી હસ્તપ્રતોમાં લઘુચિત્રો વિપુલ પ્રમાણમાં મળેલાં છે. હિન્દુ તેમ જ બૌદ્ધ ધર્મને લગતાં ચિત્રોવાળી હસ્તપ્રતો પણ થોડા પ્રમાણમાં મળેલી છે. કાશ્મીરી કવિ બિલ્હણની ચિત્રકલા તથા દખ્ખણમાં અહમદનગર, બિજાપુર અને ગોલકાંડા રાજ્યોની ચિત્રકલા પણ તેની કેટલીક વિશિષ્ટતાઓને લીધે નોંધપાત્ર છે.

### 32.2.1 પશ્ચિમ ભારતની પદ્ધતિ (Western Indian Style)

**(ક) જૈન ચિત્રકલા :** પશ્ચિમ ભારતની ચિત્રકલા ગુજરાત તથા રાજસ્થાનમાં 12મી સદીમાં શરૂ થઈ હોવાના પુરાવા મળે છે. ગુજરાત અને રાજસ્થાનના જૈન ભંડારોમાંથી આ સમયની અનેક ચિત્રિત હસ્તપ્રતો પ્રાપ્ત થયેલી છે. જોકે આ બધી જ હસ્તપ્રતો જૈન ધર્મને લગતી નથી, તેમાં સામાન્ય જીવનનાં દૃશ્યો પણ છે. જૌનપુર, બંગાળ તથા બિહારમાંના ભંડારોમાંથી પણ ચિત્રિત જૈન હસ્તપ્રતો મળી આવેલી છે.

શરૂઆતમાં તાડપત્રો પર લખાણો લખાતાં તથા ચિત્રો દોરાતાં, પરંતુ 13મી સદીથી કાગળની હસ્તપ્રતો પર લખાણો લખવાનું તથા ચિત્રો દોરવાનું શરૂ થયું અને 14મી સદીમાં કાગળ પ્રચલિત થતાં તેની હસ્તપ્રતોમાં લખાણો થયાં તથા ચિત્રો દોરાયાં. છતાં તાડપત્રો પરનાં લખાણો તથા ચિત્રોની કલા પણ કંઈક અંશે ચાલુ રહી.


આ ચિત્રોનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ હતાં :

(i) પોથીમાંનાં લખાણો સુંદર અક્ષરોથી લખાતાં તથા તેમાં ઘેરા લાલ કે વાદળી રંગથી ચિત્રો દોરાતાં.

(ii) ચમકદાર કિરમજી તથા વાદળી રંગની સાથે ચિત્રોમાં સોનેરી અને રૂપેરી રંગોનું મિશ્રણ કરવામાં આવ્યું, જેથી ચિત્રોની ચમકમાં ભારે વધારો થયો.


(iii) ચિત્રોને મનુષ્યો, પ્રાણીઓ, ધાર્મિક ચિહ્નો, ઘરવખરીની અમુક ચીજો, ભૌમિતિક આકૃતિઓ વગેરેથી અલંકૃત કરાતાં.

(iv) મનુષ્ય આકૃતિઓની ઊપસેલી આંખો, ફૂલેલ પેટ, ખાસ પ્રકારની આસન શૈલી વગેરે આ ચિત્રકલાની. નોંધનીય વિશિષ્ટતાઓ છે, જેમાં પુરુષ તથા સ્ત્રી આકૃતિ વચ્ચે ભેદ પાડવો મુશ્કેલ છે.



આકૃતિ 14

(v) પાટણ તથા અમદાવાદના જૈન ભંડારોની ચિત્રિત પોથીઓ તપાસતાં માલૂમ પડ્યું છે કે તેમાંનાં મોટા ભાગનાં ચિત્રો સામાન્ય વ્યક્તિઓ દ્વારા દોરાયેલ છે, કારણ કે તેમાં સપ્રમાણતા તેમ જ કલાત્મક તત્ત્વો પ્રમાણમાં ઓછાં છે, જ્યારે અમુક પોથીઓમાંનાં ચિત્રો નિષ્ણાત કલાકારો દ્વારા દોરાયાં હોવાની પ્રતીતિ થાય છે.



આકૃતિ 15

(vi) ચિત્રિત હસ્તપ્રતોમાં તેમના ચિત્રકાર કે કલાકારનાં નામ ભાગ્યે જ આપવામાં આવેલ છે. તેથી તે સમયના ચિત્રકારોનાં નામ મળતાં નથી,

**(ખ) હિન્દુ ચિત્રકલા :** સલ્તનત યુગની પ્રાદેશિક હિંદુ ચિત્રકલામાં જૈન ચિત્રકલાનાં મોટા ભાગનાં લક્ષણો દેખાય છે, કારણ કે જૈન ચિત્રો દોરનાર બહુધા હિન્દુઓ હતા. આ ચિત્રકલાનો 15મી સદીમાં પ્રારંભ થયો અને મુગલ યુગ દરમિયાન તેનો સારો એવો વિકાસ થયો. હિંદુ ચિત્રો તાડપત્રો પર ભાગ્યે જ ચીતરાયાં છે, કારણ કે 15મી સદીમાં તો ભારતમાં કાગળનો ઉપયોગ પ્રચલિત થયો હતો. નેપાલમાંનાં થોડાં હિંદુ ચિત્રો તાડપત્રો પર ચિતરાયેલાં મળી આવેલાં છે એટલે નેપાળમાં પણ હિંદુ ચિત્રકલાનો વિકાસ થયો હોવાનું પ્રમાણ મળે છે.

## 32.2.2 કૌરાપનકાસિક શૈલી (Caurapancasika Style)

કૌરાપનકાસિક નામે જાણીતી થયેલી ચિત્રિત હસ્તપ્રત કાશ્મીરી કવિ બિલ્હણે લખેલી છે. રાજાની પુત્રી સાથે પ્રેમ કરવા બદલ તેને ફાંસીની સજા થઈ હતી. ફાંસીએ ચઢતાં પહેલાં તેણે પ્રેમની ઉત્કૃષ્ટ ઊર્મિભરી કંડિકાઓ ચિત્રિત પદ્ધતિમાં આ હસ્તપ્રતમાં લખેલી છે, જે પછીથી કૌરાપનકાસિક તરીકે વિખ્યાત થઈ. આ પદ્ધતિ ક્યાં અને ક્યારે શોધાઈ તે અનિશ્ચિત છે. પરંતુ તેનો સૌથી સારો ઉપયોગ બિલ્હણે પોતાની હસ્તપ્રતમાં કરેલો છે તે નિશ્ચિત છે. આ પદ્ધતિમાં હાવભાવની અભિવ્યક્તિ તથા રંગોનું મિશ્રણ અજોડ ગણાય છે.



આકૃતિ 16



આકૃતિ 17


## 32.2.3 પ્રાંતિક રાજ્યોમાં ચિત્રકલાનો વિકાસ (Development of Painting in Provinces)

**(ક) સુલેખન કલા**


(i) **અમદાવાદ :** અમદાવાદમાં સુલેખન ચિત્રકલાની શરૂઆત મહમૂદ બેગડાના શાસનકાળમાં થઈ. તે લગભગ 50 વર્ષ (1425-75) સુધી ચાલુ રહી. આ કલામાં કુરાન લખવાની લિપિ સુલુથ તરીકે જાણીતી થઈ. આ લિપિ વાંકીચૂંકી છે અને તે પશ્ચિમ એશિયાના દેશોમાં અભિલેખો તેમ જ પ્રકરણનાં મથાળાં લખવા માટે વપરાતી હતી. તેને ભારતમાં 15મી સદીમાં અપનાવવામાં આવી.

(ii) **જૌનપુર :** જૌનપુરમાં સુલેખન ચિત્રકલાનો પ્રારંભ 15મી સદીના ઉત્તરાર્ધમાં અને 16મી સદીના પૂર્વાર્ધમાં થયો. જૌનપુરમાંની કુરાનની સુલેખન શૈલીમાં ઉપયોગમાં લેવાયેલી લિપિ બિહારી તરીકે ઓળખાઈ. આમાં હસ્તપ્રતોની ફ્રેમને ઘેરા લાલ રંગથી ચિત્રિત કરવામાં આવતી તથા તેમાં સુશોભન માટે વર્તુળાકારનાં ચિત્રો દોરવામાં આવતાં તેમ જ વેલ-પાંદડાંની ભાત પાડવામાં આવતી.

**(ખ) સોનેરી અક્ષરોવાળી હસ્તપ્રતો :** સોનેરી અક્ષરોવાળી ચિત્રિત હસ્તપ્રતાના વિકાસ 13થી 15મી સદીમાં ઈરાનમાં રાજ્યાશ્રય હેઠળ થયો. ભારતમાં આ પ્રકારની હસ્તપ્રતોનો અવિર્ભાવ 15મી સદીમાં બંગાળમાં થયો હોવાનું મનાય છે. ઈરાની પદ્ધતિની આવી ચિત્રિત હસ્તપ્રતોનો એક સમૂહ મંડુમાંથી પ્રાપ્ત થયેલ છે (1490-1510). 15મી સદીના માળવાના ખલજી સુલતાનો ચિત્રકલાના શોખીન હતા. તેઓએ ઉપરોક્ત ચિત્રિત હસ્તપ્રતો ઈરાનમાંથી મગાવી હશે તથા તેમના કલાકારોને માળવા-મંડુમાં વસાવ્યા હશે અને ત્યાર બાદ સુલતાનોએ પોતાના કલાકારો મારફત આવી હસ્તપ્રતોની નકલો કરાવી હશે તેમ માની શકાય.


આકૃતિ 18(a)



આકૃતિ 18(b)


આકૃતિ 18(c)

આ ચકચકિત (સોનેરી) હસ્તપ્રતોના સુંદર લઘુચિત્રોમાં સમાન્તર રેખાઓ દોરવામાં આવી છે તથા તેમાં આકર્ષક કુદરતી દશ્યો ચીતરવામાં આવ્યાં છે.

## 32.2.4 દખ્ખણ પ્રદેશની ચિત્રકલા

15મી સદીના ઉત્તરાર્ધમાં તથા 16મી સદીના પૂર્વાધમાં દખ્ખણમાં--અહમદનગર, બિજાપુર તથા ગોલકોંડા રાજ્યોમાં–એક અનોખી ચિત્રકલાનો ઉદય થયો. તે મુગલ ચિત્રકલાની પુરોગામી હતી અને પ્રારંભની મુગલ ચિત્રકલા પર તેની ઘેરી અસર પડી હતી. આ ચિત્રકલામાં વિવિધ રંગો જેવા કે ગુલાબી, લીલો, ભૂરો, વાદળી, પીળો, જાંબુડિયો વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તથા આ કલાના માનવ-ચિત્રોના પોશાક પણ વિશિષ્ટ પ્રકારના છે. આને લીધે દખ્ખણની આ ચિત્રકલા ચિત્રોની એક આગવી અને અનોખી શૈલી ગણાય છે, જેનો પછીથી મુગલ યુગમાં ઘટતા ફેરફારો સાથે ચરમ વિકાસ થયો. જોકે આ કલા પણ અન્ય પ્રદેશોની ચિત્રકલાની માફક ઈરાની ચિત્રકલાથી પ્રભાવિત થયેલ છે, જે ચિત્રોમાંનાં કુદરતી દશ્યો, ઈરાની પદ્ધતિના રંગોનો ઉપયોગ, માનવ આકૃતિઓ વગેરે પરથી સિદ્ધ થાય છે.


આકૃતિ 19(a)

**'તમારી પ્રગતિ ચકાસો' – ખ**

1. પશ્ચિમ ભારતની ચિત્રકલા મુખ્યત્વે કયાં શહેરોમાં વિકસી ? આ કલાનાં મુખ્ય લક્ષણો કયાં છે ? (આઠ વાક્યોમાં)


આકૃતિ 19(b)

2. અમદાવાદ તથા જૌનપુરમાં વિકસેલી સુલેખન ચિત્રકલાનાં મુખ્ય લક્ષણો 8 વાક્યોમાં સમજાવો.

3. કૌરાપનકાસિક ચૈત્ર શૈલી એટલે શું ? તે ક્યાં વિકસી ? તેની વિશિષ્ટતાઓ શી છે ?

4. નીચેના પ્રત્યેક વિશે ચાર ચાર વાક્યો લખો :

(i) દખ્ખણ પ્રદેશની ચિત્રકલા

(ii) જૈન ચિત્રકલા

(iii) મંડુનો ચિત્રસમૂહ

## 32.3 સંગીત (Music)

સલ્તનત યુગનાં સાધનોમાંથી સ્થાપત્ય તથા ચિત્રકલા વિશે જેટલી માહિતી મળે છે તેટલી માહિતી સંગીતકલા વિશે મળતી નથી. અમીર ખુશરો(1254-1325)ની કૃતિઓમાં સંગીત વિશેના થોડા નિર્દેશો છે. આ સિવાય દિલ્હી સલ્તનત વિશે રચાયેલી અન્ય સમકાલીન કૃતિઓમાં સંગીત વિશેના ઉલ્લેખો ભાગ્યે જ છે. તોપણ આ સમયગાળા(13મી થી 15મી સદી) દરમિયાન સંગીત પર સંસ્કૃત તેમ જ ફારસીમાં કેટલીક રચનાઓ થઈ, જેમાં સંગીતના પ્રકાર, રાગ-રાગિણી વગેરે વિશે ઠીક ઠીક માહિતી આપવામાં આવી છે.

(i) દેવગીરીના યાદવ શાસકના આશ્રિત સારંગદેવે લખેલી ''સંગીત રત્નાકર'' (1210-47) નામની રચના આ યુગની સૌથી પહેલી સંગીત-કૃતિ મનાય છે, તે હાલમાં પણ ઉપલબ્ધ છે અને વર્તમાન સંગીતકારો સંગીત માટે તેનો આધાર લે છે. ''સંગીત રત્નાકર''માં મુખ્ય તથા ગૌણ મળીને 264

પ્રકારના રાગનું વર્ણન છે. આ કૃતિમાં વાજિંત્રો સાથેના સુગમ અને શાસ્ત્રીય સંગીતના પ્રકાર ઉપરાંત તેની સાથે સંકળાયેલ નૃત્યના પ્રકારોનું પણ વિવરણ કરવામાં આવેલું છે. આથી સંગીત તેમ જ નૃત્ય પરની આ સૌ પ્રથમ વૈજ્ઞાનિક રચના કહી શકાય.

સંગીત રત્નાકર પર કેટલીક વિવેચનાત્મક કૃતિઓ પણ લખાઈ છે. તેમાં રાજા મલ્લિકાર્જુન-(1446-65)ના આશ્રિત વિજયનગરના કાલિનાથે સંગીત રત્નાકર પર સંસ્કૃતમાં લખેલી ટીકાત્મક રચના જાણીતી છે. સંગીત રત્નાકર પર સંસ્કૃતમાં લખાયેલી અન્ય વિવેચનાત્મક કૃતિઓમાં કેશવ તથા સિંગ ભૂપાસની રચનાઓ નોંધપાત્ર છે. પરંતુ તેમનો સમય તથા સ્થાન નિશ્ચિત નથી.

(ii) પંદરમી સદીમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પણ સંગીત પરત્વે કેટલીક રસપ્રદ રચનાઓ થઈ હતી. તેમાં બે કૃતિઓ પ્રસિદ્ધ છે : (i) સૌરાષ્ટ્રના શાસક હરિપાલ દેવે લખેલી ''સંગીત સુધાકર'' નામની હસ્તપ્રત અને (ii) ખંડિત સ્વરૂપમાં મળેલી અને ફારસીમાં લખાયેલી ''ધુનયાત-ઉલ-મુન્ય'' (અભિલાષાનો આનંદ) નામની હસ્તપ્રત.

''સંગીત સુધાકર''માં પ્રથમ સમગ્ર ભારતીય સંગીતના હિન્દુસ્તાની અને કર્ણાટકી પદ્ધતિમાં પ્રકાર દર્શાવવામાં આવેલા છે, જે પછીથી ઘણા પ્રચલિત થયા. ''ધુનયાત''ના આગળનાં તથા પાછળનાં પાનાં ગુમ થયેલાં છે. એટલે તેના લેખકનું નામ પ્રાપ્ય નથી, પરંતુ ફારસીમાં સંગીત પર રચાયેલી આ પ્રથમ કૃતિ છે તે નિશ્ચિત છે. વળી, આ કૃતિ ફિરોઝ તુઘલકના ગુજરાતના સૂબેદાર મલિક શમસુદ્દીન અબુ રાજાની પ્રેરણાથી રચાઈ હોવાના પણ હસ્તપ્રતમાં ઉલ્લેખ છે. હસ્તપ્રતનો લેખક જણાવે છે કે તેણે આ રચના બુદ્ધિજીવીઓ તથા સત્તાધારીઓ(મુતાબિરણ)માં સંગીતનો શોખ કેળવવા તેમ જ તેમની માગણી સંતોષવા અને સંગીતના નિષ્ણાતો(નારિફ)ની સંગીત પરત્વેની રુચિ વધારવા લખેલી છે. લેખકે પોતાની પહેલાં સંગીત પર સંસ્કૃતમાં લખાયેલી કૃતિઓનો પોતાની હસ્તપ્રતમાં કરેલા ઉપયોગનો ઉલ્લેખ કરેલ છે તે ખાસ નોંધપાત્ર છે.

(iii) પંદરમી સદીના મધ્ય ભાગમાં જૌનપુરના શાસકી સુલતાનોએ સ્થાપત્યકલાની સાથે સંગીતકલાને પણ પ્રોત્સાહન આપ્યું હતું. સંગીતના નિષ્ણાત અને પુરસ્કર્તા સુલતાન હુસેન શારકી(1458-1499)એ સુગમ તેમ જ શાસ્ત્રીય સંગીતનાં કેટલાંક રાગરાગિણીઓને વેગ આપ્યો હતો તથા પોતે પણ કેટલાક નવા રાગ શોધ્યા હતા. તે જૌનપુરી, રોડી, સિંધુ ભૈરવી, રસુલી-ટોડી, સિંદુર વગેરે રાગોનો શોધક મનાય છે.

(iv) પંદરમી સદીમાં લોચન કવિએ ''રાગ તરંગિણી'' નામનું સંગીતનું પુસ્તક લખ્યું. તેમાં જયદેવની કૃતિ ''ગીત-ગોવિંદ'' તથા વિદ્યાપતિની કાવ્યરચનામાંથી સંગીતને લગતાં દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. તેમાં સંગીત તેમ જ રાગના વિવિધ પ્રકારો વર્ણવવામાં આવેલા છે, જે આજે પણ પ્રચલિત છે.

(v) દક્ષિણમાં વિજયનગરના રાજાઓ સંગીતના ચાહક હતા. તેમને આશ્રયે રામમાત્ય નામના મહાન સંગીતકારે ''સ્વરમેલ કલાનિધિ'' નામના પુસ્તકની રચના કરી. તેમાં દર્શાવાયેલા રાગ હાલમાં પણ દક્ષિણના સંગીતમાં ખૂબ પ્રચલિત છે.

આમ, ઉપરોક્ત વિવરણથી સિદ્ધ થાય છે કે સલ્તનત યુગમાં સંગીત પણ અન્ય કલાઓની માફક દેશના વિવિધ પ્રદેશોમાં તેના વિવિધ પ્રકારો તેમ જ રાગો સાથે વિકાસ પામ્યું હતું. અલબત્ત, તેમાં કોઈ સંકલન હતું તથા સંગીતક્ષેત્રે પ્રત્યેક પ્રદેશને પોતાની વિશિષ્ટતા હતી. તોપણ વર્તમાન સંગીતને પ્રેરણારૂપ સંગીતના કેટલાક પ્રકાર અને રાગ આ યુગમાં અસ્તિત્વમાં આવ્યા હતા અને તે હાલમાં પણ પ્રચલિત છે, એ તેની નોંધપાત્ર સિદ્ધિ છે. મુગલ યુગમાં અન્ય કલાઓની સાથે સંગીતકલાએ પણ અજોડ વિકાસ સાધ્યો. જોકે તેનો પ્રેરણાસ્રોત સલ્તનત યુગનું સંગીત કહી શકાય.

## 'તમારી પ્રગતિ ચકાસો' – ગ

1. ''સંગીત રત્નાકર''નું સંગીતની કૃતિ તરીકેનું મહત્ત્વ સમજાવો. (6 લાઇન)

2. ભારતીય સંગીતના હિન્દુસ્તાની અને કર્ણાટકી એવા પ્રકાર ક્યાં અને ક્યારે થયા ? કઈ રચનામાં તેનો ઉલ્લેખ છે ? (5 લાઇન)

3. સુલતાન હુસેન શારકીનું સંગીતના પુરસ્કર્તા તથા સંગીતકાર તરીકે મૂલ્યાંકન કરો. (6 લાઇન)

4. ધુનયાત-ઉલ-મુન્યને વર્તમાન સંગીત પરત્વેની અગત્યની કૃતિ શા માટે માનવામાં આવે છે ? (5 લાઇન)

5. પ્રત્યેક પર બે-બે વાક્યો લખો :
   (i) દખ્ખણ પ્રદેશની ચિત્રકલા
   (ii) સ્વરમેલ કલાનિધિ
   (iii) સિંદુર અને સિંધુ ભૈરવી
   (iv) મુતાબિરણ અને નારિફ

## 32.4 સારાંશ

દિલ્હી સલ્તનત દરમિયાન પ્રાદેશિક રાજ્યોમાં આગવી સ્થાપત્ય, ચિત્ર તથા સંગીતશૈલીનો વિકાસ થયો. અલબત આ સ્થાપત્યમાં કેન્દ્રીય ભારતીય-ઇસ્લામિક સ્થાપત્યનાં મૂળ તત્ત્વો જળવાઈ રહ્યાં તોપણ તેનો

સ્થાનિક શૈલીમાં આગવી રીતે વિકાસ થયો. દરેક પ્રદેશને પોતપોતાની વિશિષ્ટતા હતી. દિલ્હીની નજીકના પ્રદેશમાં દિલ્હી સ્થાપત્યની અસર વિશેષ હતી, જ્યારે તેનાથી દૂરના પ્રદેશોમાં તેની અસર ઓછી હતી. પ્રદેશ પ્રમાણે સ્થાપત્યની શૈલીની માફક સ્થાપત્યની સામગ્રીમાં પણ ભિન્નતા હતી, જેથી વિવિધ ટેક્નિકનો પણ વિકાસ થયો. અલબત્ત ઈરાની સ્થાપત્યનાં મૂળ તત્વો ઓછા-વધતા પ્રમાણમાં પ્રત્યેક સ્થાપત્યપદ્ધતિમાં હતાં, કારણ કે મોટા ભાગના સ્થપતિમાં ભારતીયોની સાથે ઈરાનીઓ પણ હતા.

સલ્તનત યુગમાં સ્થાપત્યકલા જેટલો ચિત્ર તથા સંગીતકલાનો વિકાસ થયો ન હતો, તોપણ પશ્ચિમ ભારત, દખ્ખણ તથા દક્ષિણના અમુક પ્રદેશોમાં તેની નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. 14મા સૈકામાં ભારતમાં કાગળનો ઉપયોગ શરૂ થતાં ચિત્રકલાને વિશેષ ઉત્તેજન મળ્યું. પશ્ચિમ ભારતની ચિત્રકલાના વિકાસમાં ચિત્રિત જૈન હસ્તપ્રતોનો નોંધપાત્ર ફાળો છે. કૌરપનકાસિકા નામે નવી ચિત્રશૈલીએ પણ આ યુગની ચિત્રપદ્ધતિમાં નોંધપાત્ર પ્રદાન કરેલું છે, જ્યારે કુરાનની ચિત્રિત નકલોમાં સુંદર અક્ષરોવાળી ભૌમિતિક રચનાઓના સમાવેશથી ઇસ્લામિક ચિત્રકલાને નવો વેગ મળ્યો.

આ યુગમાં સંગીતના ક્ષેત્રે સારંગદેવે ઉત્તર ભારતની સંગીતશૈલી, રામમાત્યે દક્ષિણ ભારતની સંગીત-પદ્ધતિ તથા જૌનપુરના શાર્કી શાસક સુલતાન હુસેને શારકી શૈલીના સંગીતના ઉદ્‌ભવ તેમ જ વિકાસમાં મૂલ્યવાન ફાળો આપ્યો.

## 32.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' – ક

1. વિભાગ 32.1.1 જુઓ.
2. વિભાગ 32.1.2 (ક) તથા (ખ) જુઓ.
3. વિભાગ 31.1.5 જુઓ.
4. વિભાગ 31.1.4
   (i) (ક) જુઓ.
   (ii) (ખ) જુઓ.
   (iii) 31.1.3 જુઓ.

### 'તમારી પ્રગતિ ચકાસો' – ખ

1. વિભાગ 32.2.1 (ક) જુઓ.
2. વિભાગ 32.2.2 (ક) (i) અને (ii) જુઓ.
3. વિભાગ 32.2.3 જુઓ.
4. (i) વિભાગ 32.2.4 જુઓ.
   (ii) વિભાગ 32.2.1 (ક) જુઓ.
   (iii) વિભાગ 32.2.2 (ખ) જુઓ.

### 'તમારી પ્રગતિ ચકાસો' – ગ

1. વિભાગ 32.3 (i) જુઓ.
2. વિભાગ 32.3 (ii) જુઓ.
3. વિભાગ 32.3 (iii) જુઓ.
4. વિભાગ 32.3 (ii) જુઓ.
5. (i) વિભાગ 32.3 (iv) જુઓ.
   (ii) વિભાગ 32.3 (v) જુઓ.
   (iii) વિભાગ 32.3 (iii) જુઓ.
   (iv) વિભાગ 32.3 (ii) જુઓ.

## 32.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**હમામ** : સ્નાનગૃહો.

**ભંડાર** : જૈન ગ્રંથાલયો.

**પોથી** : ચિત્રિત હસ્તપ્રત.

**કૌરાપનકાસિક** : કાશ્મીરી કવિ બિલ્હણે લખેલી ચિત્રિત હસ્તપ્રતમાં ઉપયોગમાં લેવાયેલી એક પ્રકારની ચિત્રશૈલી.

**બિહારી લિપિ** : જૌનપુરમાં કુરાનની સુલેખન શૈલીમાં ઉપયોગમાં લેવાયેલી લિપિ.

**સુલુથ** : અમદાવાદમાં મહમૂદ બેગડાના સમયમાં કુરાનની સુલેખન પદ્ધતિમાં ઉપયોગમાં લેવાયેલી લિપિ.

**મુતાવિરણ** : સત્તાધારી વ્યક્તિઓ.

**નારિફ** : સંગીતકલાના નિષ્ણાતો.

**સિંદુર** : સંગીતનો એક પ્રકારનો લોકપ્રિય શાસ્ત્રીય રાગ.

**સિંધુ ભૈરવી** : સંગીતનો એક પ્રકારનો લોકપ્રિય શાસ્ત્રીય રાગ.

# એકમ 33 ભાષા-સાહિત્ય (Language and Literature)

રૂપરેખા


33.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

33.1 અરબી સાહિત્ય

33.2 ફારસી સાહિત્ય

- 33.2.1 પ્રથમ તબક્કો
- 33.2.2 અમીર ખુશરોનું પ્રદાન
- 33.2.3 અન્ય ફારસી કવિઓ
- 33.2.4 ફારસીમાં ઐતિહાસિક કૃતિઓ
- 33.2.5 ફારસીમાં સૂફી સાહિત્ય
- 33.2.6 ફારસીમાં સંસ્કૃત ગ્રંથોનાં થયેલ ભાષાન્તર

33.3 સંસ્કૃત સાહિત્ય

33.4 પ્રાદેશિક ભાષાઓમાં સાહિત્ય

33.5 પ્રાદેશિક ભાષાઓ અને તેમાંના સાહિત્યના વિકાસની સામાજિક ભૂમિકા

33.6 ઉત્તર ભારતની પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

- 33.6.1 હિન્દી સાહિત્ય
- 33.6.2 ઉર્દૂ ભાષાનું મૂળ અને તેનો વિકાસ
- 33.6.3 પંજાબી સાહિત્ય
- 33.6.4 બંગાળી સાહિત્ય
- 33.6.5 મરાઠી સાહિત્ય
- 33.6.6 ગુજરાતી સાહિત્ય
- 33.6.7 ઓરિયા સાહિત્ય
- 33.6.8 આસામી સાહિત્ય

33.7 દક્ષિણ ભારતની પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

- 33.7.1 તામિલ સાહિત્ય
- 33.7.2 તેલુગુ સાહિત્ય
- 33.7.3 કન્નડ સાહિત્ય
- 33.7.4 મલયાલમ સાહિત્ય

33.8 સારાંશ

33.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

33.10 ચાવીરૂપ શબ્દો


## 33.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

આ એકમમાં ફારસી ભાષા તથા સાહિત્યનો વિકાસ, ઉર્દૂ ભાષાનો ઉદ્ભવ અને વિકાસ, સંસ્કૃત સાહિત્ય અને તેની ગુણવત્તા, ઉત્તર તથા દક્ષિણ ભારતની પ્રાદેશિક ભાષાઓ તથા સાહિત્યના વિકાસ માટેનાં પરિબળો તેમ જ આ યુગ દરમિયાન સધાયેલ સાંસ્કૃતિક તથા સાહિત્યિક સમન્વયની સમીક્ષા કરવામાં આવી છે.

સલ્તનત યુગ દરમિયાન નવી પ્રાદેશિક ભાષાઓના આવિર્ભાવ સાથે પ્રાદેશિક સાહિત્યનો વિકાસ થયો. સમન્વયકારી નવી ઉર્દૂ ભાષાના ઉદય તેમ જ ફારસી સંસ્કૃતના પરસ્પરના આદાનપ્રદાનથી સાંસ્કૃતિક તેમ જ સાહિત્યિક સમન્વય સધાયો. પ્રાદેશિક સાહિત્યમાં સલ્તનત યુગની સામાજિક-ધાર્મિક તથા લોકોની જીવન-શૈલીનું પ્રતિબિંબ પડ્યું. અમીર ખુશરો અને જાયસી જેવા મુસ્લિમ લેખકોએ હિન્દી સાહિત્યનું કરેલું ખેડાણ તથા બંગાળના મુસ્લિમ લેખકોએ વૈષ્ણવ સાહિત્યનું કરેલું ખેડાણ આ યુગ દરમિયાનના સાંસ્કૃતિક સમન્વયનાં નોંધપાત્ર ઉદાહરણો છે.

## 33.1 અરબી સાહિત્ય

ઈસ્લામના ઉદય પછી અરબી ભાષા મુસ્લિમ જગતની મુખ્ય ભાષા હતી. તે મહંમદ પયગમ્બર સાહેબ તથા મુસ્લિમ ધર્મની પણ ભાષા હતી. દિલ્હીના સુલતાનોને ફારસી ભાષાના સાહિત્યમાં વધારે રસ હોવાથી ભારતમાં અરબી ભાષાનોં ખાસ વિકાસ થયો નહિ. આમ છતાં સુલતાન ઇલ્તુત્મિશે (1210-1235) અને સુલતાન ફિરોઝશાહ તુઘલકે (1351થી 1388) અરબીના વિદ્વાનોને રાજ્યાશ્રય આપતાં અરબી ભાષાના સાહિત્યનું થોડુંક ખેડાણ થયું અને ફિરોઝ તુઘલકના આશ્રયે મઝદુદ્દીન ફિરોઝાબાદીએ કમુસ નામે અરબી શબ્દકોશ તૈયાર કર્યો હતો. દિલ્હી સલ્તનતના વિઘટન પછી પ્રાદેશિક મુસ્લિમ રાજ્યોમાં પણ અરબી ભાષાસાહિત્યને કંઈક અંશે ઉત્તેજન મળ્યું હતું.

## 33.2 ફારસી સાહિત્ય

સલ્તનત સમયમાં ફારસી ભાષા અને સાહિત્યનો વિકાસ બે તબક્કામાં થયો : (1) મામલુક અને ખલજી શાસકોના સમયનો તબક્કો તથા (2) તુઘલક અને લોદી સુલતાનોના સમયનો તબક્કો.

### 33.2.3 પ્રથમ તબક્કો

ફારસી ભાષા અને સાહિત્યનો પ્રથમ પ્રારંભ 10મી સદીમાં ઈરાન અને મધ્ય એશિયાના પ્રદેશોમાં થયો. આ સમયમાં ફિરદોસી જેવા મહાન ફારસી કવિ થયા. 12મી સદીની શરૂઆતમાં ભારતમાં ફારસી ભાષાનો પ્રવેશ થયો, જેમાં લાહોરના પ્રથમ ફારસી કવિ મસૂદ-સદ-સલમાન (મૃત્યુ 1131) ખાસ ઉલ્લેખનીય છે. દિલ્હી સલ્તનતની સ્થાપના પછી ભારતમાં ફારસી ભાષા અને સાહિત્યને રાજ્યાશ્રય મળતાં તેનો વિશેષ વિકાસ થયો.

### 33.2.2 અમીર ખુશરોનું પ્રદાન

ખલજી શાસનકાળ ભારતમાં ફારસી સાહિત્યના વિકાસનો ખૂબ જ નોંધપાત્ર સમય ગણાય છે. ખલજી યુગના ઇતિહાસકાર ઝિયાઉદ્દીન બર્નીના કથન પ્રમાણે સુલતાનોની રાજ્યસભામાં કેટલાયે ફારસી કવિઓ અને લેખકો હતા જેમાં અમીર ખુશરો (મૂળ નામ અબુલ હસન, 1253થી 1325) વિખ્યાત હતા. અકબરના સમય દરમિયાન થઈ ગયેલા ઇતિહાસકાર બદાઉનીએ અમીર ખુશરોએ ફારસી સાહિત્યમાં આપેલા પ્રદાનની ખૂબ પ્રશંસા કરેલી છે અને તેને ફારસી સાહિત્યના તારાઓની વચ્ચે સૂર્ય તરીકે વર્ણવેલ છે.

અમીર ખુશરોએ સુલતાન બલ્બનના સમયમાં રાજસભાના કવિ તરીકે કારકિર્દીની શરૂઆત કરી અને ગિયાસુદ્દીન તુઘલકના સમય સુધી તે પદ ભોગવ્યું. આમ, અમીર ખુશરો છ સુલતાનોના શાસનકાળનો સાક્ષી હતો અને તે ચિશ્તી સૂફી સંત શેખ નિઝામુદ્દીન ઓલિયાનો શિષ્ય હતો.

અમીર ખુશરોએ રાજકારણ, ફિલસૂફી, ઇતિહાસ વગેરે જુદા જુદા વિષયો પર 5 લાખ જેટલા શ્લોકો અને 99 જેટલા ગ્રંથો લખેલ છે. તેણે સબક-ઈ-હિંદી તરીકે ઓળખાતી નવી ભારતીય ફારસી શૈલી શરૂ કરી. અમીર ખુશરોના સૌથી જાણીતાં પુસ્તકોમાં અવિના-ઈ-સિકંદરી, મુતલા-ઉલ-અનવર, લૈલા મજનુન, શિરિન ખુશરો વગેરે ગણાવી શકાય. તેણે આ પુસ્તકો અલાઉદ્દીન ખલજીને સમર્પિત કર્યાં હતાં.

અમીર ખુશરોએ મસનવીસ નામે વર્ણનાત્મક કાવ્યો પણ લખ્યાં, જેનું ઐતિહાસિક તથા સાહિત્યિક મૂલ્ય નોંધપાત્ર છે. જોકે અમીર ખુશરો વાસ્તવમાં ઇતિહાસકાર ન હતો, પરંતુ તે પોતાના વિષયો તરીકે ઐતિહાસિક બાબતો પસંદ કરતો. ઇતિહાસના વિદ્યાર્થીઓ તેમ જ રસિકો માટે તેના મસનવીસ ઘણા ઉપયોગી છે. અમીર ખુશરો લિખિત "મિફ્તાહ-ઉલ-ફુતુક"માં સુલતાન જલાલુદ્દીન ખલજીના લશ્કરી વિજયોનું વર્ણન છે. "સશિકા"માં અલાઉદ્દીન ખલજીના જયેષ્ઠ પુત્ર ખીજરખાન તથા ગુજરાતના રાજા કરણ વાઘેલાની પુત્રી દેવળદેવીના રોમાંચક પ્રેમનું વિવરણ કરવામાં આવ્યું છે. "નુક સિફ"માં સુલતાન કુતબુદ્દીન મુબારકશાહના શાસન તેમ જ તે સમયની સામાજિક અને ધાર્મિક સ્થિતિનું બયાન કરવામાં આવ્યું છે. ખઝૈન-ઉલ-ફુતુરમાં અલાઉદ્દીન ખલજીના દક્ષિણ ભારતના વિજયોનો અહેવાલ આપવામાં આવ્યો છે. એ યાદ રાખવું ઘટે કે અમીર ખુશરો રાજકવિ હતો, એટલે તેણે રાજ્ય અને સુલતાનોની તરફદારી કરતાં વિવરણો આપ્યાં છે, જે તટસ્થ કહી શકાય નહિ.

અમીર ખુશરો મુખ્યત: કવિ હતો. દીવાન (ગઝલ નામે ઓળખાતી કાવતાઓના સંગ્રહ) તરીકે વિખ્યાત થયેલી તેની પાંચ કાવ્યકૃતિઓ તેની બુદ્ધિપ્રતિભાનું નોંધપાત્ર ઉદાહરણ છે. અમીર ખુશરોની ફારસી કવિતાઓમાં તેનો દેશપ્રેમ વ્યક્ત થાય છે. તે લખે છે કે "હિન્દુસ્તાન સ્વર્ગ સમાન છે. ખુરાસાન કરતાં હિન્દુસ્તાનનું હવામાન સુંદર છે. તે બારેમાસ ફૂલઝાડોથી લીલુંછમ રહે છે. હિન્દુસ્તાનના બ્રાહ્મણો ઍરિસ્ટોટલ જેટલા વિદ્વાન છે અને અત્રે વિવિધ ક્ષેત્રોના ઘણા વિદ્વાનો છે." અમીર ખુશરોએ હિન્દવી(હિન્દી-ઉર્દૂ મિશ્ર ભાષા)માં પણ કાવ્યો લખ્યાં અને એ રીતે ઉર્દૂ ભાષાના વિકાસનો પાયો નાખ્યો.

## 33.2.3 અન્ય ફારસી કવિઓ

અમીર ખુશરો સિવાયના સલ્તનત સમયના અન્ય ફારસી કવિઓમાં હસન દેહલવી (શેખ નજમુદ્દીન હસન–અવસાન 1327) ખૂબ પ્રસિદ્ધ હતો. તે અમીર ખુશરોનો મિત્ર હતો અને અલાઉદ્દીન ખલજીનો રાજકવિ હતો. તેની ગઝલોમાં ખૂબ ઊંચા પ્રકારના ભાવો વ્યક્ત થયેલા છે. તુઘલક અને લોદી સુલતાનોના સમયમાં પણ ફારસી લખાણો ચાલુ રહ્યાં. દિલ્હી સલ્તનતના વિઘટન પછી ઉદ્ભવેલ સ્વતંત્ર પ્રાદેશિક મુસ્લિમ રાજ્યોમાં ફારસી કવિઓએ સ્થળાન્તર કર્યું. ત્યાં પણ તેમને સુલતાનો તરફથી આવકાર મળ્યો. દખ્ખણમાં બહમની રાજ્યની રાજધાની ગુલબર્ગામાં ઘણા ફારસી કવિઓ અને વિદ્વાનોને બહમની સુલતાનોનો રાજ્યાશ્રય મળ્યો.

## 33.2.4 ફારસીમાં ઐતિહાસિક કૃતિઓ

સલ્તનત તેમ જ મુગલ સમયમાં ફારસી ભાષામાં કેટલીક નોંધપાત્ર ઐતિહાસિક કૃતિઓ લખાઈ. આવી કૃતિઓ લખનાર મોટે ભાગે રાજ્યાશ્રિત લેખકો હતા. તેથી તેમનાં લખાણો પૂર્વગ્રહયુક્ત હતાં તથા તેમાં સાલવારી અને તટસ્થતાને લગતી કેટલીક ક્ષતિઓ હતી. આમ છતાં આવાં ઐતિહાસિક લખાણો સલ્તનત તેમ જ મુગલ યુગનો ઇતિહાસ જાણવા માટે ઘણાં ઉપયોગી છે.

સલ્તનત સમયમાં થઈ ગયેલ ઇતિહાસકારોમાં ઝિયાઉદ્દીન બર્ની સૌથી વિખ્યાત હતો. તેણે લખેલ 'તારીખે-ફિરોઝશાહી'માં ત્રણ મહાન સુલતાનો અલાઉદ્દીન ખલજી, મુહમ્મદ તુઘલક તથા ફિરોજશાહ તુઘલક(પ્રથમ દસ વર્ષ સુધી)ના શાસનકાળનો ઇતિહાસ આપવામાં આવેલો છે. તેણે 74 વર્ષની વયે આ ગ્રંથ 1357માં પૂર્ણ કર્યો. આ ગ્રંથ ફિરોઝશાહ તુઘલકને અર્પણ કરાયેલ છે. જોકે આ ગ્રંથમાં સાલવારી તેમ જ નામોની ભૂલો છે. વળી, તેનું વલણ સાંપ્રદાયિક હોવાથી તેમાં વ્યક્તિગત તેમ જ સાંપ્રદાયિક પૂર્વગ્રહો પણ વ્યક્ત થયેલા છે. તોપણ ઇતિહાસની સમકાલીન કૃતિ તરીકે તેનું ઘણું મૂલ્ય છે, કારણ કે તેમાં માત્ર સુલતાનો, યુદ્ધો અને રાજસભાઓનો જ અહેવાલ અપાયો નથી. પરંતુ તેમાં વહીવટી, આર્થિક તેમ જ સામાજિક બાબતોનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. બર્ની લિખિત બીજા પુસ્તક- 'ફતવા-ઈ-જહાંદરી'માં મુસ્લિમ શાસનના રાજકીય સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે.

સલ્તનત સમયના અન્ય ઇતિહાસ લેખકોમાં 'તબકાતે નાસિરી'ના કર્તા મિનાજ-ઉસ-સિરાજ, 'તારીખે ફિરોઝશાહી'ના લેખક શમ્સ-સિરાજ અફીફ, 'તારીખે મુબારકશાહી'ના રચયિતા યાહ્યા બિન અહમદ સિરાહિન્દી, 'તારીખે ફિરિસ્તા' (ગુલશને ઇબ્રાહિમી)ના કર્તા મુહમ્મદ કાસીમ ફિરિસ્તા, 'તારીખે મુશ્તાકી'નો લેખક મુશ્તાકી સિકંદર વગેરે ઉલ્લેખનીય છે. 'તારીખે ફિરિસ્તા'માં બહમની સુલતાનોનો ઇતિહાસ આલેખાયો છે, જ્યારે 'તારીખે મુશ્તાકી'માં લોદી સુલતાનોનો ઇતિહાસ અપાયો છે. અન્ય કૃતિઓમાં ફિરોઝશાહ તુઘલક સુધીના સુલતાનોનો અહેવાલ લખાયો છે.

## 33.2.5 ફારસીમાં સૂફી સાહિત્ય

સલ્તનત સમય દરમિયાન ફારસી ભાષામાં ધર્મ તેમ જ તત્ત્વજ્ઞાનને લગતું સાહિત્ય પણ સારા પ્રમાણમાં લખાયું. આમાં સૂફી સાહિત્યનું મહત્ત્વ ઘણું છે. સલ્તનત સમયના આગેવાન સૂફી સંતોએ જે ઉપદેશો, વ્યાખ્યાનો આપ્યાં તેમને જે કૃતિઓમાં સંગૃહીત કરવામાં આવેલ છે તે માલફુઝાત તરીકે જાણીતી છે. અમીર હસન સીઝાએ શેખ નિઝામુદ્દીન ઓલિયાનાં વ્યાખ્યાનો-ઉપદેશોને સંગૃહીત કરીને માલફુઝાત રચી, જે ફારસી સૂફી સાહિત્યની નોંધપાત્ર કૃતિ ગણાય છે. અન્ય સૂફી સંત શેખ નાસિરુદ્દીન મહમુદ- (ચિરાગ દિલ્હી)ના ઉપદેશોને અનુલક્ષીને ખૈર ઉલ મિયાજાહે રચેલી માલફુઝાત પણ ફારસી સૂફી સાહિત્યની ગણનાપાત્ર રચના કહેવાય છે. આ કૃતિઓમાં આધ્યાત્મિક તથા ધાર્મિક બાબતો ઉપરાંત સલ્તનત સમયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિના પણ ઉલ્લેખો છે.

## 33.2.6 ફારસીમાં સંસ્કૃત ગ્રંથોનાં થયેલ ભાષાન્તર

અમીર ખુશરોની કૃતિઓએ સલ્તનત સમયમાં સાહિત્યિક તથા સાંસ્કૃતિક સમન્વયનો પાયો નાખ્યો, જેને પરિણામે સંસ્કૃતનાં પુસ્તકોનું અરબી તેમ જ ફારસી ભાષાઓમાં ભાષાન્તર થયું. સંસ્કૃતમાં લખાયેલ

વાર્તાસંગ્રહનું ફારસીમાં ભાષાન્તર કરનાર સૌપ્રથમ વિદ્વાન ઝીયા નકસબીદ (અવસાન 1350) હતો. તેણે લખેલ તુતી-નામા નામે રચના સંસ્કૃત વાર્તાસંગ્રહ પર આધારિત છે. ફિરોઝશાહ તુઘલક તથા સિકંદર લોદીના શાસનકાળ દરમિયાન ઘણી સંસ્કૃત કૃતિઓનું ફારસીમાં ભાષાન્તર થયું. કાશ્મીરના મહાન સહિષ્ણુ શાસક ઝૈન-ઉલ-આબેદીને (1420-1470) મહાભારત તથા કલ્હણ કૃત રાજતરંગિણીનું ફારસીમાં ભાષાન્તર કરાવ્યું. આ ઉપરથી એ ફલિત થાય છે કે સલ્તનત સમયમાં હિન્દુ તેમ જ ઇસ્લામ ધર્મનું જ્ઞાન ધરાવનાર સંસ્કૃત અને ફારસી ભાષાના વિદ્વાનો હતા, પરંતુ એ નોંધવું જોઈએ કે કોઈ પણ ફારસી કે અરબી રચનાનું હિન્દુ વિદ્વાનોએ સંસ્કૃતમાં ભાષાન્તર કરેલું નથી જે આ વિદ્વાનોની સંકુચિત મનોદશા (અન્ય સંસ્કૃતિઓમાંથી કશુંક લેવાની વૃત્તિનો અભાવ) સૂચવે છે, જેનો 11મી સદીના ફારસી તેમ જ સંસ્કૃતના નામાંકિત વિદ્વાન અલબેરૂનીએ પણ ઉલ્લેખ કરેલો છે. આને પરિણામે સલ્તનત સમયમાં તેમ જ ત્યાર બાદ લખાયેલી સંસ્કૃત કૃતિઓમાં પૂરતી ગુણવત્તા, ઊંડાણ તેમ જ વ્યાપકતાનો અભાવ જણાય છે.

ઉપરોક્ત હકીકતથી સિદ્ધ થાય છે કે સલ્તનત સમયમાં ફારસી રાજભાષા થઈ હોવાથી તેનો ભાષા તરીકે તેમ જ તેમાં લખાયેલ સાહિત્યનો સારો એવો વિકાસ થયો. આ સાહિત્યમાંથી નવા સામાજિક તેમ જ ધાર્મિક ખ્યાલોનો ભારતને પરિચય થયો તથા ભારતના વિચારકો, કવિઓ અને સામાજિક સુધારકોનું દૃષ્ટિબિન્દુ વ્યાપક બન્યું. વિશેષમાં ફારસી ભાષા તેમ જ સાહિત્યે ભારતમાં કેટલીક નવી ભાષાકીય તથા સાહિત્યિક પદ્ધતિઓ પણ દાખલ કરી.

## 33.3 સંસ્કૃત સાહિત્ય

સંસ્કૃત ભાષા અને સાહિત્યે સલ્તનત યુગ દરમિયાન સુલતાનોનો રાજ્યાશ્રય ગુમાવતાં તેને લગતી કૃતિઓમાં તથા તેમની ગુણવત્તામાં ઘટાડો થયો. આમ છતાં આ સમયમાં પણ કાવ્ય, નાટક, વાર્તા, વ્યાકરણ, ધર્મ, તત્ત્વજ્ઞાન, તબીબીશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર વગેરેને લગતાં પુસ્તકો સંસ્કૃતમાં લખાયાં. વળી, દક્ષિણના તેમ જ રાજસ્થાનના હિન્દુ શાસકો તરફથી સંસ્કૃત વિદ્વાનોને ઉત્તેજન મળવાનું ચાલુ રહ્યું. એટલે સંસ્કૃત સાહિત્યના ખેડાણમાં કોઈ નોંધપાત્ર ઓટ આવી નહિ. તોપણ તેમની મૌલિકતા ઓછી થઈ હતી. આ યુગની મોટા ભાગની સંસ્કૃત કૃતિઓ પ્રાચીન યુગની સંસ્કૃત રચનાઓની નકલો હતી અથવા તેમના વિષયવસ્તુ પર આધારિત હતી. આ સમયમાં સંસ્કૃતમાં લખાયેલ જીવનચરિત્રો મોટે ભાગે શાસકોની પ્રશંસા કરતાં પુસ્તકો હતાં અને તેમાં ચમત્કારિક તેમ જ અપ્રસ્તુત કથાઓ વિશેષ પ્રમાણમાં હતી. જોકે સલ્તનત યુગમાં ભારતમાં કાગળ ઉપલબ્ધ બનતાં રામાયણ તથા મહાભારત જેવા ગ્રંથો નવા સ્વરૂપે લખાયા.

આ યુગમાં પશ્ચિમ ભારત (ગુજરાત), બંગાળ, મિથિલા તથા દક્ષિણ ભારતમાં સંસ્કૃતમાં કેટલીક નોંધપાત્ર કૃતિઓ લખાઈ. 12મી સદીમાં ગુજરાતમાં થઈ ગયેલ જૈન મુનિ હેમચંદ્રાચાર્ય સંસ્કૃત તથા પ્રાકૃતના મહાન વિદ્વાન હતા. તેમણે લખેલ દ્વયાશ્રય (ગુજરાતના સોલંકી રાજાઓનો ઇતિહાસ) તથા શબ્દાનુશાસન (સિદ્ધહેમ) સંસ્કૃત વ્યાકરણ તેમની જાણીતી કૃતિઓ છે. મિથિલા (ઉત્તર બિહાર), બંગાળ તથા ઓરિસ્સા પણ સંસ્કૃત સાહિત્યનાં કેન્દ્રો તરીકે વિકાસ પામ્યાં હતાં, જેમાં નાટકો, વ્યાકરણ વગેરેને લગતી તથા ચંપુ (ગદ્યપદ્યનું મિશ્ર સ્વરૂપ) નામે જાણીતી થયેલી કૃતિઓ રચાઈ હતી.

રજપૂત રાજાઓએ પણ સંસ્કૃતના વિદ્વાનોને રાજ્યાશ્રય આપેલો. પરંતુ આવી રચનાઓમાં રાજાઓની પ્રશંસા વિશેષ પ્રમાણમાં છે તથા તે શૌર્ય ગીતો જેવી કૃતિઓ કહેવાય. જોકે તેમાંથી જે તે સમયની ઐતિહાસિક માહિતી પણ પ્રાપ્ત થાય છે. આવી રચનાઓમાં પૃથ્વીરાજ વિજય, હમ્મીર મહાકાવ્ય વગેરે ઉલ્લેખનીય છે. ગુજરાતના વિખ્યાત સુલતાન મહમૂદ બેગડાના રાજકવિ ઉદયરાજે લખેલ રાજવિનોદ એ મહમૂદ બેગડાની કારકિર્દીનો અહેવાલ છે. કાશ્મીરનો ઇતિહાસ આલેખતી ત્રણ રાજતરંગિણીઓ લખાઈ, જેમાં છેક પ્રાચીન સમયથી પંદરમી સદીના અંત સુધીનો કાશ્મીરનો ઇતિહાસ લખાયો છે. પ્રથમ રાજતરંગિણી કલ્હણે લખી, જેમાં પ્રાચીન સમયથી 12મી સદી સુધીનો કાશ્મીરનો ઇતિહાસ છે. બીજી રાજતરંગિણી જોનરાજે લખી, જેમાં કાશ્મીરના સહિષ્ણુ અને ઉદાર સુલતાન ઝૈનુબ આબેદિનના શાસનકાળ (1420-1470) સુધીનો અહેવાલ છે અને ત્રીજી રાજતરંગિણી શ્રીવરે લખી જેમાં 15મી સદીના અંત સુધીના કાશ્મીરના શાસકોની પ્રશંસા કરતાં વર્ણનો છે. આ ઉપરાંત આ યુગમાં સંસ્કૃતમાં પ્રબંધો પણ લખાયા જેમાં ઐતિહાસિક વિગતોની સાથે દંતકથાઓનું આલેખન પણ થયેલું છે. આવા પ્રબંધોમાં મેરુતુંગ રચિત પ્રબંધ ચિંતામણિ તથા રાજશેખર કૃત પ્રબંધકોશ ખાસ ઉલ્લેખનીય છે.

**'તમારી પ્રગતિ ચકાસો' – ક**

1. ફારસી સાહિત્યના વિકાસમાં અમીર ખુશરોના પ્રદાનનું વિવરણ કરો.

2. સલ્તનત સમયના સૂફી સાહિત્ય વિશે પાંચ વાક્યો લખો.

3. સલ્તનત સમયના સંસ્કૃત સાહિત્યના પ્રકાર વિશે પાંચ વાક્યો લખો.

4. નીચેના પ્રત્યેક વિશે બે-બે વાક્યો લખો :
   (i) કમુસ
   (ii) હસન દેહલવી
   (iii) ઝિયાઉદીન બર્ની
   (iv) કલ્હણ
   (v ઝીયા નકસબીદ
   (vi) ચંપુ

## 33.4 પ્રાદેશિક ભાષાઓમાં સાહિત્ય

સલ્તનત સમયમાં પ્રાદેશિક ભાષાઓના સાહિત્યનો પણ વિકાસ થયો. ઉત્તર ભારતમાં હિન્દી, ઉર્દૂ, પંજાબી, બંગાળી, મરાઠી, ગુજરાતી, ઓરિયા, આસામી વગેરે ભાષાઓમાં તથા દક્ષિણ ભારતમાં તામિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષાઓમાં સાહિત્ય લખાયું. આઠમી સદીથી પ્રચલિત થયેલ પ્રાકૃત

અપભ્રંશમાંથી ઉપરોક્ત ભાષાઓનો ઉદ્ભવ થયો. તામિલ ભાષા અને તેના સાહિત્યનો ઉલ્લેખ તો ઈશુની પહેલી સદીથી મળે છે. પરંતુ મલયાલમ ભાષાનો સ્વતંત્ર ભાષા તરીકે વિકાસ છેક 14મી સદીમાં થયો.

## 33.5 પ્રાદેશિક ભાષાઓ અને તેમાંના સાહિત્યના વિકાસની સામાજિક ભૂમિકા

(i) પશ્ચાત્ ગુપ્ત સમયમાં સાત-આઠમી સદીથી સામાજિક, આર્થિક તથા રાજકીય સામંતશાહીનો વિકાસ થતાં પ્રાદેશિક ભાવના તથા પ્રાદેશિક સંસ્કૃતિનો ઉદય થયો, જેને પરિણામે અપભ્રંશમાંથી પ્રાદેશિક ભાષાઓના પ્રાથમિક પ્રકારોનો ઉદ્ભવ થયો.

(ii) 10-11મી સદીથી લખાયેલ સંસ્કૃત સાહિત્યમાં મૌલિકતા તથા ઊંચી ગુણવત્તાનો અભાવ હતો. તે મોટે ભાગે પ્રશસ્તિ સ્વરૂપનું સાહિત્ય હતું, તેથી લોકો પર તેનો કોઈ પ્રભાવ હતો નહિ. 13મી સદીની શરૂઆતમાં ભારતમાં સલ્તનતની સ્થાપના સાથે ફારસી રાજભાષા બની એટલે સંસ્કૃત સાહિત્યે રાજ્યાશ્રય ગુમાવતાં તેમાં ઓટ આવી. વળી અન્ય રાજ્યો માટે ફારસી અજાણી ભાષા હોવાથી તેઓએ પોતાનો કારોબાર પ્રાદેશિક ભાષાઓમાં શરૂ કર્યો. આમ 13મી સદીથી ભારતના વિવિધ ભાગોમાં પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન મળ્યું. દિલ્હીના સુલતાનોએ પણ નીચલા થરે હિન્દીના જાણકાર અધિકારીઓ તેમ જ કર્મચારીઓ નિયુક્ત કર્યા, જેથી હિન્દી ભાષાને ઉત્તેજન મળ્યું.

(iii) ભારતમાં સલ્તનતની સ્થાપના (13મી સદી) સાથે રાજ્ય તથા સમાજ પરથી રાજપૂત-બ્રાહ્મણ વર્ચસ્વનો અંત આવ્યો, જેથી સંસ્કૃત સાહિત્યમાં ઓટ આવી અને લોકભોગ્ય પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન મળ્યું.

(iv) બ્રાહ્મણો તથા તેમના દ્વારા સ્થાપિત ધર્મસંસ્થાઓ અને ધાર્મિક માન્યતાઓનો વિરોધ કરનાર નાથપંથી તેમ જ ભક્તિ આંદોલનોએ પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં સૌથી નોંધપાત્ર પ્રદાન કર્યું. આ આંદોલનોના સંતોએ લોકો સમજી શકે માટે પ્રાદેશિક ભાષાઓમાં ઉપદેશ આપ્યો તથા પ્રાદેશિક ભાષાઓના સાહિત્યનું સર્જન કર્યું. આ પહેલાં બૌદ્ધ સિદ્ધોએ પણ લોકભાષાઓમાં સાહિત્યની રચના કરી હતી, જેમાંથી પ્રેરણા લઈને નાથપંથીઓએ પણ પ્રાદેશિક ભાષાઓના સાહિત્યનો વિકાસ કર્યો.

(v) ખાસ કરીને 15મી સદીથી ઉત્તર ભારતમાં વ્યાપક બનેલ ભક્તિ આંદોલને પ્રાદેશિક ભાષાઓના સાહિત્યને ભારે વેગ આપ્યો. તેઓએ પોતાના સાહિત્યમાં લોકકથાઓ, પ્રચલિત દંતકથાઓ, લોકરુચિ ધરાવતા રૂઢિપ્રયોગો વગેરેનો છૂટથી ઉપયોગ કર્યો. એટલું જ નહિ પરંતુ તેઓએ પુરાણો, ભગવદ્ ગીતા વગેરે ગ્રંથોનો પ્રાદેશિક ભાષાઓમાં સરળ અનુવાદ કર્યો. આથી લોકોને પોતાના ધર્મગ્રંથોનું મહત્ત્વ સમજાયું અને પ્રાદેશિક ભાષાઓ લોકપ્રિય બની.

## 33.6 ઉત્તર ભારતની પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

સલ્તનત સમયમાં ભારતના વિવિધ પ્રદેશોમાં વિકાસ પામેલી પ્રાદેશિક ભાષાઓની ચર્ચા આ યુગના સાહિત્યિક અને સાંસ્કૃતિક વિકાસની સમજણ માટે આવશ્યક છે. ઉત્તર ભારતની પ્રાદેશિક ભાષાઓ હિન્દી, ઉર્દૂ, પંજાબી, બંગાળી, મરાઠી, ગુજરાતી, ઓરિયા તથા આસામી અને તેમાં રચાયેલ સાહિત્યનું આ વિભાગમાં વિવરણ કરવામાં આવ્યું છે.

### 33.6.1 હિન્દી સાહિત્ય

મધ્યયુગમાં હિન્દી ભાષાનો વિવિધ પ્રકારોમાં તથા બે તબક્કામાં વિકાસ થયો. હિન્દીના પ્રકારોમાં અવધી (અયોધ્યા પ્રદેશમાં વિકસેલી વ્રજભાષા ગોકુળ-મથુરા પ્રદેશમાં વિકાસ પામેલી), મૈથિલી (ઉત્તર બિહારમાં વિકસેલી), રાજસ્થાની, ભોજપુરી, માલવી (માળવામાં વિકાસ પામેલી) વગેરે મુખ્ય હતાં. વળી, આ યુગમાં હિન્દીનો ખડી બોલી તરીકે પણ વિકાસ થયો.

**પ્રથમ તબક્કો—આદિકાલ કે વીરગાથા કાલ :** આશરે 8મીથી 10મી સદીની વચ્ચે પ્રચલિત અપભ્રંશ ભાષામાંથી પ્રથમ તબક્કાની હિન્દી ભાષાનો ઉદ્ભવ થયો. વિદ્વાનો હિન્દી ભાષાના 8મીથી 13મી

સદીના સમય(ભક્તિ આંદોલન પહેલાંના સમય)ને વીરગાથા કાલ કે આદિકાલ તરીકે વર્ણવેલ છે. કારણ કે આ સમય દરમિયાન ભાટ-ચારણોએ પોતાના આશ્રયદાતાઓ-રાજાઓની પ્રશસ્તિ કરતાં લખાણો લખ્યાં જેમાં ઐતિહાસિક બાબતો કરતાં અતિશયોક્તિભર્યાં વિધાનો વધારે છે. ભાટોએ પોતાનાં કાવ્યોમાં આશ્રયદાતાઓના બહાદુરી તથા સ્ત્રીદાક્ષિણ્ય જેવા ગુણોના વર્ણન સાથે તેમની અદ્ભુત પ્રેમકથાઓનું પણ આલેખન કરેલું છે. વાસ્તવમાં આવાં પ્રશસ્તિકાવ્યો તે યુગના રાજપૂત શાસકોની ખાસિયતો દર્શાવે છે. તેમાં સામાન્ય માણસને કોઈ સ્થાન ન હતું. ભાટો રચિત આવાં મોટા ભાગનાં કાવ્યો હિન્દીની રાજસ્થાની બોલીમાં લખાયાં છે અને તે રાસો સાહિત્ય તરીકે પ્રચલિત છે. આમાં સૌથી જાણીતો કાવ્યસંગ્રહ પૃથ્વીરાજ રાસો છે, જે દિલ્હીના અંતિમ રાજપૂત રાજા પૃથ્વીરાજ ચૌહાણના રાજકવિ ચંદ બરદાઈએ લખ્યો હોવાનું મનાય છે. અન્ય રાસો સાહિત્યમાં વિસલદેવ રાસો, હમ્મીર રાસો, ખુમાન રાસો વગેરે પણ ઉલ્લેખનીય છે. રાસો સાહિત્યના સમય, લેખક, મૂળ સ્વરૂપ વિશે વિદ્વાનોમાં મતભેદો છે. કારણ કે તેમનાં લખાણોમાં પછીથી ઘણા ફેરફાર થયેલા છે. 12મી સદીના અંતે લખાયેલ પૃથ્વીરાજ રાસોનું મૂળ કદ ઘણું નાનું હતું. પરંતુ પછીથી તેમાં ઘણા વધારા થયેલ છે.

8મીથી 13મી સદી સુધી રચાયેલ બધું જ હિન્દી સાહિત્ય ભાટ-ચારણો દ્વારા લખાયેલ વીરગાથા કાવ્ય-સાહિત્ય ન હતું. આ સમયમાં બૌદ્ધ સિદ્ધોએ તથા નાથપંથીઓએ જે તે સમયની સામાજિક અને ધાર્મિક સ્થિતિને આવરી લેતું હિન્દી સાહિત્ય પણ લખ્યું. આમાં જૈન વિદ્વાનોનો ફાળો નોંધપાત્ર છે. અમીર ખુશરો(1235-1325)એ ફારસીની સાથોસાથ હિન્દી ભાષાના સાહિત્યમાં પણ સારું એવું પ્રદાન કર્યું. તેણે હિન્દી ભાષાના પ્રકાર ખડી બોલી(હિન્દવી)માં કાવ્યો લખ્યાં જે ઘણાં લોકપ્રિય થયાં.

**હિન્દી સાહિત્યનો બીજો તબક્કો–ભક્તિ સાહિત્ય :** ભક્તિકાળ તરીકે જાણીતો થયેલો હિન્દી સાહિત્યનો બીજો તબક્કો 14મી સદીથી શરૂ થયો, જે મુગલ યુગ સુધી ચાલુ રહ્યો. આ તબક્કા દરમિયાન બે પ્રકારના ભક્તકવિઓ હતા : (1) નિર્ગુણ (ઈશ્વરના નિરાકાર સ્વરૂપમાં માનનાર) તથા (2) સગુણ (ઈશ્વરના સાકાર સ્વરૂપમાં માનનાર). સંત કબીર પહેલા પ્રકારના ભક્તકવિઓમાં અગ્રેસર હતા. આ પ્રકારના અન્ય ભકત કવિઓમાં સેન, પીપા, ધન્ના, રૈદાસ વગેરે હતા. આમાંના મોટા ભાગના નીચલા થરના તેમ જ અશિક્ષિત હતા. પરંતુ તેમનાં ભક્તિકાવ્યોએ સામાજિક તથા ધાર્મિક વહેમો અને ક્રિયાકાંડો પર આકરા પ્રહારો કરીને સમાજ તેમ જ ધર્મસુધારણાને ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન કર્યું.

સંત કબીરે પોતાની કટાક્ષમય શૈલી (ઉલટભાષી) દ્વારા પ્રચલિત રૂઢિચુસ્તતા તથા વિધિનિષેધો પર અસરકારક પ્રહારો કર્યા. કબીરની માતૃભાષા ભોજપુરી હતી, પરંતુ તેણે લોકો સમજી શકે તેવી સરળ મિશ્ર હિન્દી ભાષામાં પોતાનાં કાવ્યો લખ્યાં. તેમાં અપાયેલ દૃષ્ટાંતોએ પણ લોકો પર ભારે અસર કરી. કબીરનાં કાવ્યોનો સંગ્રહ ''બીજક'' નામે ગ્રંથમાં કરવામાં આવેલ છે. મોટા ભાગના ભક્તકવિઓએ બે લીટીઓ(દોહા)માં પોતાનાં કાવ્યો રચ્યાં જે વધારે અસરકારક નીવડ્યાં.

ઉત્તર ભારતના મોટા ભાગના સગુણ કવિભક્તો બ્રાહ્મણો હતા અને હિન્દુ ધર્મશાસ્ત્રોથી સારી રીતે પરિચિત હતા. તેઓ વૈષ્ણવમાર્ગી તેમ જ રામ કે કૃષ્ણના ભક્ત હતા. મિથિલાના વિદ્યાપતિએ મિથિલી હિન્દીમાં રાધા-કૃષ્ણના દિવ્ય પ્રેમનું વર્ણન કર્યું, જ્યારે કૃષ્ણભક્તિનાં પરમ ઉપાસક મીરાંબાઈએ (1498-1543) રાજસ્થાની, હિન્દી તેમ જ ગુજરાતીમાં પોતાનાં કાવ્યો રચ્યાં. વૃંદાવનના નિવાસી સૂરદાસે (1483-1563) સૂરસાગર નામે ઉત્કૃષ્ટ કૃષ્ણભક્તિ વ્યક્ત કરતો કાવ્યસંગ્રહ વ્રજભાષામાં રચ્યો, જ્યારે અયોધ્યાના પરમ સંત કવિ તુલસીદાસે (1532-1623) અવધીમાં 'રામચરિત માનસ' નામે વિખ્યાત કાવ્ય-ગ્રંથ લખ્યો.

**હિન્દી સાહિત્યમાં સૂફી સંતોનું પ્રદાન :** સલ્તનત તથા મુગલ યુગના સૂફી સંતોએ હિન્દીમાં આધ્યાત્મિક, રહસ્યવાદી તથા ધાર્મિક કાવ્યો લખીને હિન્દી સાહિત્યમાં ગણનાપાત્ર ફાળો આપ્યો. ચિશ્તી સૂફીઓએ ધાર્મિક સંગીત તથા નૃત્યમાં હિન્દી ભાષાનો ઉપયોગ કર્યો. તેઓએ પોતાનાં કાવ્યોમાં ગોપી, 'રાસલીલા' જેવા હિન્દી શબ્દપ્રયોગો કર્યા. મુલ્લા દાઉદ કૃત ચન્દાયન (1379) આવા કાવ્યસંગ્રહનું સૌથી પહેલું ઉદાહરણ કહી શકાય. હિન્દીમાં મૃગાવતી (1501) નામે બીજી અદ્ભુત રચના કુતુબને કરી. સુપ્રસિદ્ધ લેખક મલિક મુહમ્મદ જાયસીએ અવધી હિન્દીમાં લખેલ પદ્માવત (1540) રૂપક કાવ્યનું ઉત્તમ ઉદાહરણ છે. સૂફી કવિઓએ હિન્દી સાહિત્યમાં ઘણા અરબી તથા ફારસી શબ્દો દાખલ કર્યા. આમ, તેઓએ સાંસ્કૃતિક તેમ જ સાહિત્યિક સમન્વયમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

### 33.6.2 ઉર્દૂ ભાષાનું મૂળ અને તેનો વિકાસ

ઉર્દૂ શબ્દનું મૂળ તુર્કી ભાષા છે. તેનો અર્થ લશ્કર કે લશ્કરી છાવણી થાય છે. વિદેશી મુસલમાનો હિન્દના સ્થાનિક લોકો તેમ જ ધર્માન્તર કરાયેલ લોકો સાથે ફારસી-હિન્દી મિશ્રિત બોલીમાં વ્યવહાર કરતા

હતા તેમાંથી ઉર્દૂનો ઉદ્ભવ થયો હોવાનું કહેવાય છે. હિન્દીની આસપાસ બોલાતી હિન્દી-વ્રજ ભાષા તથા ફારસી અને પંજાબીમાંથી ઉર્દૂ ભાષા ઉદ્ભવી હોવાનું મોટા ભાગના વિદ્વાનો માને છે. તેની લિપિ ફારસી લિપિ હતી, પરંતુ તેનું સ્વરૂપ હિન્દીને મળતું હતું એટલે તે શરૂઆતમાં હિન્દવી ભાષા તરીકે ઓળખાઈ.

હિન્દવી ભાષાને પ્રથમ ભાષાકીય તથા સાહિત્યિક સ્વરૂપ આપનાર અમીર ખુશરો હતા. તેમણે હિન્દવીમાં કાવ્યો રચીને ઉર્દૂ ભાષા અને સાહિત્યનો પાયો નાખ્યો. તે પછી દખ્ખણમાં 15મી સદીમાં દખ્ખણી ભાષા તરીકે ઉર્દૂના આધુનિક સ્વરૂપનો ઉદય થયો અને બહમની સુલતાનો, બિજાપુર તથા ગોલકોંડાના મુસ્લિમ શાસકોએ તેને રાજ્યાશ્રય આપતાં તેનો વિકાસ થયો. 18મી સદીની શરૂઆત સુધી ઉર્દૂ હિન્દવી, દખ્ખણી, હિન્દુસ્તાની મિશ્ર ભાષા તરીકે ઓળખાતી, ત્યાર બાદ તેના આધુનિક સ્વરૂપનું ઘડતર થયું. મુગલ સામ્રાજ્યના વિઘટન બાદ ઉર્દૂ સાહિત્યનો નોંધપાત્ર વિકાસ થયો.

## 33.6.3 પંજાબી સાહિત્ય

પંજાબી ભાષા અને સાહિત્યના આવિર્ભાવ તેરમી સદીમાં થઈ ગયેલ ચિશ્તી સૂફી સંત બાબા ફરીદ(1173-1265)નાં કાવ્યોથી થયો. ગુરુ નાનક (1469-1538) રચિત શ્લોકોએ પંદરમી-સોળમી સદીમાં પંજાબી ભાષાને સાહિત્યિક સ્વરૂપ આપ્યું. બીજા શીખ ગુરુ અંગદે પંજાબી ભાષાને ગુરુમુખી લિપિની ભેટ આપી. પાંચમા શીખગુરુ અર્જુને (1604) ગુરુ નાનકના શ્લોકોને આદિગ્રંથગુરુ (ગ્રંથસાહેબ)માં સમાવી લીધા. ગુરુ નાનકનાં કાવ્યોમાં પવિત્રતા અને ઉદાર ધર્મભાવનાનું નિરૂપણ થયેલું છે.

## 33.6.4 બંગાળી સાહિત્ય

13મી સદીના મધ્ય ભાગમાં તુર્કી સુલતાનોએ બંગાળ જીતી લેતાં સંસ્કૃતનું મહત્ત્વ ઘટ્યું અને પ્રાદેશિક ભાષાનો ઉદય થયો. આ પહેલાં 11-12મી સદીમાં આર્યપદ નામે રચાયેલાં લોકગીતો બંગાળી ભાષાસાહિત્યના સૌથી પહેલા નમૂના ગણાય છે. ત્યાર બાદ 15મી સદીમાં બંગાળી સાહિત્યનો મુખ્ય ત્રણ વહેણોમાં વિકાસ થયો : (i) વૈષ્ણવ ભક્તિકાવ્યો, (ii) સંસ્કૃત મહાકાવ્યોનાં બંગાળીમાં થયેલ ભાષાન્તરો અને (iii) મંગલા કાવ્ય.

બંગાળનો પ્રથમ વૈષ્ણવ ભક્તકવિ ચંડીદાસ હતો. તેનાં કાવ્યોએ બંગાળી સાહિત્યનો પાયો નાખ્યો. ચૈતન્ય (1486-1533) અને તેના ભક્તિ આંદોલન તેમ જ ઊર્મિભર્યાં કાવ્યોએ બંગાળી સાહિત્યને વેગ આપ્યો. તેના અનુયાયીઓએ પણ વૈષ્ણવ ભક્તિકાવ્યો બંગાળીમાં લખ્યાં અને આ અનુયાયીઓમાં અમુક મુસ્લિમો પણ હતા.

બંગાળી સાહિત્યનો બીજો પ્રવાહ 15-16મી સદીમાં રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણ વગેરેનાં બંગાળીમાં થયેલ ભાષાન્તરોથી શરૂ થયો. બંગાળના સુલતાનો હુસેનશાહ (1493-1519) તથા નુસરતશાહે (1519-32) આ પ્રકારનાં ભાષાન્તરોને ઉત્તેજન આપ્યું એટલે તેમના શાસનકાળમાં કવીન્દ્ર અને શ્રીકરનાદીએ મહાભારતનું બંગાળીમાં ભાષાન્તર કર્યું, જ્યારે કૃતિવસ ઓઝાએ વાલ્મિકી રામાયણનું બંગાળીમાં રૂપાન્તર કર્યું. માલધર બસુએ ભાગવત પુરાણનું બંગાળી ભાષાન્તર કર્યું, જે શ્રીકૃષ્ણવિજય નામે જાણીતું બન્યું. આ ભાષાન્તરોએ બંગાળના લોકોના સાંસ્કૃતિક તેમ જ ધાર્મિક જીવન પર નોંધપાત્ર અસર કરી.

બંગાળી સાહિત્યનો ત્રીજો પ્રવાહ 'મંગલાકાવ્ય' થી શરૂ થયો જે સાંપ્રદાયિક પ્રકારનું સાહિત્ય કહી શકાય. તેમાં દેવ-દેવીઓ વચ્ચેના સંઘર્ષની કથાઓ છે, પરંતુ તેમાં માનવીય તત્ત્વો હોવાથી તેનો પણ થોડો પ્રભાવ બંગાળના લોકજીવન પરં પડ્યો. મણિક દત્ત તથા મુકુન્દરામ 15-16મી સદીનાં મંગલા કાવ્યોના મુખ્ય રચયિતા હતા.

## 33.6.5 મરાઠી સાહિત્ય

મરાઠી ભાષા અને સાહિત્યના વિકાસમાં નાથપંથી, મહાનુભાવ અને વરકારી માર્ગના સંતોએ મહત્ત્વનો ફાળો આપ્યો. 13મી સદીમાં મરાઠીમાં રચાયેલ વિવેકદર્પણ તથા ગોરખગીતા નાથપંથીઓના પ્રથમ કાવ્યસંગ્રહો છે. નાથપંથી સાહિત્યમાં મુકુન્દરાજ લિખિત વિવેકસિંધુ સૌથી જાણીતી કૃતિ છે.

મહાનુભાવ સંતો મરાઠી ભાષામાં લખાયેલ ભક્તિ સાહિત્યના આદ્ય પ્રણેતા હતા. આ ઉપરાંત તેઓએ ટીકાત્મક ગ્રંથો, વ્યાકરણ, શબ્દકોશ, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર વગેરેને લગતી રચનાઓમાં પણ મહત્ત્વનું પ્રદાન કર્યું.

વરકારી સંતોએ મરાઠીમાં ભક્તિ સાહિત્ય વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. જ્ઞાનદેવે (13મી સદી) ભગવદ્ ગીતા પર ટીકાત્મક ગ્રંથ લખ્યો, જે ભાવાર્થ દીપિકા કહેવાયો. પરંતુ તેનું લોકપ્રિય નામ જ્ઞાનેશ્વરી ગીતા તરીકે જાણીતું બન્યું. મહારાષ્ટ્રના વરકારી ભક્તકવિઓ એને પોતાનું મૂળભૂત પુસ્તક માને છે. અન્ય વરકારી સંતકવિ નામદેવે (1270-1350) મરાઠીમાં રચેલા અભંગો આજે પણ મહારાષ્ટ્રમાં લોકપ્રિય છે. નામદેવે પંજાબમાં પણ ઉપદેશ આપ્યો હતો અને તેમના અમુક અભંગોનો આદિગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રના અન્ય નામાંકિત સંતકવિઓ એકનાથ (1548-1600) તથા તુકારામ (1598-1649) મુગલ યુગમાં થયેલ છે. તેઓએ પણ મરાઠી સાહિત્યના વિકાસમાં ગણનાપાત્ર પ્રદાન કરેલું છે.

### 33.6.6 ગુજરાતી સાહિત્ય

સલ્તનત યુગ દરમિયાન 13મીથી 15મી સદીના પૂર્વાર્ધ સુધીમાં ગુજરાતી સાહિત્યના પ્રથમ તબક્કાના બે પ્રકાર (i) પ્રબંધ અને (ii) મુક્તક પ્રચલિત બન્યા. પ્રબંધ પ્રકારમાં ઐતિહાસિક હકીકતની સાથે વીર શૃંગારની અદ્‌ભુત કથાઓ, દંતકથાઓ, જૈન પૌરાણિક કથાઓ (ગુજરાતના મોટા ભાગના પ્રબંધકારો જૈન હતા) વગેરેનું આલેખન થતું. આનું નોંધપાત્ર ઉદાહરણ મેરુતુંગે (14મી સદી) લખેલ પ્રબંધ ચિંતામણિ કહી શકાય, જેમાં ગુજરાતના સોલંકી શાસકોને લગતી ઐતિહાસિક હકીકતોની સાથે કેટલીયે ચમત્કારી અદ્‌ભુત દંતકથાઓ પણ આપવામાં આવેલી છે. બીજા પ્રકારના મુક્તક કે નાના કાવ્યસંગ્રહના ફાગુ, બારમાસી વગેરે જેવા પેટા પ્રકાર હતા. ફાગુ એ એક પ્રકારનું વિરહ કાવ્ય હતું.

ગુજરાતી સાહિત્યનો બીજો તબક્કો 15મી સદીના ઉતરાર્ધમાં શરૂ થયો, જેમાં વૈષ્ણવ ભક્તિકાવ્યોની રચના થઈ. નરસિંહ મહેતા (1414-1480) મહાન ગુજરાતી ભક્તકવિ હતા. તેમની રચનાઓ ઉચ્ચ કક્ષાની છે. પરંતુ સરળ ગુજરાતીમાં લખાયેલી હોઈને લોકભોગ્ય છે. તેમણે રચેલાં પદો અને પ્રભાતિયાં આજે પણ ગુજરાતમાં લોકપ્રિય છે. તેમનું કાવ્ય 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે ......' ગાંધીજીને ખૂબ પ્રિય હતું. પોતાનાં કાવ્યો મારફત નરસિંહ મહેતાએ ગુજરાતમાં વૈષ્ણવ ભક્તિને લોકપ્રિય બનાવી.

### 33.6.7 ઓરિયા સાહિત્ય

13-14મી સદી દરમિયાન ઓરિસ્સામાં ઓરિયા સાહિત્યનું નિર્માણ થયું. સરલદાસે સૌ પ્રથમ ઓરિયા ભાષામાં મહાભારત રચ્યું. (14મી સદી) જે ઘણું લોકપ્રિય થયું. વૈષ્ણવ ભક્તકવિ ચૈતન્યની અસર તળે 16મી સદીની શરૂઆતમાં ઓરિસ્સામાં વૈષ્ણવ ભક્તિ આંદોલન શરૂ થયું. ચૈતન્યના એક અનુયાયી જગન્નાથદાસ મહાન પંડિત હતા. તેમણે ભાગવત પુરાણનું ઓરિયા ભાષામાં ભાષાન્તર કર્યું, જે લોકોમાં ઘણું પ્રચલિત થયું.

### 33.6.8 આસામી સાહિત્ય

આસામી ભાષાની પ્રથમ કવિયત્રી હેમા સરસ્વતી હતી (13મી સદી). તેણીની બે રચનાઓ પ્રહ્લાદચરિત અને હર-ગૌરી સંવાદ નોંધપાત્ર છે. તેણીના સમકાલીન કવિ હરિહર વિપ્રે રામાયણ અને મહાભારતના પ્રસંગો લઈને પોતાની કાવ્યરચનાઓ કરી. આસામી ભાષામાં રામાયણની કથાને લોકપ્રિય બનાવનાર માધવ કુંડલી 14મી સદીનો મહાન કવિ હતો. 15મી સદીના ઉત્તરાર્ધમાં આસામમાં શંકરદેવ નામે વિખ્યાત કવિ થયો. તેણે વૈષ્ણવ ભક્તિસાહિત્યને લોકભોગ્ય બનાવ્યું. મોટે ભાગે તેણે લખેલ 'કિર્તન ઘોષ' નામે કાવ્યસંગ્રહ લોકોમાં ખૂબ આદર પામ્યો. તેમાં વૈષ્ણવ માર્ગને લગતાં ભક્તિગીતો છે. શંકરદેવે પૌરાણિક કથાઓ પર આધારિત નાટકો પણ લખ્યાં, જેમનો પણ લોકો પર સારો પ્રભાવ પડ્યો. શંકરદેવે બાર ગીત નામે જાણીતી થયેલી ભક્તિકવિતાઓ પણ લખી જેને પછીથી તેના શિષ્ય માધવદેવે (1489-1596) ખૂબ સમૃદ્ધ બનાવી.

## 33.7 દક્ષિણ ભારતની પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

દક્ષિણ ભારતની પ્રાદેશિક ભાષાઓ તામિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં સલ્તનત સમયમાં લખાયેલ સાહિત્યની આ વિભાગમાં ચર્ચા કરવામાં આવી છે.

### 33.7.1 તામિલ સાહિત્ય

ચોલ સામ્રાજ્યના પતન સાથે તામિલ સાહિત્યના મહાન યુગનો અંત આવ્યો, તોપણ સલ્તનત સમયમાં તામિલમાં લખાણો લખાતાં રહ્યાં. તેમાં 13મી સદીમાં થયેલ વિલ્લીપુત્તુરર જાણીતા વિદ્વાન હતા. તેમણે

મહાભારતનું તામિલ ભાષામાં રૂપાન્તર કર્યું, જે ભરતમ્ તરીકે તામિલભાષી લોકોમાં પ્રિય બન્યું. તેમણે પોતાના આ કાવ્ય મારફત તામિલ કૃતિઓમાં સંસ્કૃત શબ્દોનો ઉપયોગ કરવાની પ્રણાલિકા પાડી. વિલ્લીપુત્તુરરના સમકાલીન કવિ અરુણગિરિ નાથે ભગવાન મુરુગનની પ્રશસ્તિ રૂપે તિરૂપ્પગલ નામે ભક્તિકાવ્યની રચના કરી. આ સમય દરમિયાન વૈષ્ણવ વિદ્વાનોએ સંગમ યુગની વિખ્યાત કૃતિઓ તોલકાપિયમ્ તથા કુરુણી પર ટીકાત્મક ગ્રંથો લખ્યા. આ ગ્રંથો મધ્યયુગના તામિલ ગદ્યસાહિત્યના ઉત્તમ નમૂનાઓ છે. અન્ય પ્રસિદ્ધ લેખક કચિઅપ્પા શિવમારીખરે ભગવાન સુબ્રહ્મણ્યની પ્રશસ્તિ રૂપે કન્દ-પુરાણની રચના કરી.

## 33.7.2 તેલગુ સાહિત્ય

તેલુગુ સાહિત્યે 13-14 તથા 15મી સદીમાં નોંધપાત્ર પ્રગતિ કરી. આ દરમિયાન વિખ્યાત સંસ્કૃત કૃતિઓના તેલુગુ ભાષામાં ભાષાન્તર થયાં તથા સ્વતંત્ર રચનાઓ પણ થઈ. 14મી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલ ઈરાપ્રગદ નામે પ્રસિદ્ધ કવિએ મહાભારત તથા હરિવંશપુરાણનું તેલુગુમાં ભાષાન્તર કર્યું. તેણે રામાયણનું તેલુગુ ભાષામાં ચંપુ (ગદ્ય-પદ્ય-મિશ્રિત) શૈલીમાં રૂપાન્તર કર્યું. શ્રીનાથે (1365-1440) હર્ષરચિત નૈષધ કાવ્યનું તેલુગુમાં ભાષાન્તર કર્યું. તેણે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી અદ્ભુત કથા વિશે શ્લોકો રચ્યા. આનાથી તેણે તેલુગુમાં પ્રમાણભૂત પ્રબંધ સાહિત્યનો પાયો નાખ્યો. શ્રીનાથના સમકાલીન કવિ પોતને ભાગવત પુરાણનું તેલુગુમાં ભાષાન્તર કર્યું.

વિજયનગરના સુપ્રસિદ્ધ શાસક કૃષ્ણદેવરાયના સમય(1509-1529)માં તેલુગુ સાહિત્યે અદ્વિતીય પ્રગતિ સાધી. તે પોતે સંસ્કૃત તેમ જ તેલુગુનો વિદ્વાન હતો. તથા તેણે સંસ્કૃત તેમ જ તેલુગુના વિદ્વાનોને રાજ્યાશ્રય આપ્યો. તેણે તેલુગુમાં પોતાની વિખ્યાત કૃતિ આમુમલયદાની રચના કરી જેમાં રાજ્યશાસ્ત્ર તેમ જ રાજ્યશાસનના સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે. કૃષ્ણદેવરાયની રાજ્યસભામાં તેલુગુના ઘણા વિદ્વાનો હતા, જેમાં પેદન સૌથી જાણીતો હતો. પેદને તેલુગુમાં મનુચરિત લખ્યું. ઉપરોક્ત ભાષાન્તરો તથા લખાણો લક્ષ્યમાં લેતાં એમ કહી શકાય કે આ સમયમાં તેલુગુ ભાષા અને સાહિત્ય પર સંસ્કૃત ભાષા અને સાહિત્યની નોંધપાત્ર અસર પડી હતી.

## 33.7.3 કન્નડ સાહિત્ય

12મી સદીના પૂર્વાર્ધ સુધી કન્નડ સાહિત્યનું ખેડાણ મુખ્યત્વે જૈન લેખકો દ્વારા થયું. 12મી સદીના ઉત્તરાર્ધથી વીર શૈવ નામે ધાર્મિક આંદોલને કન્નડ પ્રદેશના લોકો તેમ જ સાહિત્ય પર અસર શરૂ કરી. વીર શૈવ આંદોલનના સ્થાપક બાસવે લખેલ વચન નામે કન્નડ કૃતિએ કન્નડ સાહિત્યના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું. 13મી સદીના વીર શૈવ સંપ્રદાયના કવિઓ હરિસ્વર અને રાઘવન્કે પોતાની રચનાઓ મારફત કન્નડ સાહિત્યમાં નવી શૈલી દાખલ કરી, જે પછીથી લોકપ્રિય બની. 14મી સદીમાં વીર શૈવ કવિ ભીમે બાસવ પુરાણ લખ્યું.

મૈસુર પ્રદેશના હોયસાલા શાસકોએ કન્નડભાષી કવિઓ અને વિદ્વાનોને રાજ્યાશ્રય આપતાં આ વિસ્તારમાં કન્નડ સાહિત્યનો વિકાસ થયો. આમાંના એક રુદ્રભટે વિષ્ણુપુરાણના આધારે ચંપુ (ગદ્ય-પદ્ય) શૈલીમાં જગન્નાથ વિજય નામે ગ્રંથ લખ્યો. વિજયનગરના શાસકો અને તેમના સાંમતોએ કન્નડના વિદ્વાનોને (14થી 16મી સદી) રાજ્યાશ્રય આપતાં વિજયનગર સામ્રાજ્યમાં કન્નડ સાહિત્યને ઉત્તેજન મળ્યું. 15મી સદીના મધ્ય ભાગમાં કુમારવ્યાસ નામના કવિએ મહાભારતનું કન્નડ ભાષામાં રૂપાન્તર કર્યું, જે ખૂબ લોકપ્રિય થયું.

## 33.7.4 મલયાલમ સાહિત્ય

દક્ષિણની ભાષાઓમાં મલયાલમનો ઉદય સૌથી છેલ્લે થયો. શરૂઆતમાં તામિલની પેટા ભાષા તરીકે મલબાર પ્રદેશમાં તેનો ઉદય થયો અને 14મી સદીથી તેનો સ્વતંત્ર ભાષા તરીકે વિકાસ થયો. તામિલનાડુથી મલબાર પ્રદેશની રાજકીય અલગતા તથા મલબાર પ્રદેશમાં વસેલા વિદેશીઓએ અપનાવેલ ભાષાકીય નવી પદ્ધતિઓએ મલયાલમના સ્વતંત્ર ભાષા તરીકેના ઉદયમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. 14મી સદીમાં લખાયેલ રામચરિતમ્ મલયાલમ ભાષાની પ્રથમ કૃતિ હતી. 16મી સદીથી મલયાલમ સંસ્કૃતની પ્રબળ અસર તળે આવતાં તેની મોટા ભાગની રચનાઓ સંસ્કૃત રચનાઓ પર આધારિત હતી.

## 'તમારી પ્રગતિ ચકાસો' – ખ

1. પ્રાદેશિક ભાષાઓના ઉદયની સામાજિક ભૂમિકા સમજાવો. (6 વાક્યો)

2. હિન્દી સાહિત્યમાં કબીર, સૂરદાસ તથા તુલસીદાસે આપેલ પ્રદાનની ચર્ચા કરો. (6 વાક્યો)

3. ઉર્દૂ ભાષાના મૂળ તથા વિકાસનું પાંચ લીટીમાં વિવરણ કરો.

4. નીચેના પ્રત્યેક વિધાનનું એક-એક વાક્યમાં કારણ આપો :
   (i) પંદરમી સોળમી સદીમાં પંજાબી ભાષાને સાહિત્યિક સ્વરૂપ મળ્યું.

   (ii) બંગાળમાં સોળમી સદીમાં પ્રમાણભૂત સંસ્કૃત ગ્રંથોનાં બંગાળીમાં ભાષાન્તર થયાં.

   (iii) 13મી સદીમાં મરાઠી સાહિત્યે નોંધપાત્ર વિકાસ સાધ્યો.

   (iv) પ્રબંધ સાહિત્યને સંપૂર્ણ ઐતિહાસિક સાહિત્ય કહી શકાય નહિ.

   (v) 16મી સદીમાં તેલુગુ સાહિત્યે ખૂબ જ નોંધપાત્ર પ્રગતિ સાધી.

   (vi) 13-14મી સદીમાં કન્નડ સાહિત્યનો ઝડપી વિકાસ થયો.

5. યોગ્ય રીતે જોડકાં જોડો :

| અ | | બ |
|---|---|---|
| 1. | અમીર ખુશરો | (ક) શબ્દાંનુશાસન |
| 2. | ઝિયાઉદ્દીન બર્ની | (ખ) મંગલાકાવ્ય |
| 3. | હેમચંદ્રાચાર્ય | (ગ) ખઝૈન-ઉલ-ફુતુર |
| 4. | મલિક મુહમ્મદ જાયસી | (ઘ) પ્રબંધ ચિંતામણિ |
| 5. | મુકુન્દરાય | (ચ) પદ્માવત |
| 6. | મેરુતુંગ | (છ) તારીખે ફિરોઝ શાહી |
| 7. | શંકરદેવ | (જ) આમુક્ત મલયદા |
| 8. | કૃષ્ણદેવરાય | (ઝ) કીર્તનઘોષ |

## 33.8 સારાંશ

આ એકમમાં સલ્તનત યુગ દરમિયાન થયેલ પ્રાદેશિક ભાષા તેમ જ સાહિત્યના વિકાસનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સંસ્કૃત કૃતિઓની ગુણવત્તા ઘટી તે પ્રત્યે લક્ષ્ય દોરવામાં આવ્યું છે. ફારસી ભાષાના સાહિત્યનું સૌથી વધારે ખેડાણ થયું તેનું વિવરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જુદી જુદી પ્રાદેશિક ભાષાઓનો ઉદ્ભવ અને ઉદય કઈ રીતે થયો તેનું પણ આ એકમમાં વિવેચન કરવામાં આવ્યું છે. ફારસી અને સંસ્કૃતના સંમિશ્રણથી સમન્વયકારી સંસ્કૃતિનું કઈ રીતે નિર્માણ થયું તેની પણ આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

## 33.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' – ક**

(1) વિભાગ 33.2.2 જુઓ.
(2) વિભાગ 33.2.5 જુઓ.
(3) વિભાગ 33.3 જુઓ.
(4) (i) વિભાગ 33.1 જુઓ.
 (ii) વિભાગ 33.2.3 જુઓ.
 (iii) વિભાગ 33.2.4 જુઓ.
 (iv) વિભાગ 33.2.6 જુઓ.
 (v) વિભાગ 33.2.6 જુઓ.
 (vi) વિભાગ 33.2.6 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' – ખ**

(1) વિભાગ 33.5 જુઓ.
(2) વિભાગ 33.6.1 જુઓ બીજો તબક્કો.
(3) વિભાગ 33.6.2 જુઓ.
(4) (i) વિભાગ 33.6.3 જુઓ.
 (ii) વિભાગ 33.6.4 જુઓ.
 (iii) વિભાગ 33.6.5 જુઓ.
 (iv) વિભાગ 33.6.6 જુઓ.
 (v) વિભાગ 33.7.2 જુઓ.
 (vi) વિભાગ 33.7.3 જુઓ.

## 33.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કમુસ :** અરબી ભાષાનો શબ્દકોશ

**મસનવીસ :** ટૂંકાં વર્ણનાત્મક કાવ્યો

**દીવાન :** ગઝલ નામે ઓળખાતી કવિતાઓનો સંગ્રહ

**માલફુઝત :** સૂફી સાહિત્યનાં આધ્યાત્મિક તથા ધાર્મિક બાબતોને લગતાં કાવ્યોનો સંગ્રહ

**ચંપુ :** ગદ્ય-પદ્યમાં મિશ્રિત સાહિત્યિક રચના

**રાજવિનોદ :** ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાની સંસ્કૃતમાં લખાયેલી જીવનકથા

**પ્રબંધ :** ઐતિહાસિક બાબતોની સાથે દંતકથાઓ, રહસ્યકથાઓ તથા કાલ્પનિક હકીકતોવાળું સાહિત્ય

**અભંગ :** બે લીટીઓ(દોહરા)માં રચાયેલ કાવ્યપંક્તિ

**વીરશૈવ :** બાસવે સ્થાપેલ શિવધર્મનો એક પંથ

# એકમ 34 જીવનપદ્ધતિ અને લોકભોગ્ય સંસ્કૃતિ (Lifestyle and Popular Cultures)

**રૂપરેખા**


34.0 ઉદ્દેશો અને પ્રસ્તાવના

34.1 સલ્તનત પહેલાંની જીવનપદ્ધતિ

34.2 નવો શાસક વર્ગ

- 34.2.1 નવો મિશ્રિત શાસક વર્ગ
- 34.2.2 શાહી મહેલો, શાહી કારખાનાં અને વકીલ-ઈ-દાર

34.3 ધાર્મિક વર્ગના ઉમરાવો-ઉલેમાઓ

34.4 રાજકીય વર્ગના ઉમરાવો

34.5 આમજનતાની જીવનપદ્ધતિ

34.6 સ્ત્રીઓનું સ્થાન

34.7 નોકરો અને ગુલામોનું જીવન

34.8 શહેરી જીવન

34.9 ગ્રામ્ય જીવન

- 34.9.1 ખેડૂત વર્ગ
- 34.9.2 ખેડૂતોનાં રહેઠાણો, ખોરાક-પોશાક

34.10 રમતો અને મનોરંજન

34.11 સારાંશ

34.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

34.13 ચાવીરૂપ શબ્દો


## 34.0 ઉદ્દેશ અને પ્રસ્તાવના

આ એકમના વિષયવસ્તુનો અભ્યાસ કર્યા બાદ તમે સલ્તનત યુગના ચઢતી-ઊતરતી કક્ષાના સામાજિક વર્ગો–ઉલેમાઓ, ઉમરાવો, વેપારીઓ, કારીગરો, ખેડૂતો, ગુલામો વગેરેની, હિન્દુ સમાજવ્યવસ્થા અને તેમાં સ્ત્રીના સ્થાન વિશેની, ગુલામો, શહેરી તથા ગ્રામ જીવન પરત્વેથી અને રમતગમત-મનોરજંન વગેરેની જાણકારી મેળવી શકશો.

સલ્તનત યુગનું માનવજીવન ચઢતા-ઊતરતા ક્રમના સામાજિક વર્ગોનો ખ્યાલ આપે છે તથા તે કેન્દ્રીય સરકાર અને ખેડૂતો વચ્ચેના સતત સંઘર્ષનું પણ સૂચક છે. ખેડૂતોની બચત નાનકડો શાસક તેમ જ ઉમરાવ વર્ગ હડપ કરી જતો હતો. પરિણામે બહુ મોટી સંખ્યા ધરાવતા ખેડૂતો અને કારીગરો ગરીબ જીવન જીવતા હતા, જ્યારે નાનકડો શાસક તેમ જ ઉમરાવ વર્ગ વૈભવવિલાસી જીવન જીવતો હતો.

## 34.1 સલ્તનત પહેલાંની જીવનપદ્ધતિ (Life before Sultanates)

સમસ્ત મધ્યયુગ દરમ્યાન (રાજપૂતથી મરાઠા સમય સુધી) જમીનની માલિકી એ રાજકીય તથા સામાજિક દરજ્જાની સૂચક હતી. રાજપૂતો, સુલતાનો, મુગલો અને મરાઠાઓ અધિકારીઓ, સગાવહાલા, બ્રાહ્મણો, પંડિતો, ધર્મગુરુઓ, ધર્મસંસ્થાઓ વગેરેને જમીનો-ગામડાં ભેટ આપતા તેમાંથી સામંતશાહીનો ઉદ્ભવ થયો. શાસકો તથા સામંતો ખેડૂતો પાસેથી વધારે મહેસૂલ વસૂલ કરીને તેમની બધી બચત ખેંચી લેતા. પરિણામે ખેડૂતોને કંગાલ જીવન જીવવું પડતું, જ્યારે શાસકો અને સામંતો વૈભવી જીવન જીવતા હતા.

ધાર્મિક સંસ્થાઓને અપાયેલી કરમુક્ત જમીનમાંથી પુષ્કળ આવક થતી. પરિણામે આવી સંસ્થાઓના વડા-ધર્મગુરુઓ પણ વિલાસી જીવન જીવતા તથા તેઓ પણ પોતાના ખેડૂતો પાસેથી વધારે મહેસૂલ વસૂલ કરીને તેમનું શોષણ કરતા. ધાર્મિક સંસ્થાઓની સમૃદ્ધિ ઉત્સવો અને ક્રિયાકાંડો વખતે વધારે

સ્પષ્ટ થતી, કારણ કે આવા ઉત્સવો તથા ક્રિયાકાંડોમાં પુષ્કળ ખર્ચ કરવામાં આવતું. મહેલો અને મંદિરો બાંધવા માટે કારીગરોને વેઠ કરવી પડતી અથવા તેમને અપૂરતું મહેનતાણું અપાતું. આમ રાજપૂત તેમ જ મધ્યયુગનાં વૈભવશાળી મહેલો, મંદિરો અને ભવ્ય ઇમારતોના બાંધકામ પાછળ ખેડૂતો તેમ જ કારીગરોનો અથાગ શ્રમ રહેલો છે.

રાજપૂતોના ઊંચાનીચા કુળના ખ્યાલ, સલ્તનત સમયમાં પરદેશી મુસલમાનો અને ભારતીય મુસ્લિમો વચ્ચેના ભેદભાવ, હિન્દુ સમાજની જ્ઞાતિપ્રથાના ઊંચ-નીચ સ્તરો, મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચેના ધાર્મિક તેમ જ સાંસ્કૃતિક તફાવતો વગેરેને લીધે રાજપૂત તેમ જ મધ્યયુગનો સમાજ અનેક પ્રકારના સામાજિક વર્ગીય ભેદભાવોમાં વિભાજિત થયેલો હતો, જેનો પ્રભાવ સમકાલીન રાજકારણ પર પણ પડ્યો હતો.

## 34.2 નવો શાસક વર્ગ (The New Ruling Class)

રાજપૂતોની સર્વોપરી સત્તાના અંત (1200) સાથે ભારતના મધ્યયુગનો પ્રથમ તબક્કો (700-1200) પૂરો થયો અને સલ્તનતની સ્થાપના સાથે ભારતના મધ્યયુગના બીજા તબક્કા(1206-1526)નો પ્રારંભ થયો. પ્રથમ તબક્કામાં ભારતમાં કોઈ મધ્યસ્થ સત્તા હતી નહિ, પરંતુ અલગ અલગ સ્વતંત્ર રાજ્યો હતાં, જે પરસ્પર લડીને નિર્બળ બનતાં ભારતમાં સલ્તનતની સ્થાપનાનો માર્ગ ખુલ્લો થયો. પ્રથમ તબક્કાના શાસકો ભારતીય હતા અને ભારતીય સંસ્કૃતિ સાથે ઓતપ્રોત હતા તેથી તેમની અને પ્રજા વચ્ચે ભિન્નતા ન હતી, પણ બીજા તબક્કાના શાસકો વિદેશી તુર્કો-અફઘાનો હતા અને તેમની સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિથી ભિન્ન હતી. પરિણામે તેઓ પ્રજા સાથે એકરાગ સ્થાપી શક્યા નહિ, તોપણ તેઓએ ભારતમાં કેન્દ્રીય સત્તા સ્થાપી અને તેના મોટા ભાગના પ્રદેશો પર પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું. તેઓએ આ વિસ્તારોમાંથી વસૂલ કરેલ મહેસૂલ અને અન્ય કરવેરા તેમ જ લૂંટમાંથી પુષ્કળ આવક મેળવી, જે તેઓએ યુદ્ધો કરવામાં, વૈભવવિલાસમાં તથા મસ્જિદો અને અન્ય ભવ્ય ઇમારતો બાંધવામાં વાપરી.

### 34.2.1 નવો મિશ્રિત શાસક વર્ગ

નવા શાસક વર્ગનો વડો સુલતાન હતો, તે રાજ્યનો સર્વોચ્ચ વડો હતો. તુર્કી સુલતાનો રાજકીય રીતે પોતાને સ્વતંત્ર માનતા હતા, પરંતુ સાંસ્કૃતિક રીતે તેઓ પોતાને ઇસ્લામી જગતના એક ભાગરૂપ ગણતા હતા. ભારતના સુલતાનોને ભારતનાં વિવિધ સાધનોમાંથી પુષ્કળ આવક મળતી હતી, જેથી ઇસ્લામી દેશોમાં તેઓ સૌથી વૈભવી જીવન જીવતા અને સ્થાનિક પ્રજા(બિન-મુસ્લિમો)થી અંતર રાખતા તથા આમ કરવામાં તેઓ સુલતાનના પદનું ગૌરવ સમજતા.

### 34.2.2 શાહી મહેલો અને શાહી કારખાનાં

**(i) શાહી મહેલો :** સુલતાનો પોતાને માટે ભવ્ય મહેલો બંધાવતા. પ્રત્યેક સુલતાન પોતાને માટે નવો મહેલ બંધાવતો. ફિરોઝ તુઘલકે મહેલોની સંખ્યામાં વધારો કર્યો હતો. શાહી મહેલો વિશાળ વસાહત સમાન હતા. તેમાં સુલતાનના ખાનગી આવાસ, દરબાર હૉલ, હેરમ (જનાનખાના), જામદારખાના (ઝવેરાત રાખવાનો ભંડાર), અતિથિગૃહ, ગ્રંથાલય, રસોડાં, ખાસ પસંદ કરાયેલ સુલતાનની સંરક્ષક લશ્કરી ટુકડીના આવાસો, શસ્ત્રાગાર, નોકરો તથા ગુલામોના આવાસો, હાથીઓ અને અશ્વોના તબેલાઓ, ફુવારા, બગીચાઓ, શાહી સ્નાનગૃહો તેમ જ વિવિધ પ્રકારનાં કારખાનાંનો સમાવેશ થતો હતો.

મુહમ્મદ તુઘલકના શાસનકાળ (1325-51) દરમિયાન ભારત આવેલ આફ્રિકન મુસાફર ઈબ્ન-બતુતા પાંચ વર્ષ સુધી દિલ્હીમાં કાઝી તરીકે રહ્યો હતો. તેણે સુલતાનના મહેલનું કરેલું વર્ણન ખાસ નોંધપાત્ર છે :

''સુલતાનોની મુલાકાત લેવા ઇચ્છનારે ભારે ચોકિયાતવાળા ત્રણ ઊંચા અને મજબૂત દરવાજામાંથી પસાર થવું પડતું. તે પછી તેને 1000 થાંભલાવાળા ભવ્ય દરબાર હૉલમાં પ્રવેશ અપાતો. આ હૉલના થાંભલા કીમતી નકશીકામવાળી કોતરણીથી સુશોભિત કરાયેલ હતા. આ હૉલમાં સુલતાન મુલાકાતીઓને મુલાકાત આપતો. છત્ર અને દંડ ધારણ કરવાની હિન્દુ શાસકોની પ્રણાલિકા મુસ્લિમ શાસકોએ પણ ચાલુ રાખી હતી, જે અન્ય ઉમરાવો કે ખંડિયા રાજાઓને વાપરવાની મનાઈ હતી.''

સામાજિક સમારંભો અને સરઘસો દરમિયાન સુલતાન છડીદાર અને સંગીતકારોના સમૂહ સાથે નીકળતો. આમ, હિન્દુ શાસકોની વાજિંત્ર વગાડનાર અને સંગીતકારો સાથે સવારીમાં નીકળવાની પ્રણાલિકા મુસ્લિમ શાસકોએ ચાલુ રાખી હતી. હંમેશાં મહેલના દ્વારે બેન્ડવાજાં વગાડવામાં આવતાં. આવું સંગીત અન્યને કરવા પર પ્રતિબંધ હતો.

મહેલના દરબાર હૉલમાં ભભકાદાર સમારંભો થતા. આમાં રાજાની આગવી પ્રતિભા અને સત્તાનું પ્રદર્શન થતું. વિદેશોના પ્રતિનિધિઓને આવકારવા, યુદ્ધમાં મળેલ વિજયની ઉજવણી કરવા, ધાર્મિક ઉત્સવો ઊજવવા તથા રાજ્યાભિષેકની વિધિ કરવા દરબાર હૉલમાં વૈભવી મિજલસો ગોઠવાતી. શાહજાદા અને શાહજાદીઓનાં લગ્નોમાં ભારે ખર્ચ કરવામાં આવતું. સુલતાનના રાજ્યાભિષેક કે જન્મદિન નિમિત્તે અમીરો સુલતાનને કીમતી પોશાક તથા અન્ય કીમતી વસ્તુઓની ભેટ (નઝર) ધરતા.

મહેલનું હેરમ (જનાનખાનું) તેનો એક વિશિષ્ટ વિભાગ ગણાતું. તેમાં સુલતાનની માતા, સુલતાનની બેગમો, સ્ત્રીસેવકો અને સ્ત્રીગુલામો માટે અલગ અલગ આવાસો હતા. પ્રત્યેકને તેના દરજ્જા પ્રમાણે આવાસો અપાતા. મહેલમાંનાં કારખાનાં જનાનખાનાની તમામ જરૂરિયાતો પૂરી પાડતાં. જનાનખાના પર સખત ચોકીપહેરો રાખવામાં આવતો.

**(ii) શાહી કારખાનાં :** સુલતાનના મહેલની વિશાળ વસાહતમાં શાહી કારખાનાં માટે અલગ વિસ્તાર રાખવામાં આવતો. આ કારખાનાંઓ મહેલમાં વસનારની લગભગ તમામ જરૂરિયાતોને પૂરી પાડતાં. તે વિવિધ પ્રકારના પોશાક, જાત જાતના અલંકાર, મહેલના વપરાશ માટેની ચીજવસ્તુઓ, રાચરચીલું, શૃંગારનાં સાધનો વગેરેનું ઉત્પાદન કરતાં. આ માટે જે તે ક્ષેત્રના કુશળ કારીગરોને રોકવામાં આવતા. આનાથી સ્થાનિક કારીગરો અને મજૂરોને રોજગારી મળી રહેતી.

**(iii) વકીલ-ઈ-દાર :** મહેલના સમસ્ત ખાતાંઓનો સર્વોચ્ચ વડો વકીલ-ઈ-દાર કહેવાતો. તેના હાથ નીચે મહેલનાં જુદાં જુદાં ખાતાંઓ(ઉપરોક્ત નિર્દેશિત)ના વડાઓ કામ કરતા. સુલતાન સાથેની ખાનગી મુલાકાતો તેને હસ્તક હતી, એથી તેનું સ્થાન ઘણું મહત્ત્વનું હતું. સુલતાનની સલામતી માટે પણ તે છેવટનો જવાબદાર મનાતો. મહેલમાં તેનું અલગ કાર્યાલય રહેતું. ખાસ વિશ્વાસુ અને કાબેલ અધિકારીની આ પદ પર નિયુક્તિ થતી. તેને સુલતાનની અંગત બાબતો સાથે કામ લેવાનું હોવાથી ખૂબ સાવચેત રહેવું પડતું. ઘણી વખત મહેલની ખટપટોનો તે ભોગ બનતો.

## 34.3 ધાર્મિક વર્ગના ઉમરાવો–ઉલેમાઓ (The Religious Aristocracy)

સલ્તનત શાસન બહુધા સાંપ્રદાયિક હોવાથી તેમાં મુસ્લિમ ધર્મગુરુઓ(ઉલેમાઓ)નું સ્થાન મહત્ત્વનું હતું. જે ઉલેમાઓ ન્યાય તેમ જ કાયદાતંત્ર સાથે સંકળાયેલા હતા તે 'દસ્તરબંદન' તરીકે ઓળખાતા. તેઓને ઇસ્લામિક કાયદા, તફસીર, હદીસ, કુરાન જેવા ધર્મગ્રંથો, અરબી ધર્મપુસ્તકો વગેરેનો અભ્યાસ કરવો પડતો. તેઓ ઇસ્લામ ધર્મના નિષ્ણાત મનાતા અને ધાર્મિક બાબતોમાં સુલતાનોને સલાહ આપતા. અલાઉદીન ખલજી તથા મુબારકશાહ ખલજી સિવાયના લગભગ તમામ સુલતાનો ઉલેમાઓની સલાહ પ્રમાણે રાજ્યનો વહીવટ ચલાવતા. થોડા ઉચ્ચ કક્ષાના વિદ્વાન ઉલેમાઓ સિવાયના મોટા ભાગના ઉલેમાઓ કટ્ટર–ચુસ્ત હતા. તેથી તેમની અસર તળે સુલતાનો અસહિષ્ણુ બન્યા હતા. આમ છતાં સુલતાનો અને સલ્તનતને દારૂ, અનૈતિકતા, જુગાર વગેરે બદીઓમાંથી મુક્ત રાખવામાં તથા સુલતાનોને ધાર્મિક આચરણ તરફ દોરવામાં ઉલેમાઓનો નોંધપાત્ર ફાળો હતો. ઇસ્લામ ધર્મ અને શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન ધરાવનાર ઉલેમાઓ અહલ કલમ તરીકે જાણીતા હતા.

## 34.4 રાજકીય વર્ગના ઉમરાવો (The Political Aristocracy)

રાજકીય વર્ગના ઉમરાવો પોતાના હોદ્દા કે સ્થાન મુજબ જુદા જુદા નામથી ઓળખાતા. તેમાં સૌથી ઊંચું સ્થાન 'ખાન'નું હતું. તે પછી 'મલિક' અને ત્યારબાદ 'અમીર' નું સ્થાન હતું. સિપાહસલાર તથા સરખેલ અમીરોમાં સૌથી નીચા સ્થાને હતા. આ બધા લશ્કરી હોદ્દાઓ હતા. પરંતુ 'અમીર' શબ્દ લશ્કરી તેમ જ દીવાની ઉમરાવોને પણ લાગુ પડતો. જોકે આ સમયમાં લશ્કરી તેમ જ દીવાની એવા સ્પષ્ટ વિભાગો હતા નહિ.

ખાનનો વાર્ષિક પગાર એક લાખ ટંકા (તે સમયનો શુદ્ધ ચાંદીનો સિક્કો), મલિકનો પગાર પચાસ હજાર ટંકા, અમીરનો ત્રીશ હજાર ટંકા, સિપાહસલારનો વીસ હજાર ટંકા તથા સરખેલનો પગાર પાંચથી દશ હજાર ટંકા હતો.

સલ્તનતના ઉમરાવો સુલતાનો જેવું વૈભવશાળી જીવન જીવતા. તુર્કી અને અફઘાન ઉમરાવો સુલતાનોના કુળના હોવાથી તેઓ પોતાની જાતને સુલતાનોની સમકક્ષ માનતા. તેઓ બહુધા ઈક્તા(પ્રાંત)ના મુખ્ય અધિકારીઓ (હાલના રાજ્યપાલ) હતા. તેઓ ફરતા કોટવાળા મોટા મહેલ કે ભવ્ય હવેલીઓમાં રહેતા. તેઓ ઘણા ધનિક હતા અને જમીન-જાગીરોના માલિક હતા. તેઓ પણ સુલતાનોની માફક જનાનખાનું (હેરમ), નોકર-ચાકર, ગુલામો, પુસ્તકાલય, કારખાનાં વગેરે નિભાવતા. તેમના મહેલમાં અનેક ઓરડા હતા. તેમની દીવાલોને રંગીન પડદા તથા સુંદર ચિત્રોથી સુશોભિત કરવામાં આવતી. ઓરડામાં કીમતી રાચરચીલું હતું તથા તેમની રેશમી પથારીઓમાં સોનેરી તેમ જ રૂપેરી ભરતકામ કરાતું. તેઓ રેશમની ચટાઈઓ વાપરતા. મહેલના ખુલ્લા ચોકમાં સુંદર બગીચો બનાવાતો અને તેમાં સ્નાનાગાર તેમ જ ફુવારા રચવામાં આવતા.

બલબન તથા અલાઉદ્દીન ખલજીએ ઉમરાવો પર ભારે કડક અંકુશો મૂક્યા હતા, પરંતુ તે સિવાયના સુલતાનો પર ઉમરાવોનો ભારે પ્રભાવ હતો અને તેઓ એક સુલતાનને પદભ્રષ્ટ કરીને બીજા સુલતાનને ગાદીનશીન કરતા. તેઓને દરબારમાં હાજરી આપવી પડતી તથા યુદ્ધ સમયે સુલતાનને લશ્કરી મદદ આપવી પડતી. અન્ય સમય તેઓ શિકાર, મિજલસો, સંગીત તેમ જ નૃત્યગૃહોમાં પસાર કરતા. તેઓ સંગીતકારો તથા નૃત્યાંગનાઓ મારફત મનોરંજન મેળવતા. કેટલાક ઉમરાવો સારાં ગ્રંથાલયો પણ વસાવતા અને વાચનનો શોખ કેળવતા. અમુક ઉમરાવો વિદ્યાકલાને પણ ઉત્તેજન આપતા. અન્યથા મોટા ભાગના ઉમરાવો ઊંચા પગાર મેળવીને તથા ખેડૂતોનું શોષણ કરીને ખૂબ તાલેવર બન્યા હતા. તુઘલક શાસકોના સમયમાં ઉમરાવો કાયદેસર અને ગેરકાયદેસર દ્રવ્ય મેળવીને ખૂબ ધનવાન બન્યા હતા. મુહમ્મદ તુઘલખનો વઝીર દિલ્હીનો સૌથી ધનિક આદમી હતો. ફિરોજ તુઘલકનો અરિઝ-ઈ-મુમાલિક (લશ્કરી ખાતાના વડા) બશીર પોતાના મૃત્યુ વખતે 13 કરોડ ટંકા મૂકતો ગયો હતો, જે ફિરોઝ તુઘલકે જપ્ત કરેલ.

## 'તમારી પ્રગતિ ચકાસો' – ક

1. સલ્તનત સમયમાં ઉલેમાઓના સ્થાન અને પ્રભાવનું વિવરણ કરો. (8 લાઈન)

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

2. સલ્તનત યુગના ઉમરાવોની જીવનપદ્ધતિની સમીક્ષા કરો. (10 લાઈન)

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

3. નીચેના પ્રત્યેક વિશે ચાર ચાર વાક્યો લખો :

(i) સલ્તનત પહેલાંનું સમાજજીવન

(ii) સુલતાનોના શાહી મહેલો

(iii) વકીલ-ઈ-દાર

4. નીચેનાંમાંથી ખોટાં વાક્યો સુધારી ફરી લખો :

(1) સલ્તનત યુગમાં સામાજિક જીવનમાં સમાનતા હતી.

(2) સુલતાનો પોતાના મહેલોમાં મોટાં કારખાનાં નિભાવતા.

(3) સુલતાનોના દરબાર હૉલમાં આમજનતાને પ્રવેશવાની મનાઈ હતી.

(4) દસ્તરબંદન ઉલેમાઓનો એક વર્ગ હતો.

(5) મલિક સલ્તનતના લશ્કરનો સૌથી નીચી પાયરીનો અધિકારી હતો.

## 34.5 આમજનતાની જીવનપદ્ધતિ (Life Styles of the Masses)

સલ્તનત સમયમાં હિન્દુ સમાજના માળખામાં ખાસ કોઈ ફેરફાર થયા નહિ, પરંતુ આ યુગમાં તુર્કો, અફઘાનો, આરબો, ઈરાનીઓ વગેરે વિદેશી મુસ્લિમો ભારતમાં વસતાં મુસ્લિમ સમાજમાં થોડા ફેરફાર થયા. હિન્દુ સમાજમાં જ્ઞાતિભેદ યથાવત્ રહ્યા, બલકે વધારે કડક બન્યા, જ્યારે મુસ્લિમ સમાજમાં વર્ગભેદ વધ્યા. વિદેશી મુસ્લિમો સુલતાનોના કુળના હતા આથી તેઓ રાજ્ય તેમ જ સમાજમાં ઊંચા હોદ્દા તથા સ્થાન ભોગવતા હતા, જ્યારે ભારતીય મુસ્લિમો બહુધા ધર્માન્તર કરાયેલ હિન્દુઓ હતા, એટલે વિદેશી મુસ્લિમો તેમની પ્રત્યે અણગમો દાખવતા અને તેમની સાથે બેટીવ્યવહાર ભાગ્યે જ કરતા. વિદેશી મુસ્લિમો શહેરોમાં રહેતા અને વહીવટી દરજ્જા ભોગવતા, જ્યારે ભારતીય મુસ્લિમો ખેડૂતો, કારીગરો, વેપારીઓ, કારકુનો વગેરે હતા અને તેઓ બહુધા ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા. એ રીતે ભારતીય મુસ્લિમોનો હિન્દુઓ સાથેનો ગાઢ સંપર્ક ચાલુ રહ્યો, જ્યારે વિદેશી મુસ્લિમોનો હિન્દુઓ સાથેનો સંપર્ક નહીંવત્ હતો. વિદેશી મુસ્લિમો પ્રથમ કક્ષાના નાગરિકો ગણાતા જ્યારે ભારતીય મુસ્લિમો અને હિન્દુઓ દ્વિતીય

કક્ષાના નાગરિકો મનાતા. હિન્દુઓમાં સામાજિક અને ધાર્મિક જ્ઞાતિભેદ અને વર્ગભેદ હતા, તો મુસ્લિમોમાં સામાજિક તથા ધાર્મિક વર્ગભેદ હતા.

હિન્દુઓ તેમ જ મુસ્લિમોમાં વિશેષતઃ ગ્રામ્ય સમાજમાં સંયુક્ત કુટુંબો હતાં. કુટુંબનો વડો પુરુષ હતો. કુટુંબમાં પુત્રી કરતાં પુત્રના આગમનને આવકાર અપાતો. હિન્દુ તથા મુસ્લિમ સમાજમાં અમુક રિવાજો સામાન્ય હતા. જન્મ, લગ્ન, મૃત્યુ વગેરેને લગતી વિધિઓ થતી. હિન્દુઓમાં બાળકનાં જન્મ બાદ ચોથા વર્ષ પછી ઉપનયન (દ્વિજ) સંસ્કાર થતા, જ્યારે મુસ્લિમોમાં આ સંસ્કારને મળતા બિસ્મિલ્લા સંસ્કાર થતા. મુસ્લિમોમાં 7મા વર્ષે બાળકની સુન્નતવિધિ થતી. હિન્દુઓ તથા મુસ્લિમોમાં આ સંસ્કાર ભારે ધામધૂમથી ઉજવાતા.

હિન્દુઓ તેમ જ મુસ્લિમોમાં લગ્નવિધિ અમુક ક્રિયાકાંડો સાથે થતી. લગ્નમાં ભારે ખર્ચ કરાતું. બંનેમાં દહેજપ્રથા હતી. સામાન્યતઃ હિન્દુઓમાં લગ્ન પોતપોતાની જ્ઞાતિમાં થતાં, જ્યારે મુસ્લિમોમાં કુટુંબના સામાજિક સ્થાન(કુફુ)ને લક્ષ્યમાં રાખીને લગ્ન ગોઠવાતાં. હિન્દુઓમાં પોતાના જ કુળમાં પરસ્પર લગ્ન કરવાની મનાઈ હતી, જ્યારે મુસ્લિમોમાં આ છૂટ હતી, જે પ્રથા હાલમાં પણ પ્રચલિત છે. હિન્દુઓમાં ઊંચ વર્ણ કે જ્ઞાતિના યુવકનાં નીચા વર્ણ કે જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરવાની (અનુલોમ) છૂટ હતી, પરંતુ ઊંચ વર્ણની કે જ્ઞાતિની કન્યાનાં નીચ વર્ણ કે જ્ઞાતિના યુવક સાથે લગ્ન કરવાની (પ્રતિલોમ) મનાઈ હતી અને તેના પ્રત્યે નફરત દર્શાવવામાં આવતી. સ્મૃતિસાહિત્યના કથન મુજબ આવાં લગ્નોથી જન્મેલ બાળકોને વર્ણસંકર કહેવાતાં અને તેમને સમાજમાં કોઈ સ્થાન હતું નહિ. તેમની કક્ષા ચંડાળ સમાન (સૌથી નીચી) હતી.

હિન્દુ તેમ જ મુસ્લિમોમાં મૃત્યુ પાછળ વહેમો તેમ જ શુકન-અપશુકનયુક્ત વિવિધ પ્રકારની વિધિઓ થતી. હિન્દુઓમાં મૃત્યુને 13મે દિવસે શ્રાદ્ધક્રિયા થતી, તે પછી જીવનો મોક્ષ થયો હોવાનું મનાતું જ્યારે મુસ્લિમોમાં મૃત્યુને ત્રીજે દિવસે આ પ્રકારની સિયુમ નામે વિધિ થતી.

પ્રાચીન યુગની માફક મધ્યયુગમાં પણ ચતુર્વર્ણના પાલન પર સ્મૃતિકારો તેમ જ શાસ્ત્રકારોએ ખાસ ભાર મૂકેલો છે. જોકે વ્યવહારમાં તેનું ખાસ મહત્ત્વ રહ્યું ન હતું. મધ્યયુગના રાણા-રાજપૂત રાજાઓ-ક્ષત્રિયોનું રાજ્ય તેમ જ સમાજ પર વર્ચસ્વ હતું. એટલે ક્ષત્રિયોનું બ્રાહ્મણો તેમ જ અન્ય વર્ણો પર પ્રભુત્વ હતું. ક્ષત્રિયો અનેક રાજપૂત કુળોમાં વિભાજિત થયેલા હતા અને તેઓ વહીવટકર્તાઓ તથા ઉમરાવો હતા. બ્રાહ્મણોની પણ પ્રદેશ તથા ગોત્ર પ્રમાણે જુદી જુદી પેટા જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. વધેલા વેપાર-વાણિજ્યને લીધે વૈશ્ય-વેપારી વર્ગનું સમાજમાં મહત્ત્વ વધ્યું હતું. તેઓ ખેતીને બદલે વેપાર-વાણિજ્ય તરફ વળ્યા હતા.

શૂદ્રોની સ્થિતિ નિમ્ન તથા દયાજનક હતી. તેમનો ધર્મ ઉપલા ત્રણ વર્ણોની સેવા કરવાનો હતો. વેદનો અભ્યાસ કરવાની તેમને ફરમાવેલી મનાઈ આ યુગમાં પણ ચાલુ હતી. જોકે તેમને આ સમયમાં પુરાણોનો અભ્યાસ કરવાની છૂટ અપાઈ હતી. સ્મૃતિકારોએ શૂદ્રોને ઉપલા વર્ણો સાથે ભોજન લેવાની કે તેમની મિજલસોમાં સામેલ થવાની મનાઈ કરેલી છે તથા ચાંડાલો અને એવી બીજી હલકી જાતિઓને અસ્પૃશ્ય જાહેર કરેલી છે.

## 34.6 સ્ત્રીઓનું સ્થાન (Position of Women)

આ યુગમાં હિન્દુ તથા મુસ્લિમ સમાજમાં સ્ત્રીનું સ્થાન વિશેષ નીચું ગયું હતું. નીચલા થરની કન્યાઓને ભાગ્યે જ શિક્ષણ અપાતું. ઉપલા વર્ગોની કન્યાઓને વિવિધ શાખાઓની તાલીમ અપાતી જેનાં દૃષ્ટાંતો રૂપમતી, પદ્માવતી, દેવળરાની, રઝિયાબેગમ વગેરે કહી શકાય. કન્યાનાં લગ્ન કુમળી વયે થતાં. પુત્રીનો જન્મ આવકારપાત્ર ન હતો. પુત્રી, પત્ની અને માતા તરીકે પણ સ્ત્રીનું સ્થાન નીચું હતું. સ્ત્રીનું મુખ્ય કાર્ય સંતાન ઉત્પત્તિ(મુખ્યત્વે પુત્ર)નું મનાતું. ઉપલા વર્ગની સ્ત્રીઓ બહુધા અંતઃપુરમાં રહેતી, નીચલા થરની સ્ત્રીઓ બહાર ફરી શકતી. ઉપલા વર્ગની સ્ત્રીઓમાં સતી થવાનો રિવાજ ચાલુ હતો. વિધવાની સ્થિતિ અસહ્ય હતી. અમુક કુટુંબોમાં બાળકીના જન્મ વખતે દૂધપીતી (દૂધના ટબમાં ડુબાડીને મારી નાખવાનો) કરવાનો રિવાજ હતો. રાજપૂત સ્ત્રીઓમાં જૌહર(સામુદાયિક ચિતા-પ્રવેશ)નો રિવાજ હતો. રાજપૂતો યુદ્ધમાં પરાજિત થાય ત્યારે તેમની સ્ત્રીઓ ચારિત્ર્યનું જતન કરવા જૌહર કરતી.

છૂટાછેડા ભાગ્યે જ થતા, પરંતુ પત્નીના ત્યાગ, પતિના દુરાચાર, પતિના અસાધ્ય રોગ કે પતિના ગાંડપણ સામે છૂટાછેડા લઈ શકાતા. ઉપલા વર્ગના હિન્દુઓ તથા મુસ્લિમોમાં બહુપત્નીત્વનો રિવાજ સામાન્ય હતો, જેથી સ્ત્રીની સ્થિતિ વધારે શોચનીય બની હતી.

પુત્રવિહીન પતિની મિલકત પર તેની વિધવા સ્ત્રીનો હક હતો તથા તેને તે વહેંચી નાખવાનો પણ અધિકાર હતો. મુસ્લિમ સ્ત્રીઓમાં બુરખાનો તથા હિન્દુ સ્ત્રીઓમાં ઘુંઘટનો રિવાજ હતો. પતિવ્રતા સ્ત્રી સન્માનીય ગણાતી. મલિક મુહમ્મદ જાયસી તથા વિદ્યાપતિએ પોતાના ગ્રંથોમાં પડદા તથા ઘુંઘટપ્રથાનો ઉલ્લેખ કરેલો છે.

## 34.7 ગુલામો તથા નોકરોનું સ્થાન (Slaves and Servants)

સલ્તનત સમયમાં ગુલામોનો અલગ વર્ગ હતો. સુલતાનો, ઉમરાવો તથા ધનિકો ગુલામો રાખતા. ગુલામો રાખવા તે સમૃદ્ધિ તથા મોભા-દરજ્જાનું સૂચક ગણાતું. ઉમરાવો સુંદર છોકરા તથા છોકરીઓને ગુલામો તરીકે ખરીદવા હરીફાઈ કરતા. યુરોપના ગુલામો કરતાં હિન્દના ગુલામોની સ્થિતિ ભિન્ન પ્રકારની હતી. તેમના પ્રત્યે સારો વર્તાવ થતો. ભારતના ગુલામોના મુખ્યત્વે બે પ્રકાર હતા :

(i) ગુલામોના બજારમાંથી ખરીદવામાં આવેલ ગુલામો,

(ii) યુદ્ધ કેદીઓમાંથી બનાવવામાં આવેલ ગુલામો.

હિન્દુ શાસ્ત્રોમાં ગુલામોના પ્રકાર અને તેમના સ્થાનનું વર્ણન કરવામાં આવેલું છે. હિન્દુઓ તથા મુસ્લિમોમાં ગુલામો રાખવાની પ્રથા હતી. પશ્ચિમ એશિયા તથા ભારતમાં પુરુષ તેમ જ સ્ત્રી ગુલામોની લે-વેચ માટેનાં બજારો હતાં.

ગુલામો મહેલો, મહોલાતો, કારખાનાં વગેરેમાં કામ કરતા. ફિરોઝ તુઘલકને ગુલામો રાખવાનો ભારે શોખ હતો. તેની પાસે 1,80,000 ગુલામો હતા, જેમાંના મોટા ભાગનાને ગૃહઉદ્યોગો તેમ જ કારખાનાંમાં કારીગરો તરીકે રોકવામાં આવ્યા હતા, બાકીના પસંદ કરાયેલા સુલતાનના રક્ષકો તરીકે કામ કરતા હતા. ગુલામ પોતાની કુશળતાથી ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકતો. દિલ્હી સલ્તનતની સ્થાપના કરનાર કુતુબદીન ઐબક શાહબુદીન ઘોરીનો ગુલામ હતો. ધર્માન્તર કરાયેલ મલિક કાફર અને ખાને જહાન અનુક્રમે અલાઉદીન ખલજી તથા ફિરોઝ તુઘલકના વજીર બન્યા હતા.

જનાનખાના (હેરમ) માટે ખાસ પ્રકારના ગુલામો રખાતા. નાની વયમાં ખસી કરાયેલ પુરુષોને જનાનખાનાના રખેવાળ તરીકે નિયુક્ત કરાતા. તેઓ ખ્વાઝાસરા—નપુંસક તરીકે જાણીતા હતા. બંગાળમાં 13મી સદીમાં નપુંસક ગુલામોને ખરીદવા તથા વેચવા માટેનું મોટું બજાર હતું. સ્ત્રી ગુલામોના મુખ્ય બે પ્રકાર હતા :

(i) ઘરકામ માટેની સ્ત્રી ગુલામો

(ii) આનંદપ્રમોદ આપવા માટેની સ્ત્રી ગુલામો.

પહેલા પ્રકારની સ્ત્રીઓ સામાન્ય કોટિની હતી, પરંતુ બીજા પ્રકારની સ્ત્રીઓ સુંદર તથા ગાયન, વાદન, નૃત્ય વગેરેમાં પ્રવીણ હતી.

સલ્તનત યુગના ગુલામોનો ગૃહઉદ્યોગો તેમ જ વેપાર-વાણિજ્ય વિકસાવવામાં નોંધપાત્ર ફાળો હતો.

### 'તમારી પ્રગતિ ચકાસો' – ખ

1. સલ્તનત યુગમાં સામાન્ય લોકોની જીવનપદ્ધતિનું 10 લીટીઓમાં વિવરણ કરો.

2. સલ્તનત સમયના સ્ત્રીના સ્થાન વિશે 70 શબ્દોમાં ટૂંકનોંધ લખો :

3. સલ્તનત યુગમાં ગુલામોએ સામાજિક-આર્થિક વ્યવસ્થામાં ભજવેલ ભાગનું 100 શબ્દોમાં વિવેચન કરો.

4. નીચેના પ્રત્યેક વિશે બે-બે વાક્યો લખો :
   (i) ઉપનયન અને બિસ્મિલ્લાહ સંસ્કાર
   (ii) સતી અને જૌહર
   (iii) શ્રાદ્ધ અને સિયુમ

## 34.8 શહેરી જીવન (Urban Life)

સલ્તનત યુગમાં 13-14મી સદીમાં ઉત્તર ભારતમાં કેટલાંક ઔદ્યોગિક શહેરો અને બંદરોનો વિકાસ થયો. તેમાં ભરૂચ, ખંભાત, સોનારગાંવ, મુલતાન, લખનૌતી વગેરે મુખ્ય હતાં. ઈબ્ન બતુતાના જણાવ્યા પ્રમાણે દિલ્હી ઇસ્લામી દેશોમાં સૌથી મોટાં શહેરોમાંનું એક હતું. તેમાં વસતા ઈરાની, અફઘાનિસ્તાની, મુલતાની, મારવાડી અને ગુજરાતી વેપારીઓ દેશ-વિદેશો સાથે મોટા પાયા પર વેપાર કરતા તથા તેમાંથી પુષ્કળ ધન કમાતા. ધનિક મારવાડી તથા ગુજરાતી વેપારીઓ, વિશેષતઃ જૈન વેપારીઓ, મંદિરો બાંધવામાં પુષ્કળ નાણું ખર્ચતા. ઈબ્ન બતુતાના કથન મુજબ આ વેપારીઓ મોટાં રહેઠાણોમાં રહેતા અને તેમનાં રહેઠાણોની ખુલ્લી જગાઓમાં ફળઝાડોની વાડીઓ રાખતા.

સલ્તનત યુગમાં ખંભાત બહુ સમૃદ્ધ બંદર હતું. ત્યાં અનેક ધનિક વેપારીઓ હતા. ખંભાતથી કપાસ તથા અન્ય ચીજોની મોટા વહાણોમાં વિપુલ પ્રમાણમાં નિકાસ થતી. ખંભાત બંદરે હંમેશાં મોટાં વહાણો

આવજા કરતાં હતાં. ત્યાંના વેપારીઓ એટલા સમૃદ્ધ હતા કે તેઓ કીમતી રેશમી પોશાક પહેરતા તેમાં ઝવેરાત જડતા. તેમની સ્ત્રીઓ શરીરના લગભગ પ્રત્યેક અંગ પર સોના-ચાંદીનાં કીમતી ઘરેણાં પહેરતી. તેમની વીંટી, એરિંગ, બંગડીઓ, કમરબંધ વગેરે કીમતી ઝવેરાતમાંથી બનાવવામાં આવતાં. સ્ત્રીઓ રતનજડિત રેશમી સાડીઓ અને બ્લાઉઝ પહેરતી. ધનિકોનો ખોરાક પણ ઊંચા પ્રકારનો હતો. તેમનાં આવાસો, ખોરાક, પોશાક વગેરે ખૂબ ભભકાદાર અને જાહોજલાલીનાં સૂચક હતાં.

મધ્ય એશિયામાંથી ભારત વેપાર અર્થે આવેલ મુસ્લિમ વેપારીઓ ખંભાત, ભરૂચ વગેરે સ્થળે વસ્યા હતા અને વેપારમાંથી ઘણું ધન કમાયા હતા. તેઓ સોના-રૂપાજડિત રેશમી પોશાક પહેરતા તથા ઘુંટણ સુધીના બુટ પહેરતા.

સલ્તનત સમયનાં મોટાં શહેરો વિવિધ ઉદ્યોગોનાં કેન્દ્રો હતાં. બંગાળ અને ગુજરાતનાં શહેરો મુલાયમ કાપડના ઉત્પાદન માટે પ્રખ્યાત હતાં. ખંભાત સોનારૂપાના નકશીકામ માટે પ્રસિદ્ધિ પામ્યું હતું. ભારતનાં શહેરો મોજશોખ, શૃંગાર, ચામડાં, ધાતુ વગેરેના સાધનો તથા શેતરંજીઓ બનાવવા માટે વિદેશોમાં વિખ્યાત થયા હતા. ઉપરોક્ત વસ્તુઓની રાતા સમુદ્ર, ઈરાની અખાત તથા અગ્નિ એશિયાના દેશોમાં નિકાસ કરવામાં આવતી.

દિલ્હી અને અન્ય મોટાં શહેરોમાં શાહુકાર, દલાલ તથા શરાફના રોજગાર ધીકતા હતા. ઝિયાઉદ્દીન બરનીના જણાવ્યા પ્રમાણે, દિલ્હીના મુલતાની શાહુકારો મલિકો અને અમીરોને મોટી રકમની ધીરધાર કરતા અને તેમના ઈક્તા(પ્રાંતો)ની આવકમાંથી આ રકમ વ્યાજ સાથે શાહુકારો વસૂલ કરતા. દલાલો વેપારીના માલ તથા ખેડૂતોના ઉત્પાદન પર ખરીદ-વેચાણ કરાવીને વચ્ચેથી દલાલી લેતા. દિલ્હી તથા અન્ય મોટાં શહેરોમાં મોટા ભાગનાં ખરીદ-વેચાણ દલાલો મારફત થતા. અલાઉદ્દીન ખલજીએ તેમના પર કડક અંકુશો મૂક્યા હતા તોપણ દિલ્હીનાં મોટાં બજાર તેમ જ અન્ય મુખ્ય શહેરોનાં મોટાં બજારોમાં ખરીદ-વેચમાં દલાલની જરૂર પડતી. એટલે તેમનો ધંધો પણ ધીકતો હતો. શરાફો પૈસાની લેવડદેવડ કરતા. તેમનો ધંધો મુખ્યત્વે ધીરધારનો હતો. તેઓ પણ આ ધંધામાં સમૃદ્ધ બન્યા હતા.

દિલ્હી તથા અન્ય મોટાં શહેરોમાં ઉપરોક્ત નાનકડા સમૃદ્ધ વર્ગ ઉપરાંત ઘણી મોટી સંખ્યામાં કારીગરો, મજૂરો, નાના વેપારીઓ, ફેરિયાઓ વગેરે પણ વસતા હતા, પરંતુ તેમના વિશે ઐતિહાસિક પુરાવા સાથેની માહિતી ઉપલબ્ધ નથી. આધુનિક યુગના આગમન સુધી સામાન્ય લોકોના જીવન વિશે ભાગ્યે જ ઉલ્લેખો છે. મધ્યયુગની કૃતિઓમાં રાજાઓ, સુલતાનો, ઉમરાવો, ઉપલા વર્ગ વગેરે વિશે વિશેષ માહિતી આપવામાં આવેલી છે.

## 34.9 ગ્રામ્ય જીવન (Rural Life)

સલ્તનત યુગમાં થોડા કારીગર વર્ગને બાદ કરતાં ગામડાની મોટા ભાગની વસ્તી ખેડૂતોની હતી. શહેરોની કાચા તથા પાકા માલની જરૂરિયાત ગામડાં પૂરી કરતાં. ખેડૂતો પર ભારે કરબોજ હતો તેથી તેઓને પોતાની ફસલ તુરત વેચી નાખવાની ફરજ પડતી. સમકાલીન લેખક ઝિયાઉદ્દીન બરનીના કથન મુજબ અલાઉદ્દીન ખલજી ઘણી સખતાઈથી મહેસૂલ વસૂલ કરતો તેથી દોઆબ પ્રદેશના ખેડૂતોને પોતાનું ઉત્પાદન તુરત સસ્તાભાવે વેપારીને વેચી નાખવું પડતું, જે વેપારી દિલ્હીની બજારમાં તે વેચીને વધારે દામ ઉપજાવતો. સલ્તનત યુગમાં ગામડાંના ભોગે શહેરો સમૃદ્ધ બન્યાં હતાં. ગામડાંની સ્થિતિ એકંદરે કંગાળ હતી. રાજ્યની ખૂબ મોટી સંખ્યા ગામડાંમાં વસતી હતી.

### 34.9.1 ખેડૂતો (Peasants)

સલ્તનત સમયમાં ગામડાંમાં વસનાર ખેડૂતોના મુખ્ય બે પ્રકાર હતા : (i) વધારે જમીન ધરાવનાર જમીનદાર ખેડૂતો જે ખોટ તેમ જ મુકાદમ તરીકે ઓળખાતા. તેઓ બહુધા રાજ્યના એજન્ટ તરીકે ગામડાંનું જમીનમહેસૂલ પણ ઉઘરાવતા. તેઓ સમૃદ્ધ હતા અને સારાં ઘરોમાં રહેતા. (ii) ઓછી જમીન ધરાવનાર નાના ખેડૂતો જે બલહાર તરીકે જાણીતા હતા તેઓ નાનાં ઝૂંપડાં જેવાં ઘરોમાં રહેતા અને ગરીબ હતા. નાના ખેડૂતોને રાજ્યને જમીનમહેસૂલ ઉપરાંત ખોટ તથા મુકાદમને ખાસ વેરો આપવો પડતો, જેથી તેમની પાસે ભાગ્યે જ કંઈ બચત રહેતી.

આ બંને વર્ગો ઉપરાંત મોટા જમીનદાર ખેડૂતોની જમીન ખેડનાર ખેતમજૂરનો વર્ગ પણ હતો. તેમની સ્થિતિ તદ્દન કંગાલ હતી અને તેઓ નાની ઝૂંપડીઓમાં રહેતા. તેમને વિશે વધારે વિગત પ્રાપ્ત થતી નથી.

ખેડૂત હળ અને બળદની મદદથી પોતાની જમીન ખેડતો. કૂવાના પાણીથી પોતાના પાકની સિંચાઈ કરતો. ખેતી જૂની પદ્ધતિએ અને જૂનાં સાધનોથી થતી. મુહમ્મદ તુઘલક ખેતીની સુધારણા માટે ખેડૂતોને તગાવી—લોન આપતો. સમકાલીન લેખક ઝિયાઉદ્દીન બરનીના જણાવ્યા પ્રમાણે ખોટ અને મુકાદમો રાજ્યનું મહેસૂલ અને પોતાના કર ખેડૂતો પાસેથી સખતાઈથી વસૂલ કરતા. આ ખોટ અને મુકાદમો કરમુક્ત જમીન ધરાવતા, એટલે તેઓ ખૂબ સંપન્ન બન્યા હતા.

ઝિયાઉદ્દીન બરનીના કથન મુજબ અલાઉદ્દીન ખલજીએ ખોટ અને મુકાદમોને પણ જમીનમહેસૂલ ભરવાની ફરજ પાડી તથા તેમને ખાસ વેરા વસૂલ કરવાની મનાઈ ફરમાવી. આથી તેઓ ગરીબ બન્યા અને તેમની પત્નીઓને મુસ્લિમોને ત્યાં ઘર-નોકરાણી તરીકે કામગીરી કરવી પડી. એ નોંધવું ઘટે કે ખોટ તેમ જ મુકાદમો હિન્દુઓ હતા.

પરંતુ સુલતાન ફિરોઝ તુઘલકના સમકાલીન ઇતિહાસકાર શમ્સે સિરાજ અફીફ ''તારીખે ફિરોઝશાહી''માં જણાવે છે કે સુલતાને ખોટ તથા મુકાદમોનું જમીનમહેસૂલ ફરી માફ કર્યું અને તેમને ફરી ખાસ વેરા વસૂલ કરવાની છૂટ આપી. આથી તેઓ ફરી સમૃદ્ધ બન્યા. તેઓ સુંદર અશ્વો પર સવારી કરતા, ભભકદાર પોશાક પહેરતા અને પાન ચાવતા. તેમની સ્ત્રીઓ સોના-ચાંદીના દાગીના પહેરતી અને કીમતી પોશાકો પહેરતી. તેમનાં ઘરો સુંદર રાચરચીલાથી ભરપૂર હતાં. ફિરોઝ તુઘલકની ઉદાર ખેડૂત નીતિને લીધે અને તેણે વધારાના કર રદ કરવાથી તથા તેણે ખેતીને ઉત્તેજન આપવાથી નાના ખેડૂતોની સ્થિતિ પણ સુધરી હતી અને તેઓ ખાતાપીતા થયા હતા તથા સુઘડ ઘરોમાં રહેતા હતા.

### 34.9.2 ખેડૂતોનાં રહેઠાણો, ખોરાક, પોશાક (The Dwellings of the Peasants)

વધારે જમીન ધરાવનાર સમૃદ્ધ જમીનદાર-ખેડૂતો-ખોટ-મુકાદમ વગેરે એક કે બે માળનાં સુંદર આવાસોમાં રહેતા હતા. તેમાં પૂરતા ઓરડા હતા તથા ધાતુનાં વાસણો સહિત વિવિધ પ્રકારનું રાચ-રચીલું હતું. મકાનની દીવાલો પર ગાયના છાણનું લીંપણ કરવામાં આવતું તથા તેમના પર રંગબેરંગી ચિત્રો દોરવામાં આવતાં. મકાનની આગળ વરંડા કે ઓટલો, ચોક, ચબૂતરો વગેરે રખાતા. રહેઠાણની બાજુમાં ફળ-ફૂલની નાની વાડી પણ રખાતી.

ઓછી જમીન ધરાવનાર નાના ખેડૂતોનાં રહેઠાણ વાંસ-ઘાસના છાપરાવાળાં બનેલાં નાનાં ઘર હતાં. તેમનું ભોંયતળિયું ગાયના છાણથી લીંપવામાં આવતું. દીવાલો પણ માટીની હતી અને તેમના પર ગાયના છાણનું લીંપણ થતું. તેમના ઘરમાં રાચરચીલું ભાગ્યે જ હતું. તેઓ જમીન પર સૂતા અને ચટાઈ કે રૂની ગોદડીઓ વાપરતા. તેઓ માટીનાં વાસણોનો ઉપયોગ કરતા. તેમના રહેઠાણમાં બે ઓરડાથી વધારે ઓરડા ભાગ્યે જ હતા. કુટુંબો સંયુક્ત હતાં એટલે તેમને ઘણી ભીડ ભોગવવી પડતી. તેઓ સ્નાન માટે કૂવા કે તળાવોનો ઉપયોગ કરતા.

સમૃદ્ધ ખેડૂતો વિવિધ પ્રકારનો ખોરાક લેતા તેમાં મીઠાઈ તથા ફળોનો પણ સમાવેશ થતો. તેઓ દૂધ, શાકભાજી, ઘી વગેરે છૂટથી વાપરતા, જ્યારે ગરીબ ખેડૂતોના ખોરાકમાં રોટલા, છાશ, કાંદા તથા મરચાં મુખ્ય હતાં. તેઓ ક્યારેક થોડા ઘીનો ઉપયોગ કરતા. તેમને માંડ માંડ બે ટંકનું ભોજન મળતું.

સમૃદ્ધ ખેડૂતો રેશમી તથા મુલાયમ સુતરાઉ કાપડનો ભભકદાર પોશાક પહેરતા અને બૂટ પણ પહેરતા, તેમની સ્ત્રીઓ કીમતી વસ્ત્રો પહેરતી તથા મૂલ્યવાન ઘરેણાં ધારણ કરતી. સમકાલીન લેખકના જણાવ્યા પ્રમાણે નાના હિન્દુ ખેડૂતો ઉઘાડે માથે અને ઉઘાડે પગે ફરતા. તેઓ નાની ધોતી તથા ટૂંકું ખમીસ પહેરતા. ગુજરાત તથા રાજસ્થાનના હિન્દુ ખેડૂતો માથે લાલ રૂમાલ બાંધતા. તેમની સ્ત્રીઓ સાડી તથા બ્લાઉઝ પહેરતી, જ્યારે દોઆબ પ્રદેશની સ્ત્રીઓ લેંઘો, કુર્તું તથા દુપટ્ટો ધારણ કરતી. ગુજરાત તેમ જ રાજસ્થાનની સ્ત્રીઓમાં પણ આ રિવાજ થોડા પ્રમાણમાં હતો.

## 34.10 રમતો અને મનોરંજન

ધાર્મિક ઉત્સવો અને મેળાઓ સામાન્ય લોકોના આનંદપ્રમોદ તથા સમાગમનાં મહત્ત્વનાં માધ્યમ હતાં. આમજનતાના એકધારા જીવનમાં યાત્રાધામોની મુલાકાત પણ તેમને આનંદ આપતી.

ભક્તિ આંદોલનના સંતકવિઓ કબીર, નાનક, ચૈતન્ય, નરસિંહ મહેતા, દાદુ દયાલ, રૈદાસ વગેરેએ લોકગીતો અને લોકકથાઓ મારફત ધર્મ તથા સમાજસુધારણા તો કરી, પરંતુ સાથોસાથ આવાં ધાર્મિક ગીતો અને કથાઓ મારફત તેઓએ લોકોને જીવનમાં અનેરો આનંદ આપ્યો તેમ જ પંથો અને જાતિઓ વચ્ચે એકતા સ્થાપીને નિર્મળ આનંદ તેમ જ પ્રેમભાવનાનું વાતાવરણ સર્જ્યું.

ભારતના પ્રત્યેક પ્રદેશને પોતપોતાના આનંદપ્રમોદનાં સાધનો, ગીતો તથા નૃત્ય-પ્રકારો હતાં. જાદુગરો, નટો વગેરેના ખેલ હાલમાં પણ લોકપ્રિય છે. સ્થાનિક નાટકો પણ લોકઘડતર અને લોક-મનોરંજનનાં અગત્યનાં સાધનો હતાં. ભવાઈ તથા રામલીલા આનંદપ્રમોદના ખૂબ લોકપ્રિય પ્રકારો છે. રાજસ્થાન તથા સૌરાષ્ટ્રના ભાટ-ચારણો વીરતાભરી કથાઓ ગદ્ય-પદ્યમાં કરતા, જેનાથી લોકોને આનંદની સાથે પોતાની પુરાણી સંસ્કૃતિની ઝાંખી થતી. બંગાળમાં પાંચાલી જેવી ધાર્મિક પુસ્તિકામાંનું મૌખિક ગાયન લોકોને મનોરંજન પૂરું પાડતું.

શહેરો તથા ગામડાંમાં કુસ્તી ખૂબ લોકપ્રિય હતી. ઉમરાવોમાં પોલો (ચૌગાન), ભાલાફેંક, અશ્વોની હરીફાઈઓ, તલવારોની પટ્ટાબાજી વગેરે રમતો ખૂબ પ્રચલિત હતી.

### 'તમારી પ્રગતિ ચકાસો' – ગ

1. સલ્તનત યુગમાં વેપારીઓની જીવનપદ્ધતિ વિશે આઠ વાક્યો લખો.

2. સલ્તનત યુગના ગ્રામજીવન વિશે 60 શબ્દો લખો.

3. સલ્તનત યુગના સમૃદ્ધ ખેડૂત-જમીનદારોની જીવનપદ્ધતિનો ખ્યાલ આપો. (10 લીટીઓ)

4. સલ્તનત સમયની મનોરંજનની રીતોનું 70 શબ્દોમાં વર્ણન કરો.

5. નીચેના પ્રત્યેક વિશે ચાર ચાર વાક્યો લખો :

(i) ખંભાત

(ii) શાહુકાર

(iii) ખોટ

(iv) ઝિયાઉદ્દીન બરની

## 34.11 સારાંશ

સલ્તનત સમયમાં નવો પરદેશી શાસક વર્ગ (તુર્કો, અફઘાનો વગેરે) આવતાં રાજ્ય તથા સમાજ પર તેમનું વર્ચસ્વ સ્થપાયું. ઉમરાવો અને ઉલેમાઓ રાજ્ય તેમ જ સમાજમાં મહત્ત્વનું સ્થાન ભોગવતા. તેઓ ખૂબ વૈભવી જીવન જીવતા. સુલતાનોની માફક ઉમરાવો પણ મોટી મહોલાતોમાં રહેતા, મોટા ખિતાબ ધારણ કરતા, ભોજન-સમારંભો ગોઠવતા, તથા હાથીઓ તેમ જ અશ્વોનો મોટો કાફલો રાખતા. હિન્દુ સમાજ જ્ઞાતિઓમાં અને મુસ્લિમ સમાજ વર્ગોમાં વિભાજિત હતો. સામાન્ય લોકો ગરીબીમાં જીવતા તથા ખેડૂતોની સ્થિતિ અસંતોષકારક હતી. વેપારીઓ સુખી હતા.

સુલતાનો તથા ઉમરાવો નોકર-ચાકર અને ગુલામોનો મોટો કાફલો રાખતા. ગુલામોને શાહી કારખાનામાં તેમ જ સુલતાનોના રખેવાળ રક્ષકો તરીકે નિયુક્ત કરવામાં આવતા. હિન્દુ તેમ જ મુસ્લિમ સમાજમાં સ્ત્રીનું સ્થાન નીચું હતું. સુલતાનો, ઉમરાવો તેમ જ ઉપલા વર્ગમાં બહુપત્નીત્વ સામાન્ય હતું. હિન્દુ સ્ત્રીને મિલકતના અમુક હક હતા. હિન્દુ સ્ત્રીઓમાં ઘુંઘટ તથા મુસ્લિમ સ્ત્રીઓમાં બુરખાનો રિવાજ હતો. શહેરી જીવન સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ હતું. પરંતુ ગ્રામ જીવન ગરીબ અને અગવડભર્યું હતું. લોકો વિવિધ રીતે આનંદ તથા મનોરંજન મેળવતા.

## 34.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' – ક**

1. વિભાગ : 34.3 જુઓ.
2. વિભાગ : 34.4 જુઓ.
3. (i) વિભાગ : 34.1 જુઓ.
   (ii) વિભાગ 34.2.2 (i) જુઓ.
   (iii) વિભાગ 34.2.2 (iii) જુઓ.
4. વિભાગ : 34.2, 34.3 તથા 34.4 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' – ખ**

1. વિભાગ : 34.5 જુઓ.
2. વિભાગ : 34.6 જુઓ.
3. વિભાગ : 34.7 જુઓ.
4. (i) વિભાગ : 34.5 જુઓ.
   (ii) વિભાગ 34.6 જુઓ.
   (iii) વિભાગ 34.5 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' – ગ**

1. વિભાગ : 34.8 જુઓ.
2. વિભાગ : 34.9 જુઓ.
3. વિભાગ : 34.9.1 જુઓ.
4. વિભાગ : 34.10 જુઓ.
5. (i) વિભાગ : 34.8 જુઓ.
   (ii) વિભાગ 34.8 જુઓ.
   (iii) વિભાગ 34.9.1 જુઓ.
   (iv) વિભાગ 34.8 34.9 34.9.1 જુઓ.

## 34.13 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઉલેમા** : મુસ્લિમ ધર્મગુરુ.

**દરબાર** : સુલતાનની રાજકચેરી.

**હેરમ** : જનાનખાનું.

**દસ્તુરબંદન** : ન્યાય અને કાયદા સાથે સંકળાયેલ ઉલેમાનો વર્ગ.

**હદીસ** : મુહમ્મદ પયગમ્બર સાહેબનાં વચનો અને ઉપદેશો.

**ટંકા** : સલ્તનત સમયનો ચાંદીનો સિક્કો.

**ઈક્તા** : સલ્તનત સમયમાં પ્રાંતને મળતું રાજકીય એકમ.

**હવેલી** : ઉમરાવોની મોટી મહોલાતો.

**અરિઝ-ઈ-મુમાલિક** : લશ્કરી ખાતાનો વડો.

**સંસ્કાર** : હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલા જન્મથી મૃત્યુ સુધીના 16 સંસ્કારો (વિધિઓ).

**ઉપનયન** : બાલ્યવયમાં અમલમાં મૂકવાનો એક હિન્દુ સંસ્કાર, શરૂઆતમાં તે બાળકના શિક્ષણના પ્રારંભનો સૂચક, પછીથી તે (દ્વિજ) જનોઈ વિધિનો સૂચક.

**શરાફ** : પૈસાની લેવડદેવડ-ધીરધાર કરનાર.

**બલહાર** : નાના ખેડૂતો.

**ખોટ** : મોટા જમીનદાર ખેડૂતો તથા સરકારી મહેસૂલ ઉઘરાવનાર સરકારી એજન્ટો.

**મુકાદમ** : મોટા જમીનદાર ખેડૂતો તથા સરકારી મહેસૂલ ઉઘરાવનાર સરકારી એજન્ટો.

**ચૌગાન** : ઉમરાવોમાં પ્રચલિત પોલોની રમત.

# કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. Prof. K. A. Nizami
*Religion and Politics during the 13th Century*
2. Basham A. L.
*Cultural Heritage of India*
3. Yusuf Husain Khan
*Glimpses of Medieval Indian Culture*
4. Tarachand
*Influence of Islam on Indian Culture*
5. Percy Brown
*Indian Architecture : Islamic Period, Indian Paintings*
6. R. Nath
*History of Sultanate Architecture*
7. Ashraf K. M.
*Life and Conditions of the People of Hindustan*
8. Dr. R. C. Majumdar (ed.)
*Delhi Sultanate* (Relevant Chapters)
9. ડૉ. છોટુભાઈ નાયક
*મધ્યયુગના ભારતનો ઈતિહાસ*
ભાગ-1-2 ગુજરાત યુનિ. પ્રકાશિત (સંબંધિત પ્રકરણો)

# 이력

# નોંધ